બનામે ખુદા.

ખુદાપર સબર.

નાટક ત્રણ અંકી.

(આવૃત્તિ બીજી)

રચીને પ્રગટ કરનાર:—

રતનજી ફરામજી શેઠના

તે

જ્ઞાનચક્ર અને ગુજરાતી સાઇક્લોપિડીઆનાં ૯ વૉલ્યુમ પાકજાદ પરીન,
રમતાપંખી, કાયાની લોહી, દીનદાર દીના, હોમલુ હેમલેટ,
ફેશનના ગુલામ, ખુશરો—શીરીન, ગુલખુશરો, યારબાજ,
રંગમાં ભંગ, રોશન ચેરાગ, જલતું જીગર,
ગેરીઆ બેજાર વગેરે નાટકો અને આટને
અકબરી, લૉર્ડ બેકનના નિબંધ, જેપાન
જેપાનીઝ, સંજ્ઞાદર્શક કોષ,
પોશાકની ફેશન વગેરેના કર્તા.

મુંબઈ.

બનામે ખુદા.

ખુદાપર સબર.

નાટક ત્રણ અંકી.

ધી ન્યુ. આલીવાલા ડ્રેમેટીક કું૰

(આવૃત્તિ બીજી.)

રચીને પ્રગટ કરનાર:—

રતનજી ફરામજી શેઠના

તે

જ્ઞાનચક્ર યાને ગુજરાતી સાઇકલોપિડીયાનાં ૯ વોલ્યુમ પાકજાદ પરીન,
રમતાપંચી, કીયાની લોહી, દીનદાર 'દીના, હોમલુ હેમલેટ,
ફેશનના ગુલામ, ખુશરો—શીરીન, ગુલખુશરો, યારબાજ,
રંગમાં ભંગ, રોશન ચેરાગ, જલતું જીગર,
બૈરીથી બેજાર વગેરે નાટકો અને આઇને
અકબરી, લોર્ડ બેકનના નિબંધ, જેપાન
જેપાનીજ, સંજ્ઞાદર્શક કોષ,
પોશાકની ફેશીન વગેરેના કર્તા.

મુંબઇ.

આવૃત્તી બીજીની પ્રસ્તાવના.

—:*:—

નાટક તખતાપરથી દુનિયાદારીનાં અનેક પ્રકારનાં દેખાવો જુદે જુદે રૂપે એકી વખતે સામટાં નજર સામે ખડા કરી બોધપાઠ આપી શકાય છે. મારા લખેલા નાટકો મે માત્ર શોખની સેવાવૃત્તિથી લખેલા હોવાથી તેમાં રજુ કરવામાં આવતા દેખાવો ખરેખરા બનતા હોય તેવો ભાસ આપે એવાં યથાશકિતથી ચિતારવાની હું કોશીષ કરૂં છું.

પાકજાદ પરીન ખેલ ન્યુ **બાલીવાલા થીએટ્રીકલ** કુંપનીના કસાયલા સ્ટાફની મદદથી શેઠ દારાબશાહ ખરાસે તમાશબીનોનાં ચાલુ ઉત્તેજનથી અનેક વખત સ્ટેજ કરવાની ફતેહમંદ કોશેષ કરવાથી, જે ઉત્તેજન અને જશ મલ્યો, તેથી ઉત્તેજીત બની મારો બીજો ખેલ ખુદાપર સબર પણ આ પ્રસંગે સ્ટેજ કીધો છે.

ઈ. સ. ૧૯૧૫ ના મેહે માસમાં મરહુમ શેઠ બાલીવાલાની વીકટોરીયા નાટક મંડળી આ ખેલ સ્ટેજ કરી શકી હતી; કેમકે તે વેળા મરહુમ હોરમસજી તાંતરાની માલેકી તળે એ કુંપની હોવાથી તેમને કલકત્તે જવાની અનિવાર્ય ફરજ પડી. ખુદાપર સબરના ફકત ત્રણ પ્રયોગ રજુ કરી કુંપની ઉપડી જવાથી આ ખેલ મુંબઇ તખતાપર રજુ કરવાનો ફરી પ્રસંગ બનડયો નહોતો. હાલમાં **સંગીતરત્ન બાહ્ય મુન્નાબાકની** શામેલગીરી અને ઉત્તેજનથી ફરી આ ખેલ સ્ટેજ થાય છે.

આ ખેલનો પ્લોટ ઘણો દિલજીત પુરવાર થવાથી મેસર્સ માદન થીએટ્રીકલ સીનેમા લીમીટેડે ઇ. સ. ૧૯૨૯ માં એપરથી પારસી સંસારી ફીલમ "અકકલમંદ બેવકુફ" નામે ઉતારી, એજ સાલમાં ૭ મી સપ્ટેંબરે મુંબઇના વેસ્ટ એન્ડ સીનેમા થીએટરમાં બતાવી હતી. તેમજ આ ખેલ પરથી ઉરદુ જબાનમાં **વીર બાળક** નામે ખેલ લખાવી માદન થીએટ્રીકલ કંપનીએ દેશદેશાવર અને મુંબઇના સ્ટેજપર ભજવી બતાવ્યો હતો.

એમાં આમેજ કીધેલો ફાર્સ વટીક મુંબઇમાં ઇ. સ. ૧૯૩૦ નાં માર્ચમાં યુનાઇટેડ આરટીસ્ટનાં કુશળ એમેચ્યુર બીરાદરોએ મી૦ હયરતની કલમથી લખાયલો 'વેહેમના બારદાન' નામે હાસ્યરસ નાટક તરીકે સ્ટેજ

કીધો હતો; જો કે મારા મિત્ર મી૦ હયરતે આ ખેલ મરાઠી ખેલપરથી સ્વતંત્ર રીતે ઉપજાવી લખી સ્ટેજ કીધેલો કહેવાય.

આ ખેલમાં શામેલ કીધેલાં ૧૬ ગાયનોમાંના લગભગ ૧૨ ગાયનો તદ્દન નવાં જોડેલાં છે; એમાં ચાર ગાયનો ખાસ સંગીતકાર બાઈ મુન્નીબાઈની કુશળ કલમથી જોડાયલાં રજુ થાય છે. એમના આ જોડેલાં ગાયનો ખુદ તેવણ પોતે ગાઈને રજુ કરનાર હોવાથી તેને પુરતો ઇનસાફ મળી રહેશે.

ટુંક મુદ્દતની તાલીમમાં આ ખેલ રજુ કરવા માટે તેના કાર્યવાહક મી૦ મનચેરશાહ પીંહોચખાનાવાલાં તથા મી૦ ફરામરોજ લેલીનવાલાની જેહેમત અને મેહેનતને જશ મળશે-એવી આશા રાખું છું.

લી૦ સેવક,

રતનજી ફરામજી શેઠના.

ખંભાલા હીલ-ગૉર્ડન રોડ.
૨૧-૩-૧૯૪૦.

CAUTION:—

ચેતવણી:—

ખુદાપર સબર.

૧ લી આવૃત્તીની પ્રસ્તાવના.

વિકટોરીયા નાટક મંડળીના કરવૈયા એકટરો અને એકટ્રેસોથી 'પાકદામન પરીન'નો મારો ખેલ પ્રસિદ્ધતામાં આવ્યા પછી, 'દીનદાર દીના' અને 'કિયાની લોહી' ખેલો એજ મંડળી મારફતે ભજવાયાં હતા, અને આ ચોથો ખેલ 'ખુદાપર સબર' પણ એજ પુરાણી, પારસી માલેકી અને મુખ્ય ભાગે પારસી એકટરોથી સજાયલી, કુંપનીને હાથે ભજવવા માટે હું ભાગ્યશાલી થયો છું.

મરહુમ શેઠ ખુરશેદજી બાલીવાલા પછી આ કુંપનીને ફરી તેરવવાનો સહાસ મી૦ હોરમસજી શાપુરજી તાંતરાએ જે માથે ઉઠાવ્યો છે, તેમાં દરેક નાટકના શોખીન તમાશબીન તેમને બેશક ફત્તેહ સાથે જશ ઇચ્છશે. મી૦ હોરમસજી તાંતરાએ દાહેકાઓ સુધી ઉપલી કુંપનીના ડીરેકટર તરીકે કામ બજાવી સંખ્યાબંધ નવા ખેલો સ્ટેજ કીધાં હતા, અને હાલમાં તેજ કામ એજ કુંપનીના લોકપ્રિય થયલા એકટર મી૦ રૂસ્તમજી નવરોજી સચીનને સોંપવામાં આવ્યું છે, અને તે મુજબ એ ભાઇએ ચાલુ સખત મેહેનત પછી માત્ર એક માસની ટુંક મુદતમાં આ મારો ખેલ સ્ટેજ કરવાની જે કોશેસ કરી છે તેમાં હું તેમને ફત્તેહ ઇચ્છું છું.

'ખુદાપર સબર' ખેલ મારી કાલ્પનિક (ઓરીજીનલ) શકિતનું પરિણામ નથી, પણ ઇ. સ. ૧૯૧૪ માં મારા જોવામાં આવેલા જાણીતા ઇંગ્રેજી ખેલો ઉપરથી મારી શકિત મુજબ મે અસલ 'પ્લૉટ'ને કાયમ રાખી સીને સીન નવાજ બનાવો આમેજ કરી લખી કાઢયો છે. તેમજ એમાં દાખલ કરેલો વેગળો ફાર્સ ઇ. સ. ૧૯૦૮ માં જ્યારે પાકદામન પરીન સ્ટેજ થવાનો હતો તે વેળા તેમાં દાખલ કરવા મે લખ્યો હતો; પણ પાછળથી 'પરીન'ના પ્લોટને અનુસરતો બીજો ફાર્સ તે ખેલમાં દાખલ કરવાથી મારો પુરાણો લખેલો ફાર્સ 'ખુદાપર સબર'માં દાખલ કરવાની તક મે રહી રહીને સાત વર્ષ પછી હાથ ધરી છે.

રતનજી ફરામજી શેઠના.

તા૦ ૧૫ મી મે ૧૯૧૫.

ખુદાપર સબર.

નાટકનાં ગાયનો.

૧ લું ગાયન—પાનું ૧ લું.

ગાનારી—

ગુલોંસે બુલબુલોંકા મીલના ઝુલના દેખો પ્યારી
કયાહી ચમનમે બહાર હય? એ એ એ એ એ.
પ્યારી બાદે બહારી કયારીમે હય ગુલકારી
ફુલી ફુલી ફુલવારી, રંગત હય પ્યારી પ્યારી.—કયાહી.

શેઅર.

હય નાઝ ગુનચોમે, હય શોકી નઈ હય ફુલોમે,
બહાર ઝુલેં હય, બાદે સબાકે ઝુલોમે.
સોસનભી જોબન દીખાતી ખડી હય,
નરગીસકીભી આંખે ઇસસે લડી હય,
હસતી હય ખીલકર કલીયાં, કરતી હય સબ રંગ રલીયાં.
હર ગુલ હય રંગતવાલા
લાલા હય ભોલા ભાલા.—કયાહી.

૨ જું ગાયન—પાનું ૩ જું.

દિલમે ખ્યાલ આંખોકા લાયા ન જાયગા,
મયખાના ગર સનમકા બનાયા ન જાયગા.
ગમજે તેરે હજાર હય, કાતિલ ઉઠાઉંગા,
ખંજરકા તેરે બાર, ઉઠાયા ન જાયગા.
દોજખને મુજકો દેખકે માલિકસે યૂં કહા,
મુજસે તો એ ગરીબ જલાયા ન જાયગા.
કયૂં તોડતી હય યાસ મેરે, દિલકા આસરા,
એ ઘર ઉજડ ગયા તો, બસાયા ન જાયગા.

(મળેલું.)

૩ જું ગાયન—પાનું ૧૧ મું.

મેહેરાં—

અરે ઇનસાન ન રહે ગાફીલ, સમય વ્યર્થ જાય છે,
એ દિનની છે આ મહેફીલ.—સમય વ્યર્થ જાય છે—
અરે ઇન્સાન.
જગતના લોભને છોડી, માયાના બંધને તોડી,
કર આસાન તે માર્ગ મુશ્કીલ.—સમય વ્યર્થ જાય છે—
અરે ઇન્સાન.
જીવન થોડું સમય થોડો, ઘડી કે બે ઘડી ગોડો,
યાદ કર આખિર મંઝીલ.—સમય વ્યર્થ જાય છે—
અરે ઇન્સાન.

(રચનાર—સંગીતકાર બાઇ મુન્નીબાઇ.)

૪ થું ગાયન—પાનું ૧૬ મું.

એમી—

એખલી કરૂં તેનો હું વિચાર.—એખલી.
તનમન નિવારી તે યાદ પિયારી,
શોધું કહાં હું મુરાદ મારી?......કરૂં.
દિલ દીધું તનમન વારી,
વચન આપી દિલ નિવારી......કરૂં.
ચિત્તમન ગુમાવી, તે પ્રિતમાં તારી,
જોવું કહાં હું સુરત ત્હારી?......કરૂં.
કીધું મન તેં, વશજ મારૂં,
વચન નિભાવી મન નિસારી......કરૂં.

૫ મું ગાયન—પાનું ૨૨ મું.

કુંવર—

હું તો ફસી બિચારી, એના લખ્ખનને જોઇ બેહેન.—
લખ્ખનને જોઇ.
કોઇ ફસતાનાં પરણી, મનગમતાને,
સાંધી બેહેન ભુંડાની સોડ.

માઠાં વચન બોલીને છેતરી,
સાંધી બીજીની સોડ બેહેનડી
નાહની મને બાળા સમજે,
છેતરે છે એ રોજ બેહેન
ભુંડાની સોડ.—બેહેન.

૬ ઠું ગાયન—પાનું ૩૪ સું.

રૂસી—વેહેમઇ બૈરીપર શકમંદ
બનીયા અકકલના (છો) મંદ
ખાશો છકકર કોઇ દન
છોડો એવા એ ઢંગ.

અદી—નારીને ચહાય તે છકકર ખાય
પ્યારી જો કહે તો નહાસી જાય
મળે તકતો બીજાને ચહાય
નહિ વિશવાસ એનો થાય.

રૂસી—અકકલના દુમશન એવાજ હોય
પણવા અગાઉ જે શકથી જોય
ભેજામાં જેના અકકલ હોય
નહિ તે વેહેમી નજરે જોય.

અદી—અકકલ છે મુજમાંને હું તો પારખુંછ નાર
ચાલ ચલગત પારખી પછી બનુ શીકાર.
રહીશું બેઉ ત્યાર મળીને સાથ
શોધીને એક મેકની કંઇ જાત
કોઇ કહેશે એતો વેહેમી કજાત
મુજને નથી (તેની) પરવા જરાક.

૭ મું ગાયન—પાનું ૩૯ મું.

મેહેરાં—

પ્રેમે મનાઉં રીઝાઉં સાજન,
દિલદાર તણી દાસી છું હૂં.—પ્રેમે૦
પ્રેમાળ મલ્યો જેને ભરથાર,
સુખી થશે તેનો સંસાર;—પ્રેમે૦
સ્નેહની નાવમાં સાથે ફરસું,
સંસાર સાગર ઉમંગે તરસું—પ્રેમે૦
હરસું ફરસું સુખથી, કરસું
આ ભવપાર પાર, પાર.—પ્રેમે૦
(રચનાર—સંગીતકાર બાઇ મુન્નીબાઇ.)

૮ મું ગાયન—પાનું ૪૯ મું.

દોલી—

ગાવો ખુશી થઇ રંગમા રે આજ.—ગાવો.
લાગ ફાવતાં ગજવાં ચાંઉ કરવા, રે કાજ.
સાહુકાર બની ફરીયે હાઉ કરવા,
ઇંડા ઉછાળતાં, કેળાંભી ખાતાં,
મીઠાઇ ચથરતાં, ફરીયે પમરતાં,
રંગીલા ફરીયે ઢંગ રંગમા રે આજ.—ગાવો.

કામકાજમાં કંઇકનું ચાંઉ કરતા,
તફરમચીમ સધર હાઉ કરતા,
હુન્નર અજમાવતાં, નામનાં ફેલાવતાં,
ગજવાં કાતરતા, નથી શરમાતા,
ભમીયે હમે તો ખુશ ઢંગમારે આજ.—ગાવો.

૯ મું ગાયન—પાનું ૫૪ મું.

તુરાબખાં—

મજુદે મલાયક હું મય આદમ, કીસકો તુજને સીજદા કીયા
બુતમે દેખા કયા હય તુજમે, તુજમે હય ખુદ જાતે ખુદા.
ખુદીકા પરદા અયસા છાયા, દિલપર તેરે અય ગાફીલ
ફુટ ગઇ જબ દિલકી આંખે, નજર ન આયા તુજે ખુદા.
ચારો અનાસર, તેરે અંદર, પાંચવા જાતે તુજમે નુર
જાનો જહાં સબ તુજ દિલ મે હય, તુજસે બેહેતર હય વ્હાં કયા?
ચાંદ સુરજ સબ તેરે ખાતર, ખીજમતગાર બનાયા હય
અબતક તુને ઉસે ન જાના, જીસને અયસા તુજકો કીયા.
નબી વલી ઔર ઐસો કુતબ સબ, હામી જામીન નફસકે હય
નફસકા બંદા બના જો કોઇ, અછા ખાસા બુત બના.

૧૦ મું ગાયન—પાનું ૬૨ મું.

વીકો, દોલી—દુખો સુખોનાં સાથી મારા, આયો બુરો પ્રસંગ
જોયા વગર ચેન પડે ન એકદિન, સાથી હતા દિલસોજ
તુજ વીન ચેન પડે નહિ મુજને, ખમે એ
દિલ કેમ રંજ?—દુખો.

દો—સુખની આશા છે આ મનમાં, ટળે ગરીબી સહુની
વી—સુખ સંપતતે દાતા દેશે, રંજનો બદલો ગંજ.—દુખો.

૧૧ મું ગાયન—પાનું ૬૬ મું.

વીકો—

ભુલું કેમ ચાહના?
ખમું જુદાઇ જાયના.—ભુલું.

આગલી યાદ એકલ તનમન, જાન સમાયના
તહારી સુરત કહાં હું દેખું? અનન્ત ચહાયના.—ભુલું.
અનાથના તાત, તુંહીં પરવર, જાન ન માયના
નિરાધારપર કર તું કરમ, દાન કરાવનાં—ભુલું.

૧૨ મું ગાયન—પાનું ૭૭ મું.

કુંવર—તમે જુઠો જગાડો ઝગડો વેહેમથી, એ હું તો જાણું?
ફરામ—છુપો માટી સાંતિને ઘેરમાં લાવો,
છુપાં છુપાં મલીને દિલ બહેલાવો,
ખુલ્લી આંખે તેને જોઇ, કહો માનોનાં આ કોઇ?
અદી } —હમે છઇએ બચ્ચાં જેવારે, ઓ વેહેમી ભેજાં વાલા
કુંવર } તમો જોઇ વિચારી બોલોરે, બનતે છે ઇજ્જતવાલા.
અદી—નિરદોશને દોપીત ગણુશોતો જરૂર તમે પસતાસો.
ફરામ—કાળાં ધોળાં છોડીદો નહિતો જેલ બનત્રાએ જાશો.
મુગા મુગા ગગડી રેહવો નહિતો ખાસો એક તમાચો.

૧૩ મું ગાયન—પાનું ૭૯ મું.

મેહેરાં—

બાળકની છે મામતા સંસાર સુખ અપાર
બાળકવિન સુની દુનિયા, સુનો છે વેહવાર.—
બાળકનો પ્રેમ છે જીવન સુખ સંસાર
બાળક વિન લાગે સારી આ જીંદગી અકારી;
સુનો ઘરબાર.—
પરવર તણા આશિસ ત્યાં, જ્યાં સંપ છે સમાન
ધન ભાગ્ય તે માબાપનાં, જ્યાં હોય સુપુત્ર સંતાન.—

(રચનાર—સંગીતકાર બાઇ મુન્નીબાઇ.)

૧૪ મું ગાયન—પાનું ૮૮ મું.

મેહેરાં—

પરવર છે દિન દયાળ
કીધી નવાઝીશ તારી,
હું થઇ નેહાલ.—
સર ઝુકાવી અહેસાન માનું
બક્ષ્યો તેં મુજ બાળ.—

(રચનાર—સંગીતકાર બાઇ મુન્નીબાઇ.)

૧૫ મું ગાયન—પાનું ૯૪ મું.

ચાંદન-દોલી—

ઉંચો દારૂ મીઠો દારૂ પીઉં હૂં નહિ કાંય?
તું કદરનો બેટો મારો, યાદ રાખીને પાય?
ઓવરઇ જાઉં દારૂ પીઉરે.—

દોલી—ચાહી ચિંતીને લાયો મીઠો વાઇન તમારે કાજ
નાચી કુદીને રડી હસીને બને તું ખુશમીજાજ
ઓવરઇ જાઉં દારૂ પીઉરે.—

ચાંદન—જાત સજાતનો તું તો મારો બેટો કદરદાન
જીવતાં જીવત ચાલી હું તો બેહેસ્તને મુકામ
ઓવરઇ જાઉં દારૂ પીઉરે.—

૧૬ મું ગાયન—પાનું ૯૮ મું.

ફરામ } — સહૂ નાર ભલી નેકનામ ખરી, જેને ચહાય સદા દરેક
એમી } — હર એકથી ભલાઇ કરશે નારી, નિતિવંત અનેક.

ફરામ—હમો માટીડા લોક, છિયે સાહેબ શેખ!
પણ બૈરૂં જોઇ શરમાય!
જો ચાહે એક તો નહિં બાજીને ચહાય!

એમી—ખુશ ખુશાલી ભરી જેની ખુબીવંતી નાર
રહે સુખમાં હમેશ, લાયક પામે જે નાર!

ફરામ—હમો માટીડાનું રાજ, ચાહે દરેક નેક નાર
જ્યાં વેહેમનુંજ રાજ, ત્યાં ભાંગે સંસાર!

બનામે ખુદા.

ખુદાપર સબર.

નાટકના પાત્ર.

૧ જેહાંગીર દાદીશેઠ—એક ખાનદાની ગ્રહસ્થ.
૨ મેહેરાં—જેહાંગીરની મોહરદાર.
૩ શાપુર—એક ખાનદાની પણ બુરી સોહબતે બગડેલો શખસ.
૪ બાનુ—શાપુરની મોહરદાર.
૫ મંચી મકકારો—અપ-ટુ-ડેટ લોફર. દિવસે સાહુકાર, રાત્રે ચોર.
૬ ચાંદન—મંચીની બેહેન.
૭ ડૉ૦ નોશીર—એક ડોકટર.
૮ જમસો } મંચીના દોસ્તો.
૯ તુરાબખાં } મંચીના દોસ્તો.
૧૦ દોલી—જેહાંગીરનો બેટો.
૧૧ વીકો—નાવારેસ બાળક. (શાપુર અને બાનુનો તજનયલો બેટો.)
૧૨ હીરજી—એક નોકર.
૧૩ ફ્રામરોજ—એક ગૃહસ્થ. વેહેમનું ૧ લું બારદાન.
૧૪ કુંવર—ફ્રામની મોહરદાર. વેહેમનું ૨ જું બારદાન.
૧૫ અદી—એક જુવાનાયો. વેહેમનું ૩ જું બારદાન.
૧૬ એમી—અદી સાથે અદરાયલી.
૧૭ સુના—ફ્રામરોજના ઘેરમાંની ચાકરડી.
૧૮ મકીઆઇ—એમીની માસી.
૧૯ ગુલી—ફીરોજ ફોજદારની ચાકરડી.
૨૦ રૂસી—અદીનો દોસ્ત.
૨૧ શેહેરીયાર—ઇરાની નોકર.

તે ઉપરાંત

નોકરો, ગાનારી, સીપાઇઓ, ગેંબલર્સ કલબના મેમબરો વગેરે.

સ્થળ

મુંબઇ—દાદર.

રતનજી ફરામજી શેઠનાનાં
રચેલાં પુસ્તકો.

૧. પાકજાદ પરીન (નાટક) નવી આવૃત્તી.
૨. દીનદાર દીના (નાટક)
૩. કીયાની લોહી (નાટક)
૪. રમતા પંચી (નાટક)
૫. ખુદાપર સબર (નાટક)
૬. ગુલખુશરો (કીયાની નાટક)
૭. હોમલુ હેમલેટ (નાટક)
૮. જલતું જીગર (નાટક)
૯. રોશન ચેરાગ (નાટક)
૧૦. સહનશિલ પીરોજા (નાટક)
૧૧. ખુસરો શિરીન (કીયાની નાટક)
૧૨. યારબાજ (નાટક)
૧૩. રંગમાં ભંગ (નાટક)
૧૪. તુમાખીતોર—ઔરત સરજોર (કીયાની નાટક)
૧૫. બેરીથી બેજાર (નાટક)
૧૬. ફેશનનાં ગુલામ (નાટક)
૧૭. જાપાની ભાષા—મરાઠીમાં.
૧૮. જેપાની શિક્ષક—ગુજરાતીમાં.
૧૯. ચાઇનીજ ટેલ્સ—વાર્તા.
૨૦. હક્કદારનો હક્ક—વાર્તા.
૨૧. સુંદર હેલન—વાર્તા.
૨૨. જ્ઞાનચક્ર પુસ્તક ૧ લું.
૨૩. જ્ઞાનચક્ર પુસ્તક ૨ જું.
૨૪. જ્ઞાનચક્ર પુસ્તક ૩ જું.
૨૫. જ્ઞાનચક્ર પુસ્તક ૪ થું.
૨૬. જ્ઞાનચક્ર પુસ્તક ૫ મું.
૨૭. જ્ઞાનચક્ર પુસ્તક ૬ ઠું.
૨૮. જ્ઞાનચક્ર પુસ્તક ૭ મું.
૨૯. જ્ઞાનચક્ર પુસ્તક ૮ મું.
૩૦. જ્ઞાનચક્ર પુસ્તક ૯ મું.
૩૧. જેપાન અને જેપાનીજ.
૩૨. ફોટોગ્રાફી.
૩૩. કાચકામનો હુન્નર.
૩૪. સંજ્ઞા દર્શક કોષ.
૩૫. મેસમેરીઝમ.
૩૬. સામાન્ય હુન્નરજ્ઞાન.
૩૭. આઇને અકબરી.
૩૮. લૉર્ડ બેકનના નિબંધો.
૩૯. પોશાકની ફેશિન.
૪૦. મેરી કોરેલીના નિતિવચનો.

ગાયનોનું અનુક્રમ.

❀ બનામે યજદાન. ❀

રતનજી ફરામજી શેઠના કૃત

ખુદાપર સબર.

નાટક ત્રણ અંકી.

અંક ૧ લો—પ્રવેશ ૧ લો.

સ્થળ—સણગારેલું દીવાનખાનું.

રચના—

[સણગારેલું દીવાનખાનું, વચમાં પાછળ બગીચામાં પડતી ગેલેરી, ડાબા તરફ બાગમાં ઉઘડતી બારી, જમણી તરફ દાખલ થવાનું બારણું, સાદું ફરનીચર. શાપુર પોતાના દોસ્તો સાથે ખાણીપાણી કરતો દેખાય છે.

ગાયન.*

શાપુર—ચલાવો કંઇ વધુ ગાયનો લલકારો કે મનને રાહત ને તનને તાજગી મળે.

ગાયન.

૧ દોસ્ત—શાપુર, અમે કંઇ અત્રે મલ્યાછ તે ખાઇ પી તારી વર્ષગાંઠની પારટી લઇ ખાલી હાથે ઘેરે જવા નથી મલ્યા? કાંઇ કામ કરવા, કાંઇ રોજીરજકના રસ્તા સોધવા સાથે મલ્યાછ.

---

* ખુદાપર-સબરનાં સામટાં ગાયનો વાંચનારાઓની સગવડ ખાતર શરૂઆતના પાનાઓમાં છાપવામાં આવેલાં છે. અહીંથી આખો નાટક સીલ સિલાબંધ છપાયલો છે.

૨ દોસ્ત—તું તારૂં મકાન આપણી ટોળી માટે વાપરવા હમેશાં આપેછ ખરો, પણ આપણા કામમાં ભાગ લેવા સાથે ભાગે પડતો જોખમ પણ તુંને ઉઠવવો જોઇએ.

શાપુર—તમો બીરાદરો મારાથી હિમ્મત ભર્યાં કામોની આશા રાખોછ, પણ મારામાં તેવી હિમ્મત હવે રહી નથી.

૩ દોસ્ત—હિમ્મત કયાંથી રહે? જ્યારથી તેં તારે હાથે જોતરૂં ઓરી લીધું, ત્યારથી તું નાહિમ્મત બાયલો બન્યોછ.

૧ દોસ્ત—ને તેબી છુપાછુપ પરણ્યો, બધાને અંજાણા રાખ્યા, અને હવે આપણાથી દુર નહાસવા માગેછ; પણ બચ્ચા હવે હમારી ટોળી કંઇ તને છોડી દે તેવી નથીની?

શાપુર—મારાથી તમુને બીજી છુપી મદદો સદા મળશે, પણ હવે પોલીસના ધડક ધૂજારા મારાથી ખમાતા નથી, હું કોણનું ફરજંદ ને હાલ કોણ બન્યોછ?

[દલગીરીના અંદેશામાં પડે છે.]

૨ દોસ્ત—તું નેકનું ફરજંદ હતું તે હવે હુન્નરમંદ બન્યોછ.

શાપુર—તમારાં હૈયાં સખત થઇ રહ્યાંછ, તમારી આખમાંની શરમ મરી ગઇછ, લોકની તમુને પરવા નથી, પણ મને તો મારા બાપ દાદાની નામનાને જાહેરમાં આવી બદ્દો લગાડવા ગમતું નથી, મારી તેવી હિમ્મત થતી નથી.

૧ દોસ્ત—જેઓ દુનિયામાં ગમે તે કારણે પણ આગળ વધવા માંગતા હોય, તેઓએ મનની લાગણીઓ મારવી જોઇએ, આંખની શરમ છોડવી જોઇએ, દયાને ભુલી માત્ર આપમતલબ અને સ્વાર્થની પૂજા કરવી જોઇએ.

[એક માણસ દાખલ થાય છે.]

હીરજી—શેઠ આય ચીઠી સાથે માનસો રેડીયો લાયાછ.

[બે ત્રણ માણસો એક પાંચ ફીટ ઉંચો રેડીયો ઉચકી લાવે છે.]

૨ દોસ્ત—ઓહો! એ કોણે મોકલ્યું?

૩ દોસ્ત—એ કઇ જાતનો રેડીયો? કોઇ લીલાંઉખાનાનો એખરો લાગેછ.

શાપુર—(ચીઠી વાંચી) મેહેરબાનુએ મારે માટે એ ભેટ મોકલ્યોછ, ઘણું વિચીત્ર (મનસે) મેહેરબાનું હમેશાં મને દરેક રીતે સારી સલાહ, સારી મદદ ને સારી ભેટ આપતી રહેછ. (મોટે) દોસ્તો આય કિંમતી ભેટ મારાં એક ભલાં ખેરખ્વાહ મિત્ર તરફથી આવીછ, મને એ ગોઠવવામાં મદદ કરશો?

૪ દોસ્ત—કોઇ લીલાંઉખાનાનો સામાન જણાયછ.

શાપુર—જે હોય તે, પણ ભેટ તરીકે ઘણી કિમતી ચીજ છે.

[બહાર પડતી ગેલેરીનાં બારણા નજદીક ગોઠવે છે, માણસોને બક્ષીશ આપી રવાના કરે છે.]

૧ દોસ્ત—શાપુર આજતો તારૂં નસીબ સીકંદર દેખાય છે, તુને તારૂં બેસતું સાલ લાભદાયક જણાય છે.

શાપુર—ખુદા તારી ભલી દુવા આમીન કરે.

[દોસ્તોનું મુબારકબાદીનું ગીત.]

ગાયન.

૨ દોસ્ત—જો જો શાપુર એ વળી કોઇ બૈરૂં અહીં આવેછ.

૩ દોસ્ત—આજે તો તારીપર બધા ફુલ સુંટશે. એ વળી બાઇ તુને ચીરવા, ભંભેરવા, ખુશી કરવા આવતી જણાયછ.

શાપુર—(જોઇને) ઓતજા, એ તો મારી બૈરી છે. દોસ્તો માફ કરો, તમુને જોઇ તે નારાજ થશે.

૩ દોસ્ત—નારાજ થશે? અમારા જેવા અપટુડેટ જંટલમેનને જોઇ કયાં બૈરાં નારાજ થયાંજ તે તો કહે? જ્યાં જ્યાં અમારા જેવા કુમારાઓ પગલાં લંબાવેછ ત્યાં છોકરીઓની માય માસીઓ ઓવરઇ પોવરઇ જાયછ.

શાપુર—હવે તકરાર છોડો, ને પાસેના ઓરડામાં જઇ બેસો, હું આય તેને પટાવી તમુને ઝટ મલશ.

[સર્વે નારાજ થતાં બીજા રૂમમાં જાય છે, શાપુર બારણું ઢાંકે છે, તેઓ ડોકાવી મુગે પણે અવારનવાર જોય છે, બાનુ દાખલ થાય છે.]

શાપુર—બાનું—તું કાંય આવી?

બાનુ—એ સવાલ કેવો? મારા ધણીના ઘરમાં દાખલ થવાની મને મનાઇ છે કે?

શાપુર—વ્હાલી તારાં પગલાંજ કયાં છે? બાનુ, બાનુ, હું કેવું ચાહુંછ કે જાહેરમાં મારી પરણેતર તરીકે તું સાથે આવી રહે, મને વ્યસનોથી બચાવે.

બાનુ—શાપુર, આય રેહેવાના મકાનને તમે જુગાર ને દારૂખાનાની કલબ બનાવીછ. ત્યાં વસી તમારો ગુજારો કરોછ, તો એવા અધમ ધામમાં હું કેમ આવી વસું? (પટાવતાં) તમે તમારી ચાલ સુધારો, તમારા કરતુકી દોરગા દોસ્તોની સાથ છોડી દો! તમારા વડીલોની આબરૂને જેબ આપે તેવી રેહેણી કરણીપર ચાલી આબરૂદાર થાવો; પછી જો જો કે હું કેમ આવી સદા તમારી બાજુમાં ખડી રહુંછ તે?

શાપુર—(ગુચવાતા) હું હવે તેવુંજ કરવા ધારૂંછ.

બાનુ—વર્ષો થયાં તમે એમ બોલોછ પણ કદી સુધર્યા નથી. મારા ધણી હું તમારી સાથે છુપાછુપ વર્ષો થયાં પરણી હકદાર પરણેતર છતાં, લોકોની નજરમાં કુમારી કેહવાઇ દુર વસુંછ.

શાપુર—હું તો ઇચ્છુંછ કે તું હવે જાહેરમાં મારી સાથે આવી વસી મારૂં ઘેર શોભાવે.

બાનુ—તમે તો તમારા ખાનદાનને ખરાબ પેશાથી લોકોની હસીમાં લાયાછ, અને હવે હું મારી હુલડાઇ ભરી શરમને, મારી માવતર તથા ભાઇને જણાવી તેમને પણ નામોશી લગાડું?

શાપુર—તુને તો ભરથારના સુખમાં સુખ, દુઃખમાં દુઃખ, માનમાં માન, અપમાનમાં અપમાન, ઇજ્જતમાં ઇજ્જત માનનારી, તેના દુરગુણ છુપાવનારી, અને તેની તાબેદારી શું પણ ગુલામગીરી કરતીવેળા પોતાપણું ભૂલી જનારી એવી એક ઓરત બનવું જોઇએ.

બાનુ—મારી નાદાનીનો લાભ લઇ મને ભોલવી છુપા છુપ પરણવાની તમેજ ફરજ પાડી અને હજી મને તાબેદારી કેવી કરવા જણાવોછ?

શાપુર—તે માત્ર ચોકસ સંજોગને લીધે.

બાનુ—તમે તમારી બુરી મતલબને ખાતર મને છુપી રીતે પરણવાની ફરજ પાડી એ એક પાપ કીધા પછી તેનું પરિણામ શું આયું!

શાપુર—બાનુ મને માફ કર. હું તે વેળા થોડા વખતમાં જાહેરમાં મારી પરણેતર કબુલ કરનાર હતો, તેટલાં આપણા બચ્ચાનાં પેદા પડવાથી મારી નેમ ઉંધી વળી.

બાનુ—એમ જુઠું ના બોલો? તેથી તમુને જ્યાદા ફાવતું મલ્યું, મારાં ભોલા માતાજીને મેં ઠગી, મારા ઉમરાવ ભઇની મેં સલાહ નહિ લીધી, તમારી સોર સાંધી; તેનું પરિણામ નામોશીના ભયને ખાતર હું આજ વેર ખમું છું.

શાપુર—હું શું કરૂં? આપણું બાળક આપણા લગન જાહેર થયા પહેલાં પેદા પડવાથી હું પાછળથી લગન જાહેર કરતાં ના હિમ્મત બન્યો. ડીયર આપરા બચ્ચાની પરવરશી મેં સલામત હાથમાં સોંપી હતી.

બાનુ—એ મારૂં વ્હાલું બચ્ચું વર્ષો થયાં ફરી મારા જોવામાં આવ્યું નથી. ખુદા મારા બચ્ચાને મારાથી મલાઇ શકાતું નથી.

શાપુર—આપરા બચ્ચાને મે મારી ઓળખઇતી સગીને સુરત જઇ સોંપ્યું હતું, પણ તેણીના અચાનક મોતથી તે બચ્ચાનું શું થયું તેનો હજી પત્તો મને મલતો નથી.

બાનુ—ઓ ખુદા! મારાં હુલડઇ ભરીયા પગલાની મને કેવી સજા? છતે ધણીએ ધણી વિનાની ને છતે ફરજંદે ફરજંદ વિનાની ટવળતી ફરૂં છ.

શાપુર—બાનું આપણે પરણીયા પછી તુરતજ તારા માય તથા ભઇને તેં ખરી હકીકત કહી હતે, યા મને કહેવા રજા આપી હતે તો આજે આય દુખ ભોગવવું નહિ પડતે.

બાનુ—શાપુર! જો મારાં માય કે ભઇ જાણતે કે મે તમારા જેવા સાથે છુપાછુપ લગન કીધાંછ, તો તેઓ મને મારા બાપીકા વારસામાંથી બાતલ કરી શકતે.

શાપુર—હજી પણ તેજ મુશકેલી ઉભેલી છે.

બાનુ—તમો સુધરો, આય મકાનને જુગાર ખાનાના વાયડા નામમાંથી બચાવો, તમારા કરતુકી કોરગા દોસ્તોની સંગત છોડો, પછી જુઓ કે મારા ભઇ અને માયને હું આગલી મારી છુપી નાદાની જણાવી તેમનો ચાહ જીતુંછ કે નહિ?

શાપુર—વ્હાલી તું માન યા ન માન; પણ હવે હું આય નજીસ જીંદગીથી કંટાલ્યોછ. મેં તારા આવવા આગમજ તારીપર એક કાગલ નાખ્યુંછ.

બાનુ—(ચોંકી) તે કાગળ રખે મારા ભઇના હાથમાં જાય?

શાપુર—મે તે માટે હમેશની સાહુચેતીથી કામ લીધુંછ. તારાં કાગળ હંમેશ મુજબ તારી ભોજાઇને નામે મોકલુંછ.

બાનુ—મારી ભલી ભોજાઇ મેહેરાં કેટલી ભલી, ભોલી ને દીલસોજ છે જો?. મારા સંતાપ, દુઃખ અને ગમમાં તેજ મારી હમેશની સાથી થઇ બેઠીછ. હવે હું રજા લેવશ.

શાપુર—ડીયર સાહેબજી. હું ખુદાના કસમથી કહુંછ કે હવે હું જરૂર સુધરશ, તુંને દુઃખી નહિ કરશ.

[બન્ને શેહેકંડ કરી છુટા પડે છે.]

શાપુર—(મનસે) ઓરત! ઓરત! નેક અને નાજુક ઓરત! વહાલી ને વફાદાર ઓરત! દુનિયાનું સુખ ને દુનિયાના શ્રાપ તારામાંજ છે.

[એક પછી એક દોસ્તો ધીમેથી બહાર આવે છે.]

૧ દોસ્ત—મેલું પત્યું કે શાપુર?

૨ દોસ્ત—ચાલ હવે બીચારાના જીવને નીરાંત થઇ હોશે.

૩ દોસ્ત—પણ એમ છુપાછુપ શું ઢેકેલા ખાવા પરણ્યો હોશે?

૧ દોસ્ત—આપણે તો બા આ લગનનાં બંધન તરફ નાપસંદગી ધરાવીએછ.

૨ દોસ્ત—આપણો જુવાન વર્ગ લગનની જુસરીથી ડરેછ, કારણ કે તેઓ ઘણા નોકર નફરવાલુ ઘેર રાખી જંજાલ વધારવા ચાહતા નથી.

૩ દોસ્ત—તેથીજ તેઓ પોતાની જુવાનીનો સારો ભાગ મોજ શોખમાં ગુજારી દરેક પ્લેઝર્સ મેળવી શકે છે.

શાપુર—પણ હું તો ધારૂંછ કે એમ કરવાથી તેઓ પોતાનો સારામાં સારો ભવ પસાર થવા સુધી સુખ ગુમાવે છે. આથી હું જુવાન વર્ગને કહીશકે "સુરજ અસ્ત પામે ત્યાં સુધી એકમેકની સાથે આગળ વધો."

૧ દોસ્ત—લેઓ આય લાલ બુજજગર નસીહત પણ કરી જાણેછ હો?

[બહારથી ગડબડ સંભળાય છે.]

શાપુર—આય ગડબડ સાંભળી? ફરી ધડક ધુજારો શરૂ થયો.

૩ દોસ્ત—તું બાયલો ના બન, એતો પોલીસ કાંઇ ઓકાવવાની થઇ હોશે તે વળી તારા ઘેરપર દરોરો લાવીછ, કાંઇ ઝાંસી દે કે પીડા પતે.

શાપુર—હવે તો હદ થઇછ. ઇજ્જતની બરબાદી સાથે, હવે જીંદગી માટે પણ સલામતી રહી નથી. હું તમો પાસે માગી લઉંછ, મને છોડી જાઓ યા નહાસી જાઓ. તમો બધા જાણીતા જુગારીઓ છેવ.

૨ દોસ્ત—ગડબડ ના કર, અમારા જેટલો તું પણ તકસીરવાર છે. અમો પાસે તદબીરો અનેક છે. દોસ્તો બારીવાટે બાગમાં કુદી પડી નહાસી જાઓ.

[થોડા જણા બારીવાટે દોરડાં વડે ઉતરી પસાર થાય છે. બીજાઓ થોડુંક ફરનીચર ઉંધુચતું નાખે છે ને શાપુરને પકડી પાછલી ગેલરી તરફ ઘસડી જાય છે, ને પછી પોતે બારીવાટે નહાસે છે. પોલીસ જોર કરી બારણું ખોલી દાખલ થાય છે. બધું ફરનીચર ઉંધું પડેલું જોઇ અજબ થઇ તપાસ કરે છે. ગેલેરીની પાછલ શાપુરને બાંધીરૂંધેલી હાલતમાં શોધી કાઢે છે.]

૧ જમાદાર—એ હાલ તુંમહારા કીસને બનાયા?

શાપુર—(ઢોંગ કરે છે) કોઇ બદમાશો કહારના આવી મને આવી હાલતમાં બાંધી, મારૂં કેટલું બધું લુટી નહાઠા. તમારા આવવાથીજ તેઓ નહાઠા હશે. (ઘડીયાળ છેડો નહિ જણાતા) આયશું? મારો, ઘડીયાળ છેડો સઘળું ચાંઉ કરી ગીયાછ, તમો આયા તો ઠીક થયું, હું બચી ગીયો.

૧ જમાદાર—(મુછ સમારતાં વિચારમાં પડે છે.) સહી બાતહય, સીપાઇયો આસપાસ તાલાશ કરો. (બધાં જણાં આસપાસ તપાસ કરતા શકમંદ બની જાય છે.)

શાપુર—ગીયા? છુટકારાનો હવે દમ લઇશ! પણ કયાં સુધી? (વિચારી) આય ધડક ધ્રુજારા કયાંવેર સાંખીશ? શાપુર, તારા બદફેલ દોસ્તોની દોસ્તીનો આય ફેજ છે. તેં તારે હાથે તારે માથે કેટલી

બધી જંજાલ ઓરી લીધીછ? તારી કમબુદ્ધીને લીધે તારા વંઠેલ દોસ્તોની લાગવગ તળે તું એબદામનો થવા માડયોછ. હું હવે આય શેહેર છોડી જાઉં; પણ નહાસવાથી ફાયદો શું? તારી બાનુ બચ્ચાંનો તને ખ્યાલ કરવોછ! જ્યાં મારી ફરજ લટકેલી છે. આવી બદફેલ દોસ્તોની દોસ્તીને લીધે મે કદી મીઠી ઉંઘની એકબી રાત પસાર કીધી નથી. મારા બદ ખ્યાલો મારાથી કદી છુટા પડતા નથી. એકબી રાત સ્વપના વિનાની ગુજરતી નથી; તે તો જાગૃત હાલત કરતાં પણ ઘણી ભયાનક છે! દિવસે કે રાતની કાળી અંધારીમાં, અથવા આફતાબના પ્રકાશિત દિવસમાં હું મારા દુરગુણોને મારી સાથે જોઉંછ! હું મારા મગજપર કાબુ લાઉંછ કે મારા વ્યસનો મને પાછાં આવી ઘેરેછ! ઓ ખુદા! તું મને કોઇબી રીતે આ દુરગુણોથી બંચાવી શકતો હોય તો મને એવી મીઠી ઉંઘ આપ કે ફરી જાગૃત થઇ શકું નહિ!

[દારૂ પી માથું ટેબલપર નાખી પડે છે! મેહરાં ધીમે પગલે દાખલ થઇ અસતા-વ્યસ્ત ફરનીચર જોઇ વિચારમાં પડે છે.]

મેહેરાં—ઘેરમાં કોઇ મળે નહિ? (જોતાં) પણ અત્રે તો તમામ ફરનીચર ઉંધુ ચતું વેર વિખેર થયેલું છે. આય કોણ? શાપુરજી? એક વ્યસની દુરગુણી માણસના ઘેરની એવીજ હાલત હોવાની! એના મગજની એવીજ હાલત છે; તેવીજ એના ઘેરબારની ને સંસારની હાલત થવાની.

શાપુર—ઓ ખુદા! (માથું દાબતો ઉઠે છે. મેહેરાંની હાજરીથી તાજુબ થાય છે) કોણ મેહેરાં?

મેહેરાં—શાપુર! આય શું હાલ હવાલ?

શાપુર—કોઇ દિવસ નહિ ને આજે તમારા પગલાં મારાં મકાનમાં?

મેહેરાં—તુંને તારી સાલગ્રેહની મુબારકબાદી દેવ્છવા આવીછ.

શાપુર—તમારી કિંમતી ભેટ માટે હું અહેસાન માનુંછ; પણ તમો કંઇ ખાસ કારણ વગર અત્રે આવો એમ લાગતું નથી.

મેહેરાં—મને હમણાં બાનુ મળી. તમો વચ્ચેની તમામ બીનાની મને ખબર છે, હું એ મારી ભલી નણંદ માટે હદબહાર દિલસોજી ધરાઉંછ. શાપુર તારાં બુરાં લખ્ખણ છોડી દે, તારાજ દોસ્તોના

દુરગુણે તુને ખુવાર કીધોછ, અને હજી તારી ઔરી બચ્ચાંને પણ નામોશીમાં લાવી નાખવા જેવું કરી રહ્યોછ.

શાપુર—બહેન મેહેરૂ, તમો ઘણાં દયાળુ ને મેહેરબાન છેવ. મને દિલસોજ દોસ્તની કેટલી બધી જરૂરત છે? (નીસાસો નાખે છે) હું કદી સુખી થઇ શકીશ નહિ.

મેહેરાં—તારૂં સુખ તારી સાથે છે, તું આય વ્યસની દોસ્તોની સોહબત છોડી દે, ઇજ્જતમાં વસવાની કોશેષ કર, પછી જોજે હું મારા ધણીને તારી ને બાનુ વચ્ચેની તમામ છુપી બીના જણાવી તમુને સુખી કરવા દરેક ગોઠવણ કરશ.

શાપુર—તમે કેટલાં ભલાં છેવ? (શેકહેંડ કરે છે) તમારા ધણી પણ તેવાજ નેક છે.

મેહેરાં—મારા ધણી મને જેટલા વહાલા છે, તેટલોજ તેવણ મારે માટે ઉંડો ચાહ ધરાવેછ. આજે સાત સાત વર્ષ થયાં અમો પરણ્યાંછ, પણ આજેજ પરણ્યાં હોઇએ તેવા એખલાસ અને સંપથી વસ્યેછ. તેથીજ બન્નેનાં જીગરને સુખી બનાવીયેછ; પણ તારી હાલત તો તેથી તદન ઉલટી છે.

શાપુર—બેહેન આજે હું છેલ્લું વચન આપુંછ કે આજ પછી હું કદી મારા વંઠેલ દોસ્તોની અરાસે પણ નહિ જવશ.

મેહેરાં—શાપુર તારીપર બાનુએ મારે નામે લખેલાં કાગળો મને આપી દે. તમે બન્ને કમઅક્કલોએ પોતાની નાદાની છુપાવવા થકી મારા નામે જે પત્ર વેહવાર ચલાવ્યોછ, તે કોઇ દિવસે મારૂં ધાન ભાંજસે.

શાપુર—બેહેન, અમારી વચ્ચેનો તમારાં નામ સાથનો તમામ પત્ર વેહવાર હું એકઠો કરી આજ રાત સુધીમાં તમારે ઘેરે મારા માણસને હાથ છુપાછુપ પોંહચાડશ.

મેહેરાં—ત્યારે તું આવતી કાલથી એક તદન નવો આદમી બનસે, એવી ઇચ્છા સાથે હું તુને છોડી જાઉંછ.

[મેહેરાં જવા કરે છે તેટલાં બહાર ધાંધલ સંભળાય છે.]

શાપુર—મેહેરાં હવે શું કરીયે? મારા જેવા વ્યસનીને લીધે તું નાહક ફસસે. મારા આય જુગારખાના ઉપર પોલીસનો ડોળો ખોભઇ

રહ્યોછ. તે હવે અવારનવાર દરોરો લાવેછ અને આજે આય બીજી વખત આવી લાગાછ. તેઓ તમુને મારા જેવા સાથે જોશે તો તમારા ને તમારા ધણીના નેક નામને નાહક એબ લાગશે.

મેહેરાં—(ધભરાય છે) કમબખ્ત આય તારી કેવી હાલત? તુને રાતે કે દિસે નીરાંતે સુવાનો પણ કરાર મલતો નહિ હોશે, તો તારા જેવા બ્યસની સાથે બાનુ કેમ આવી રહી શકશે? **હવે હું** કયાં છુપાઉં?

શાપુર—બેહેન તું નહાસી જા, નહિ તો મારા ખાતર તારા નેક નામપર કોઇ નાહક સુખન લઇ જશે.

મેહેરાં—કહાં નહાસું? બહાર જવાનો તો એકજ રસ્તો બલ્યોછ.

શાપુર—ઓ ખુદા, ખુદા, મારી નીચ રેહેણી કરણીને લીધે આય ભલી ઓરત બદનામ થશે, હલકાઓ સામે નાહક ઉંધાડી પડશે.

મેહેરાં—(કંઇ યાદ આવતાં) શાપુર જરા થોભ, મારો પ્રેઝંટ મોકલાવેલો રેડીયો કહાં ગોઠવ્યોછ? બતાવ જોઉં?

શાપુર—પેલો સામી તરફ છે.

મેહેરાં—શાપુર તું મારી સાથે અંહી આવ. (રેડીયા પાસે લઇ જઇ) તું અંદર ભરઇજા હું તારો બચાવ કરશ.

[મેહેરાં શાપુરને ગેલેરીપર લઇ જઇ રેડીયોની પાછળથી અંદર છુપાવે છે અને પોતે શાપુરની રાહ જોતી બેઠી હોય તેમ બેસે છે.]

મેહેરાં—ખુદાએજ ખબર લીધી કે નવી તદબીર સુચવી.

[સીપાઇઓ દાખલ થાય છે. મેહેરાંને એખલી જોઇ અજબ થાય છે.]

૧ સીપાઇ—સબ મકાન ધુંડ નીકાલો! વ્હો ઇસ મકાનમે હોગા, ઉસકે સાથીભી યહાંહી હોગે.

મેહેરાં—તુમ લોક ઇધર કયા મંગતે હો?

પોલીસ—ઇસ મકાનકા માલીક જુગારી લોગોકો જુગાર ખેલનેકે લીયે ઇધર રોજ બુલાતા હય. થોડે દેરપર ઉસને હમકો ફસાયા, અબ તો હમ ઉન સભોકો જરૂર ધુંડ નીકાલેંગે.

મેહેરાં—આધા કલાક હુવા મય શાપુરજીકી રાહ દેખતે યહાં બયઠી હું, ઉંસકા યહાં અબતક પત્તા નહિ.

પોલીસ—ભાઇઓ હરએક કમરેમે જાકે તાલાશ કરો.

[સર્વે તપાસે છે. ગુસ્સામાં નીરાશ થઇ ડોળા ધુરકતા ચાલી જાય છે; મેહેરાં છુટકારાનો દમ લે છે.]

મેહેરાં—ચાટ થઇને ગીયાછ ખરાં; પણ હવે તેઓ ઘણી સાવચેતીથી તકેદારી રાખી એને ઘેરીને ફસાવશે. (મેહેરાં રેડીયાનું બહારનું બારણું ઉઘાડતાં શાપુર અંદર ઉભેલો જણાય છે.) શાપુર આય જોઇ તારી સુખી હાલત?

શાપુર—(મેહેરાંના બન્ને હાથ પકડી) મારા ફરેસ્તા તેં મને મારા દુરગુણમાંથી સારી રાહપર લાવવાની દરેક કોશેષ કીધીછ! ને તેંજ આજે મને બચાવ્યો.

મેહેરાં—શાપુર એતો મારી ફરજ હતી તે બજાવી. કોઇબી ઓરત પોતાની ફરજ બજાવતી વેળા સંકટની પરવા કરતી નથી. તે કદીપણ મોહબત, ઇજ્જત, ધર્મની વિરૂધ આચરણ કરતી નથી. દયાળુપણું એ તો ઓરતનો મુખ્ય ગુણ છે, સુખ અને સત્તાપર તે બેહદ પ્યાર રાખે છે, દુખીને મદદ કરવી એ તેણીનો ખુદરતી ગુણ છે. સંકટની સામે થવા જેટલી હિમ્મત ઓરત જાત જેટલી કોઇમાં નથી.

શાપુર—બેહેન મેં આજે આપેલી કબુલાત ખુદાના કસમને સાચ્ચો નિવડીને પાળશ. રાત સુધીમાં તમુને તમારો અવેજ મળી જશે, આવતી કાલથી હું જુદોજ માણસ બનશ, કાલે સહવારે હું બાનુને તેની માયને મકાને મળી બધી ગઇ ગુજરી ભુલાવી દેવશ.

ગ યન.

મેહેરાં—હું હાલ જાઉંછ. આપેલું વચન ભુલતો ના (જાય છે.)

[શાપુર વખાણની નજરે મેહેરાં ગમ જોતો ડેરાવ પર આવે છે.]

શાપુર—(મનસે) ઓરત! ઓરત! અમો પુરૂષો જેવીજ તું માનવી જાતમાંની છે; તોપણ ઘણાખરા અગતને પ્રસંગે મરદોને ખરી રાહપર લાવનાર તું ફરેસ્તો છે. ત્હારામાં ખુદાઇ શકિતનો અંશ છે એમ તુ પુરવાર કરી બતલાવનારી છે.

અંક ૧ લો—પ્રવેશ ૨ જો.

જંગલ પાસેનો રસ્તો.

[મંચી મક્કારો ગ્રહસ્થના વેશમાં હાથમાં એક લીસ્ટ સાથે દાખલ થાય છે.]

મંચી—લોકોની ખયરખ્વાહી કરવી એ આપણી ફરજ છે. ગરીબ ગુરૂબાંઓ માટે ગુજરાનનું સાધન શોધી આપવાં એ આપણો નીયમ છે. જુદા જુદા ધરમખાતાંઓ માટે ઉઘરાણા કરી આપી, રૂપીયે આઠ આના કમીશન કાપી લેવું એ આપણો ધંધો છે. ધરમખાતા માટે ધરમાદા નાટકો ભજવી બતાવી કમાઇમાં પોણો ભાગ ચાંઉ કરવો એ આપણો હુન્નર છે. લોકોનું કોઇબી રસ્તે ભલું કરવું એ અમારા જેવા પરગજુનો હક્ક છે. સેવકને પોતાની મતલબ ખાતર કોઇ ચીજ કરવા કરતાં પારકાનાં ભલાં થકી દરેક હુન્નર અજમાવી ગજવા તર કરવાની તએહ પડી ગઇછ. જાહેરમાં અપટુડેટ જંટલમેન થઇ ફરવું એ તો મંડળીનો કાયદો થઇ પડયોછ, પછી રાતની અંધારી જવાતાં કાળાં ધોળાં કરવા વેશ લેવામાં શરમ નથી.

[જમસો દાખલ થઇ પછવાડેથી છાપટ મારે છે.]

જમસો—મંચી કેમ આજે કહાં પણવા ચાલ્યોછ? વળી કોઇ સધર ઘરાક મલ્યુંછ કે?

મંચી—ધરમખાતાંઓ માટે તરેહવાર ટીપો બનાવી ઉઘરાણા ઘડી ઘડી કરવા જતાં હવે લોકોનો મારીપર ઇતબાર નથી રહયો, તેથી મારા પરમારથી કામોમાં પેદાશનાં વાખા પડવા માંડયાછ. હવે તો કોઇ રાતનું ઘરાક મળી જાય તો સારૂં કે કંઇ દલદર ફીટે.

જમસો—કેમ બચ્ચા હવે ઠેકાણે આયોની? એમ 'રીસપેકટેબલ લોફર' થઇ ફરવાથી કશું વળવાનું નથી, જેવો હુન્નર તેવો વેશ કાયમનો લીધો હોય તોજ ધંધાપર દિલ લાગે. જેવો ધંધો હાથ ધરીયે તેને પેશ પડતો વેશ લઇએ તોજ ધંધો ખીલીને બરકત મળે.

મંચી—ત્યારે બોલની કોઇ ખુણું ખટોલું જડયુંછ કે?

જમસો—જોની, જેહાંગીર દાદીશેઠનો બંગલો મારા બેંજાંમાં ઘણો રમી રહયોછ; ત્યાં હવે એક મસમોટી ત્રીજોરી ખરીદાઇ ગોઠવાયલી મેં જ્યારથી જોઇછ ત્યારથી મારો ડોળો એજ મકાનપર ખોભાયોછ.

મંચી—બસ તું ફીકર ના કર, હું આજ રાતનાજ બધી તપાસ કરી આવી, શું કરવું તે નકી કરૂંછ.

[અંદરથી મોટરનો અવાજ આવે છે. એકસીડન્ટ થતાં કોઇ માણસ કચડાવાનો અવાજ થાય છે, ને તુરત મોટર દોડી જતી સંભળાય છે.]

જમસો—અરરર જોયું કે? આય વળી કમબખત મોટરે કોઇનો ભોગ લીધોછ.

મંચી—અરરર ઘણું ખરાબ મોત. દોડતો, આપરા જેવા પરગજુ માનસોની ફરજ છે, કે મરતાને મરવામાં મદદ કરવી.

[બન્ને જણા દોડી જઇ શાપુરના માનસને ઉપાડી લાવે છે.]

મંચી—ખોટું થયું (તપાસી) એ હજી જીવેછ. આવી રીતે અધકચડાં માનસોને કચડી નાખવા માટે એવા શોફરોને સખતમાં સખત સજા કરવી જોઇએ.

જમસો—નખોદના ગીયા શોફરો એકદમ માનસોને કચડી નાખી મારતા હોય તો ધૂળ નાખી, કે બીચારા રીબી રીબી એમ મરે નહિ (માનસ કાંસે છે).

માનસ—ઓ! ઓ! મને ઘણું દુખ થાયછ. મારા શેઠને તેડો. મારી પાસેના કાગળ્યાં નહિ ખોવાય.

મંચી—બાનુ હીમ્મત રાખ. (ગજવાં તપાસતાં કાર્ડ મળે છે.) તારૂં ઠેકાણું આપ કે કાંઇ મદદ થાય, તારા ઓળખીતાને તેડીએ. (વાંચી) આય કાર્ડ ઉપરથી ઠેકાણું જણાયછ. જમસા આ ઠેકાણે દોડી જઇ એના કોઇ હોય તેને તેડી લાવી મદદ કર, તેટલાં હું એનું દુખ ઓછું કરૂંછ.

જમસો—સાચ્ચા ગ્રહસ્થ તરીકે નાચાર નીરાધારને મદદ કરવી એ આપરી ફરજ છે. (બાજુ) ને તેનો બદલો મેળવવો એ આપણો હક્ક છે.

[જાય છે.]

મંચી—હકને કેમ નીભાવવો એ મારૂં કામ છે. બાપા—મારા! ના ફાંસ, તારૂં દુખ જોઈ મનેબી દુખ થાયછ; પણ નાચાર! કોઈથી કોઈનું દુખ હલકું કરાતું હોય તો કેવું સારૂં? પણ તારા કપડાં માહેલો બોજો ઉઠાવી તને કરાર થાય તેમ જરૂર કરૂંછ.

માનસ—(કાંસતાં) આય મરા ગજવામાંની પોકેટ ગેરવલે નહિ જાય, નહિ તો મારા શેઠનું નસીબ વળશે.

મંચી—હું તમારી દરેક ચીજ સાચવીશ. એકાંત રસ્તાપર ગભ્બર છાંડાવાલાને મોટરવાલા કચડે એ મને ઘણું પસંદ છે. (પોકેટ કાઢેછ, બીમાર તાન તોડ કરેછ પણ નાચાર બને છે.) હં હં હં એમાં કંઈ દમ લાગેછ ખરો.

માનસ—(કાંસીને) એ એ એ પોકેટમાનાં કાગળો કોઈને કામના નથી, મને આપી દે.

મંચી—બાપુ મુગો ગગડ. તારાથી દિલપર હવે ઝાઝો બોજો ઉપડાશે નહિ, તેથી હું તારો બોજો ઓછો કરી તારૂં દુખ નરમ પાડુંછ, તે સામો અકળાયછ શાનો?

માનસ—એ મને આપી દે? આપી દે?

મંચી—(પોતાના ગજવામાં મુકતાં) એ તને પછી મળશે. સારો થઈને ઉઠ; પછી કાગજો વગરની પાકીટ તો જરૂર તને પાછી આપશ. (જતાં જતાં) આવા ભલાં માણસને કચડી નાખનાર શોફરનો જો મને પત્તો મળશે તો જરૂર તેને પાંચ રૂપીયા ઇનામના આપશ, કે આવા તાજા શેકારને રસ્તામાં કચડી નાખી મોટર નહસાડી અમારૂં ભલું કરતો ગીયોછ. (સટ્ટી જાય છે.)

માનસ—મારી પાકેટ! આપ! આપ? ચોર! ચોર!

[શાપુર તથા ડૉ૦ નોશીર વગેરે જમસા સાથે દોડી આવે છે.]

જમસો—અરે શેઠ મેં તમારા માણસને મોટર ટળે કચડાઇ જતો જોયો પણ મોટર પકડી શકયો નહિ તે માટે દલગીર છેઉં. એ તમારા માનસને એક બીજા રસ્તે જતા અહરથને સોંપી આયોછ.

શાપુર—નસવાન! નસવાન! તને કેમ લાગેછ?

(ડોકટર તપાસેછ.)

માનસ—શેઠ! મારા શેઠ, હું મરી જવશ.

શાપુર—મારા કાગજ્યાં કહાં છે?

માનસ—તે તે પેલો ચોર–ચોર લઇ ગયો–મારૂ બધું લુટી ગીયો.

શાપુર—કહાં ગીયો? કયે રસ્તે?

નોકર—અંહી? અંહી? (ઝીમઇ પડે છે.)

જમસો—એમ કેમ બને? હું તો તેને ભલો ગ્રહસ્થ જાણી એમને સોંપી તમુને મારતી ગાડીએ કહેવા આયો, ત્યારે તો તે મને ઘણો ભલો માણસ લાગો. દુનિયામાં ઇતબાર તે કોણ પર રાખ્યે? (મનસે) એતો મંચી બારાને કંઇ નગદ માલ હાથ લાગો હોશે, ત્યારેજ તે ઉઠાવી ગયલો લાગેછ, ચાલ બા આપુને તો અંહીથી ને ત્યાંથી બમણો લાભ છે.

નોશીર—એનું હાર્ટ ફેલ થયુંછ! આય એનો છેલ્લો દમ છે.

શાપુર—ગરીબ નસવાન, તારા મોત માટે હું જેટલો દીલગીર છું તેટલોજ મારા ચોરાયલા કાગજ્યાં માટે પણ છું. (મનસે) મારે કોઇબી રીતે બાનુનાં કાગજ્યાં શોધી કાઢવાં જોઇએ, નહિ તો કોઇ બદમાશના હાથમાં જશે, તો નિરદોશ મેહેરૂની ઇજ્જત બરબાદ કરશે. (મોટે) ભઇઓ મદદ કરો, એને હોસ્પીટલમાં લઇ જવાની ગોઠવણ કરીયે.

[દલગીરી વચ્ચે બધા નસવાનને ઉચકી જાય છે.)

અંક ૧ લો—પ્રવેશ ૩ જો.

——:*:——

સ્થળ—બગીચા નજદીકનું મકાન.

[એક તરફ ફ્રામરોજના ઘેરની અગાસી બહાર નિકળેલી જણાય છે. સામી તરફ બગીચાની સાઇડમાં બાઝટ ગોઠવેલો છે. ઘેરમાં આવ-જાવનો દરવાજો સાઇડમાં છે. એમી ફરતી ફરતી આવી બાઝટ ઉપર ગોઠવાય છે. પાછળ પાછળ અદી ચીમાતો ભરાતો આવે છે.]

ગાયન.

અદી—(જાહેર થઇ) ખાસ્સું ગાનું ગાયું? એટલા દિવસ થયા આય સરોદે ચમન કહાં સાંતી રાખ્યો હતો?

એમી—જા બા અદી એમ ના ચોકાવની, મારી છાતી ધડક ધડક ધડક થાયછ.

અદી—ઓ એમ? ચાલ હવે હું પાસે ઉભોછ તો હિમ્મત આવસે તો તું મારે માથેની થસે, પણ હમણા છેક વળી કહાં ચાલી?

એમી—તુનેજ શોધવા; પણ અદી તેં તારો ફોટોગ્રાફ આપવા કહ્યો હતો તે લાયો કે?

અદી—મારા ફોટોમાં વળી શું ધુળ ભરવીછ?

એમી—જા બા એવું અબ્વર ના બોલ.

અદી—હું એમ કહેવા માંગતો તો કે, અસલને છોડી નકલમાં શું ધૂળ મુકેછ? તેથી નથી આપતો.

એમી—ચાલો મારી સાથે ના બોલતા. માટીડાની જાતજ એવી બેમરવત રેહેવાની. (ધુનકારી ચાલે છે.)

અદી—વાહવારે તારી એકટીંગ? ચાલ ના રોહોસો કર (પોતાનો ફોટોગ્રાફ ગજવામાંથી કાઢી આપે છે) મારા કરતાં આય ફોટો વધારે કિસમતદાર તો ખરો.

એમી—મારા લવ, તમે મારી આંખમાં એટલા તો રમી રહ્યાતા કે મે પણ તમારી છબી પેન્ટ કરી મારી લોકીટમાં મુકીછ (લોકીટ બતાવે છે.)

અદી—વ્હાલી તું મને કેટલી બધી ચાહેછ? (ભેટે છે) ચાલ ડીયર તુને ફુરસદ હોય તો બે ઘડી ફરી આવીએ.

એમી—પણ જોજો, મને ઘેરે પાછું જલ્દી ફરવું પડશે, કશી વાતમાં રોકી ના રાખતા.

અદી—અરે તે તો મને પુછવુંજ નહિ પડે.

[બન્ને જાય છે. ફરામરોજ ઘરપચ કરી ઘેરમાંથી બહાર નીકલે છે.]

ફરામ—ફસીયો, તદન ફસીયો. તમામ ઘેર શોધી માર્યું પણ એ બૈરીની ઘન નસલ મળે નહિ. વળી ફરી મારી નજર ચોરાવી પસાર થઇ ગઇ. હવે શું કરૂં? એને કેમ બાંધી રાખું? પંખેરૂ હોતે તો પીંજરામાં પુરતે, જાનવર હોતે તો બાંધીજ રાખતે, પણ આય સાત બિલ્લસ એ પગીને કાંહા દાબી રાખું? જોઉં મારા નોકરને પુછી જોઉં તેને ખબર હોસે? (હાંક મારે છે) શેહેરીયાર! ઓ શેહેરીયાર! (મનસે) જવાબ ન દારદ? એ શેહેરીયાર?

શેહેરીયાર—(અંદરથી) આવી રહીછ તે જોતી નથી? (આવતાં) બુમ સાના પારેછ? કેમ શું કહેય?

ફરામ—તારાં બાઇ કહાં ગીયા? (દાતીયા કચકચાવે છે.)

શેહેરીયાર—તેવણ તો કાહારના આતશ બેહેરામ, પાછલે દરવાજેથી ચાલી ગીયાં.

ફરામ—(હેબતીને) પાછલે બારણેથી? શું આગલું બારણું નહિ ઉતું? બસ એ બધા સ્ત્રી ચરિત્ર છે, જા દોડ દોડ, હમણાને હમણા પછવાડેનું બારણું ધુલ પથ્થર કંકર ઇંટ ચુનો જે મળે તેથી પુરાવી નખાવ! જા બાપુજા! તેજ દરવાજાને પેહેલે ચાંપરા લગાડી બંધ કરાવ.

શેહેરીયાર—શીદ ઇમ શું કરેછ? કાંઇ શરાબ તો નથી પીધા?

ફરામ—(હેરાય છે) બસ આજથી ઠેરાવ કીધોછ કે બે દરવાજાના ઘેરમાં વસવુંજ નહિ. આગલું બારણું પકડી ચોકી કરવા બેસ

તો પાછલે બારણે પસાર, એવા સત્તર દરવાજા ને છોંતેર બારીના ઘેરમાં વસતા ધણીને સત્તરસો આંખો હોસે તોબી તે પુરી પડવાની નથી.

શેહેરીયાર—શેઠ ઇંમ ધભરાયચ શાના? બાઇતો ઇંમ રોજબરોજ દોસ્ત બીરાદર, ખેશ ખેશાવંદને મળવા જાયચ.

ફ્રામ—(વેહેમાય છે) શું ખરૂં બોલેછ? એતો માથેની દેખું!

શેહેરીયાર—પન શીઠ તું મરદાને મરદ બની સાના ધભરાયચ?

ફ્રામ—(કમકમતાં) અરે ગમાર! તું મારા જીગરની વાત શું જાણે? મેં જેમ જેમ જાપતાથી તેણીને દાબવા માંડી તેમ તે રબરની માફક કુદવા ઉછલવા લાગીછ. હું શું જાણું કે એવી નિકળશે? આપણે જોયું હોશે! ભણેલી, સીખેલી, દેખાવળી ને ખાનદાની છે તે એવી કંઇ હોય? પણ એતો પિત્તલ તે પિત્તલજ, ઉપરથી ગીલીટ ચહાવ્યાથી કંઇ સુન્નું બનવાનું છે?

શેહેરીયાર—એઇ શેઠ એમ શું બોલેચ? બાઇની બદગોઇ કરેચ? મરગરજાન ગોનાહ, મરગરજાન ગોનાહ.

ફ્રામ—ચુપ ગમાર તું એમાં શું સમજે?

શેહેરીયાર—શીઠ તું બાઇની બદગોઇ નો કર! મને તો તેના ચાલમાં રાઇ જેટલી પણ અયબ નથી દેખાતા.

ફ્રામ—અરે તુને રાઇ જેટલી એબ નથી દેખાતી, પણ મને તો ઘંટીના પૈડાં જેટલી નામ રાખવાની જગા જણાયછ.

શેહેરીયાર—એમ ના બોલ શીઠ એમ ના બોલ! તોબાહ કર, હું એવી વાત સાંભળવા રાજી નથી. (ગુસ્સામાં ચાલી જાય છે.)

ફ્રામ—હું ખાતરીથી કહી શકુંછ કે મારી બૈરીએ પૈસાની લાલચથી એનું મોહોડું બાંધીયુંછ. ઠીક છે, હવે એને મુદ્દા પુરાવા સાથે પકડી કાઢી એવી તો કલ કુંચીમાં બંધ કરસ કે કદી એમ હાથ તાલી આપી છટકીને ભટકે નહિ. મારા કાંહાં ભોગ લાગા જે આવી છપ્પન લખ્ખન નવલણી સાથે પરણ્યો?

[ફ્રામ એક તરફ જતાં બીજી ગમથી સુના સાથે ગુલી દાખલ થાય છે. ગુલી ભપકામાં ને સુના સાદી છે.]

સુના—ચાલની ગુલી, આજે તો મારાં બાઇ પણ બહાર ગીયાંછ, હવે બે ઘડી નીરાંતે બેસી કંઇ વાત કરતે.

ગુલી—પણ જોજે સુનાં ઘેરમાં કોઇ માટીડો નહિ હોય? મને તો બા માટીડાનું મોહોનું જોતાંજ ઘણી બિહીક લાગેછ જો?

સુના—ચાલ ચાલ ઘણી સતી ના થાની?

[બન્ને ઘેરમાં દાખલ થઇ અંદરથી બારણું બંધ કરે છે. કુંવર ઝડપમાં દાખલ થાય છે.]

કુંવર—હું નજર ચોરાવી અગિયારીમાં જઇ તો આવી, પણ મારા ધણીજીએ કંઇ દોહોરૂં દોહોવી નહિ મુકયું હોય તો ઠીક. સુના સુના? મરે મુવા નોકર નફર (બારણું બંદ જોઇ પાછી આવે છે.) કહાં ગગડી મુંવાછ? જાંહ છે તાંહ નોકરોને બહાર ખેરવી મારા લાયકીવાલા ધનીજી કાંઇ કાળું ધોળું તો નહિ કરતા હોય? હા ઠીક યાદ આયું? પાછલે બારણેથી ઘેરમાં દાખલ થઇને જોઉં?

[કુંવર વેહેમાઇ પાછળ જાય છે. બન્ને ચાકરડી બહાર આવે છે.]

સુના—(બહાર આવી) એ હમણાં બારણું કોણે ખખડાવ્યું? મરેરે મુવું કોઇ કાનું ચલીયું પણ મલે નહિ. હવે તો મને આય એકાંત વાએ જેહાનમાં વસતાં પણ બીહિક લાગેછ.

ગુલી—હારે મરે, તુ પણ તેવીજ નાજુક લેડી છેની?

સુના—ચાલ વારૂં, ચેસ્ટા ના કર. વારૂં પણ ગુલી તેં આય સાડી વેચાતી લીધી કે?

ગુલી—નહિરે સુના, એ તો મારી બાઇએ આપીછ.

સુના—મરેરે મારાં નસીબ. મારાં શેઠ શેઠાણી એવાં તો કંજુસ છે કે ફાટા તુટાં કપડાં પણ આપતાં નથી, તો પછી નવાંની તો ઓવાઇજ છે જો.

[પાછલે બારણે જઇ કુંવર પાછી આવે છે, બન્નેને જોઇ વેહેમાય છે.]

કુંવર—(મનસે) પછવાડેનું બારણું તો બંધ છે, પણ આય મુઇ ભપકો કરી કોણ ઉભીછ?

ગુલી—(સુનાને) ચાલ હવે હું જવસ. પછી કોઇ નહિ હોસે તારે આવીને મલસ.

કુંવર—(મનસે) ખાસું. મુઇઓતો મારી ગેરહાજરીમાં ઠીક નાચ કરી રેહીઓછ. (સુનાને છાપત મારી) કેમરે મુઇ એ શું કોતક? બારણાં બંધ કરી શું કાઇ દોહોરૂં કરોછ?

ગુલી—બાઇ-બાઇ-હું તો—

કુંવર—(ગુલીને) હવે બોહેછ સાની મુઇ? ભસી મરની કે મારા ધણીને ફુસલાવવા આવીતી?

ગુલી—બાઇજી એ શું બોલોચ? જરાતો ઓસકાવો.

કુંવર—(સુનાને) કેમરે મુઇ સુના? ધીમે ધીમે પગલે એવીઓને થેસવી હરૂસે નહસાડવી, જાને હું કંઇ જોતીજ નથી કેમ?

સુના—બાઇ એ શું બોલોચ? એ તો મારી બેન ફીરોજ ફોજદારને તાંહ નોકરીએ રેહીચ તે મને મલવા આવીતી. બાઇ એ કંઇ છજારડી પીંજારડી નથીજો.

કુંવર—વારૂં પણ આય ભપકાદાર સાડી એને કોણે આપી ખરૂં કહે?

ગુલી—એ તો મારાં બાઇ એમીબાઇએ અપાવીછ.

કુંવર—ઉભી રેહ હું કાગળ લખી પુછાવી બધું ખરૂં નરૂં કરાઉંચ. પણ જો હવેથી તું મારા ઉંબરપર પગ મુકસે તો ચોટલોજ ધરીને રોરસ જો (ગુલી છનકો કરી જાય છે.) જોઇ કે? મુઇ કેટલા નખરાં કરી ચાલેચ તે? મરે સુના તું પણ પાણીની નેહેર ચલાવી મેરી કોરડીને કોરડીજ રાખેચ? હું જાનુચ, આય સાડી મારા ભોલા ધનજીએજ એને અપાવીચ.

સુના—બાઇજી ગમે તો તમે એમીબાઇને કાગલ લખી પુછાવી જોવો. શેઠ તો કાદારના બહાર સધાવ્યાચ ને ઘેરમાં અમે બેજ જનીઓ ઉતી.

[બન્ને જના ગુસ્સામાં ઘેરમાં જાય છે.
બીજી તરફથી એમી આવે છે.]

એમી—(મનસે, ફીટ થઇ આવતાં) મરેરે આજે એ શું થયું? માથું કેમ ફરેચ? (માથું દાબેછ) ઓ ઓ વળી હું ફેંટ થવસ.

ફ્રરામ—(દાખલ થતાં મનસે) એ મારી કુંવરને બધેબધ સોધી પણ તેની ધનનસલ મળે નહિ. હવે એને કાંહ સોધું? (એમીને ફેંટ થતી જોઇ) પણ આય કોણ? બીચારીને ફીટતો નથી થઇ આયું?

[ફ્રરામ દોડી જઇ ફેંટ થતી એમીને હાથમાં ઝીલી લઇ હુશીયાર કરવા તજવીજ કરે છે.]

એમી—ઓ-ઓ-ઓ! [એમીના હાથમાંથી ફોટો પડી જાય છે.]

ફ્રરામ—ના ધભરાવો બેહેન ના ધભરાવો. (પવન નાંખતાં) કોણ જાને બીચારી કેવીક દુખી દરદી હોસે? પણ દેખાવમાં કેવી પુતલાં જેવી છેજે. જાને જાને મીનનું પુતલું.

કુંવર—(કુતરૂં ભસે છે તેને હાંકવા અગાસીપર આવે છે.) એ આય કુંતરાં કહાં ભસેછ? (સામે જોઇ) પણ આય રસ્તામાં કોણ? ઓ માયરે એ ફ્રરામને શું થયું? બલેરે બેગાની અક્કલ. તદન સરમનો છેડો માથે મુકીયોચ. કેવી ખાસ્સી રીતે મુઇને છાતીપર લઇ ઉભાચ. મુવા માટીડા પણ બધા બેશરમ હોયછ. ભર રસ્તાપર બેમાન દેખારતાં જરા શરમાંતાં નથી.

ફ્રરામ—(પવન નાખતાં) બીચારી પસીનાથી કેટલી બધી તરબોર થઇચ? એના ગાલ કેટલા બધા ગુલાબી છે!

કુંવર—ઓ બુસુર, ઇમાંસ મુઇના ગાલ પસવારેચ. આ બુઢા, આ દેખાવ જેવા કરતાં મારી આંખોજ કાંય નહિ આંધરી થતી? હું કદી મકી એવન સાથે નાટક જેવા ગઇ હોવસ, તો તાંહ બફારાથી મુંજઇ બફઇ જાઉંચ તોબી એ માટીડાએ જુદઇએ કદી પંખાથી પવન નથી નાખ્યો, પણ એ મુઇ દહાને પસીનો પરીયોચ તો તે તુર્છી પવન નાખેચ. એ મુઇને પણ છાતીપર માંથું મુકતાં સરમ નથી આવતી!

ફ્રરામ—કેમ બેન, હવે કેર નરમ પડીયાચ કે! (કાનમાં બોલે છે.)

કુંવર—મરેરે મુવાં કોતક જોયાં? છેક ગાલ નજીક મોહોનું દાબતાં સરમ નથી આવતી! અરે લોકની સરમ નહિ હોય તો જરા ચાંદ સુરજનીતો શરમ કરવીતી!

એમી—(સુદ્ધિમાં આવતાં) ઓ એ મને શું થયું? માફ કરજોજી, મને એમ જરા જરામાં ફેંટ થવાની મુઇ માઠી ટેવ પડીચ.

ફેરામ—આય સામુ ઘેર મારૂંજ છે, જરા ગમે તો અંદર આવી બે ઘડી આસાયસ લેવો.

કુંવર—(મનસે) હવે તો એ દદાને સોભતા ધનીજી ઘેરમાં ઘાલવા માગેચ. પણ એ મુઇના લટીયાં નહિ પીખું તો મારૂં નામ નહિ.

ફેરામ—તમારી છાતી કેટલી બધી હાંફેચ?

એમી—જરા હાંફ ચડીચ, ને જરા થાક લાગીચ, તેથી છાતી ધપકેચ.

કુંવર—તમારાં કાતકને ભુસુંરે. હું એ મુઇ બેસરમને હવે નાકજ કાપી હાથમાં આપુંચ. (ગુસ્સામાં હેઠે ઉતરવા જાય છે. સીઢી ચુકતા પટકાય છે.)

ફેરામ—બેન તમારૂં નામ શું?

એમી—(શરમઇ) જી મારૂં નામ તો એમી છે. ને હું આય મોહોલ્લાને નાકે રેહુંચ.

ફેરામ—વાહ તાહારે તો તમે અમારા પડોશીજ કેહવાવો, ચાલો હું તમુને તમારા ઘેરવેર પોહચારીજ આવું.

એમી—ચાલોજી જરા મને મારા ઘેર વેર મુકતાજ જજો, નહિ તો વરી ફીટ થઇ આવસે તો ઓતજ્ઞ.

ફેરામ—ચાલોજી, સેવક ખડે પગે તૈયાર છે. (બન્ને સામી તરફ જાય છે, કુંવર લંગડાતી છેડાયલી દાખલ થાય છે.)

ગાયન.

કુંવર—(ગુદન દાબતાં આવી) મરેરે મારા નસીબ, મુવાઓને ફજેત કરવા દોડા દોડી કરી દાદરપરથી ઉતરવા ગઇ તો પગ સરી જતાં ઝીખઇ ગેઇ, ને અધુરામાં પુરો પગ મોરચાયો. (તેટલા સમીપર નજર પડતાં તે ઉચકે છે) પણ આય સું? ખાસ્સી સાબેતી. પેલી મુઇનાં કોઇ ઓરખીતાનો ફોટો લાગેચ અને તે મારા ધણીજીએ અદેખા થઇ નાખી દેવડાવ્યોચ. (સુનાને બહારથી આવેલી જોઇ) જોની જોની મુઇ તેઓ કાંહાં જઇ ભરાયાંચ?

સુના—બાઇજી હું તમારી ચીઠી એમીબઇની આયાને આપી આવીચ. પણ આવતાં આવતાં રસ્તામાં શેઠને કોઇ છોકરી સાથે જતાં જોયાં. જુઓ તેઓ ચાલ્યા.

કુંવર—મરેરે! અમો બૈરાંને તો મુઇ બહાર જવા આવવાની પણ ચોરી, સગાં વહાલાંઓને જઇ મલવાની બંદી, અને માટીડા આ ખુલ્લા રસ્તાપર ગમે તેમ છડેછોક કૌતક બતલાવતા ફરે તેનું કંઇ નહિ. સત્તા થઇ ત્રદસ્થ બનીને ફરેચ, એ જુલમ હવે ખમીએ તે કેમ?

સુના—તમે કેહેવોચ તે ખરૂંજ છે બાઇ.

કુંવર—મારૂં ચાલતું હોય તો માટીડાઓનાં પગ એવા કાપી મુંકુ કે ઘેરમાંથી બહારજ પગ નહિ કાહાડે. પણ વારૂં સુના તું એ છોકરીને ઓરખેછ કે?

સુના—હારે બાઇ, એ તો પેલાં મર્ઝીઆઇની ભાનેજ થાયછ, ને રેહેચબી સાથેજ.

[ફરામ દાખલ થઇ બન્નેને વાત કરતી જોઇ વેહેમઇ છુપઇ સાંભળે છે.]

કુંવર—શું તું ખરૂં બોલેછ? ખરૂં કેહેજે તું તેને ચોકસ ઓરખેચ કે?

સુના—બાઇજી, હું બોલી તેમાં એક બોલ પણ ખોટો નથી. એ અંહી નજીકજ રેહેચ.

ફરામ—(મનસે) એઓ શું મસલત કરેચ? અંહીથી બરાબર નથી સંભલાતું. હા, ત્યાંહ જઇ ઉભો રેહું.

[બીજી તરફથી કાન દઇ સાંભલે છે.]

કુંવર—તું મરેરે સુના. હવે તો મને તારીપર પણ ભરોસો નથી. નહિ તો નાગનને **પાલી** ને તેજ કરડી **ચાલી** તેમ ના કરતી.

સુના—બાઇજી વીસવાસ રાખો હું દગો નહિ કરશ.

ફરામ—(મનસે) હજી બધી વાત મોઘમમાં થાયછ. સાબેતીની કડી હજી જડી નથી.

કુંવર—હવડાં તો તું તારે કામે જા. મને મારા કાગલનો જવાબ હમનાજ મલસે. 'મરઘાને ટોપલા તળે ઢાંકી મુકવાથી કંઇ સહવારૂં પડવાનું થોબતું નથી.' હુંજ હવે તેની તપાસ કરશ.

ફરામ—(મનસે) કંઇ સમજ નથી પડતી, બાઇ સાહેબ કોણ જાને શું સ્ત્રી ચરીત્ર બતાવેચ?

કુંવર—ચાલ ઉભી સાની? જા અંદર જઇ મર! (તે જાય છે. કુંવર પોતાને મલેલી સબી ધારી ધારીને જોય છે.) કેવી મજેહેની આય છબી છે જો? અમારા શોભઇતા ધણી જેવા ધણી મલતાં, મુઇએ આય ખુબસુરત સીકલને ફેંકી દીધી?

ફેરામ—(દુરથી ટીગઇ જોતાં) એ શું? જાંહ છે તાંહ, એના કોઇ વહાલાનો ફોટો દેખાયચ. હા હવે જનાયું, અગીયારીમાં જવાને મસે આય ફોટો લઇ આવીચ કે?

કુંવર—(મનસે-સબી જોતાં) ચેહેરો કેટલો બધો ખુબસૂરત છે? આવા મજેહના સોભઇતા હીરાને ફેંકી મારા ધણીજીમાં એને સું હીરા જડેલા દેખાયા હોશે? (ફોટો સુંઘે છે)

ફેરામ—(બાજુમાં ગુસ્સાથી) અરર હવે તો બેહયાઇની હદ થઇ. આય ફોટોને ચુમી લેતાં પણ શરમાતી નથી. શું કરૂં હાથ એવા વવળેચ કે એક તમાચોજ ઝોટી કહાડું, પણ જવા દો, ઓરત જાત પર હાથ ચલાવવામાં બહાદુરી સાની?

કુંવર—અરે અભાગની તારે સારે નસીબે એવો મજેહનો ધણી મલેલો ઉતો તો તેને એમ છાતી સરસો ચાંપી જાલવવો જોઇતો તો? (છાતીએ દાબેછ) પણ પરખ જોઇએની? ગમારને હીરાની શું પરખ? મારા પણ જંગલી ધણી છેની?

ફેરામ—(જાહેર થઇને) હું તારો જંગલી ધણીકે? અને આય તારો રંગીલો આશક કે? હવે કેવી મુદ્દા પુરાવા સાથે સપડાઇ?

કુંવર—હું નાહાસી કહાં ગેઇતી જે તમે મને પકડી પાડી? હું તમારા સંકજામાં જનમ સુધીનીજ સપડાયલી છું. હવે તમુને ઘેર આવવાની ફુરસદ મલી કે?

ફેરામ—મને પેહેલે આય વાતનો જવાબ આપ?

કુંવર—કંઇ વાતનો?

ફેરામ—આય શું છે? (ફોટો બતાવેછ.)

કુંવર—આય તમારી બેશરમિની સાબેતી. (ફોટો ઝુટવી લેછે.)

ફેરામ—મારી બેશરમઇની નહિ પણ તારી બેહયાઇની સાબેતી છે એમ બોલ. (થોભી વિચારી) પણ જવા દો મારી પણ એમાં બેહયાઇ છે તેમાં નવાઇ નથી.

કુંવર—નફટઇથી કબુલ કરતાં શરમ પણ નથી આવતી?

ફરામ—ખરી વાતમાં શરમ સાની? પોતાના આશકનો ફોટો લાવી તેને ચુમી લેતાં અને છાતીએ દાબતાં હું મારી ખુલ્લી આંખે જોઉંછ, છતાં તુને બેહોરમત કરી ઘેર બહાર કાઢી મુકવાની હિમ્મત કરતો નથી, ત્યારે એમાં શું મારૂં હિચકારાપણું નથી?

કુંવર—જુવોની બગલા ભગતજી, થોડો વખત પણ થયો નથી; ખુલ્લા ચોગાનમાં બારીની સામે, તમેજ કોઇ પરઇ છોકરીને છાતીસે દાબી ચાંપી નાટક કરી બતલાવ્યો, તે શું હું જાનતીજ નથી એમ સમજોચ કે?

ફરામ—શું બોલી ફરી બોલ?

કુંવર—સાડીની સેર સરી પડેલી, તેના નાજુક હાથ તમારા ખભાંપર, પોતાનો હાથ તેના ગાલપર, જાને હું આંધરી હોવાથી જોતીજ નહિ કેમ?

ફરામ—(મનસે) અરરર માર્યા ઠાર. હવે સમજ પડી. પેલો દેખાવ એણે છુપાઇ જોયેલો લાગેછ. જેઓને ખરી હકીકતની ખબર નથી તેઓ બુરો વિચાર લાવવાનાંજ તો (નહાસવાના હીલ્લાં બહાના કરેછ.)

કુંવર—કેમ હવે મન સાથે શું બબરોછ? એ બધું હું સમજુંછ. હવે પાપ ફુટું તો સામી સરજોરી કરી ધાંધલ ધરપચથી બહાર સટી જવા માંગોચ, એ હું કાંહ નથી જાનતી? મરે બલ્યું એવું બૈરાંઓનું જીવતર! (રડતી જાય છે.)

ફરામ—(તેને જોતાં મનસે) ચોરીની ચોરી, ને સામી સરજોરી, ને ઉપરથી છનકો કરી કેવી ચાલી? હવે તો બધે બધ ફરી આય ફોટોમાંનો માનસ સોધવો જોઇએ. હવે એ નહિ જોયલા ધૂવડને કાંહથી સોધી કાઢું? ફીકર નહિ. હિમ્મતે મરદાં ને મદતે ખુદા!

[બહાર જવાનું કરેછે કે સામો એક નોકર ચીઠી લઇ આવે છે.]

નોકર—ઓ હેઠ, ફરામરોજ હેઠનો એજ બંગલો કે?

ફરામ—કેમ તેમની સાથે તુને સું કામ છે?

નોકર—મને તેમની હાથે કામ નથીરે, પણ તેમનાં બૈરી હાથે કામસે.

ફરામ—(મનસે) મારી સાથે કોઇને શું કામ હોય? બધું કામ મારી બૈરી સાથેજ. (મોટે) વારૂ તું કોનના તાંહથી આયોછ?

નોકર—હેઠને કેઉં તે, હું તો છેક પેલા નદી પાંહેના બંગલા તરફથી આવેલો પણ મારા હેઠનું નામ કોઇને કેહેવા ના કીધેલું હઉવે.

ફરામ—(એક રૂપ્યો આપી) ચાલ આય લે, હવે બોલ જોઉં નામ ? તું મને તારા શેઠનું નામ જનાવશે તો, તેને કોણ જઇ કેહેનાર છે ?

નોકર—(રૂપ્યો લઇ મનસે) હા એબી ખરૂં. મારા ફીરોજસાહેબે આય ચીઠી ફરામરોજશેટના બૈરીને હરસે પોહચારવા આપેલી.

ફરામ—એમ છે ? ત્યારે તો હુંજ ફરામરોજ છેઉં, અને મારી બૈરી બહાર ગેહ્ચ. ચાલ લાવ જોઉં કાગલ.

નોકર—મને તો હેઠે કીધેલું કે ચીઠી બાઇનેજ આપવી. હઉવે.

ફરામ—(બીજો રૂપ્યો આપી) ચાલ લે આય બીજો ચાટલો. અને તેં બાઇનેજ હાથોહાથ કાગલ પોચાડ્યું ચ એમ જનાવજે, બાઇ આવતાં હુંજ આપશ.

નોકર—લો હેઠ (મનસે) બાઇનું કાગલ તેના ધણીને હાથોહાથ આપવામાં હું ખોટું થાહે ? (મોટે) તમે તો તેમનેજ આપહો એવી મારી ખાતરી છે. હેઠ હાએબજી. (જાય છે.)

ફરામ—તું તારા શેઠને કહેજે કે, કાગલ બાઇનેજ પોહચાડ્યું. જો બીજું કંઇ ના બોલતો. (મનસે) મારી બૈરીપર ચીઠી શા માટે ? તેની સાથે એને શું સંબંધ ? તેને એની સાથે શું નીસબત ? જાંહ છે તાંહ એમાં કંઇ કાળું ઘોળું જનાયચ; વાચુંતો ખરો ? (વાંચેછે) "મેહેરબાન કુંવરબાઇ, લખવા અરજ એ છે જે તમારી ચીઠી મને મલી. સુનઇને હાલમાં મહીરે મોકલાવીચ. હજી ૧૫ દિવસ પછી ઘેરે પાછી ફરશે. આથી હુંજ જવાબ લખુંચ કે તમે પુછાવેલી વાત માટે કસીજ ફીકર ના કરતા, ગુલી હમારા ઘેરની વિસવાસુ ચાકરડી છે. તમારા અને તમારા ખાવીંદ વચ્ચે મીનાકેસો ઉઠવાની કશી ફીકર નથી. એપરથી ટુંકમાં બધું સમજી જશો, હાલ તો એજ અરજ. લા. દુવાગો ફીરોજ." (મનસે) ખાસ્સી બાજી "સુનઇને મહીરે મોકલાવી દીધીછ ? હજી ૧૫ દિવસ પછી આવસે" એટલે તાંહ સુધી બન્નેને મજાહ છે, ચાલો હવે સાબેતીપર સાબેતી જોઇએ તેટલી મલવા માંડીચ. આય ફોટો, આય ચીઠી, હજી જરા ધીરજ પકડસ તો પુરેપુરો સુદોજ મલસે. હવે તો તેની

વાસ્તાસ્તુ ગુલીને મલી તેને ગમે તેટલા પૈસા આપી મેળવી લેવી, તે પછી આય બદકારોની બદકારીની નાલેશી જાહેર પાડવી. ખાસી સુઝી, અછી સુઝી (તેડે છે) શેહેરીયાર, ઓ શેહેરીયાર !

શેહેરીયાર—કેમ શીઠ બરાડા સાનાં પારેચ ?

ફેરામ—જોની તું મારો ઇમાની નોકર છેની ?

શેહેરીયાર—બેશક.

ફેરામ—પેહેલે હું તુંને પુછું. કોઇ ગુલી નામની ચાકરડીને તું ઓરખેચ.

શેહેરીયાર—હેં શીઠ ? એ તો આપરી સુનાઇને મલવા રોજ રોજ આવેચ ને હું પણ ઓરખેચ. ઘની ઘની મજેહના નકરી નકરી મેઢમ જેવી છે. (સુના હરૂસે આવી સાંભલેચ.)

ફેરામ—(મનસે) એના ઓરખાનની છે, અને તે સુનાને રોજ મલેચ, ઠીક ઠીક સાંકળની કડીપર કડી મલવા માંડી, (મોટે) વારૂં જો, તું હરૂસે જઇ ગુલીને મલી કેહેજે કે હું તેરાઉં તે વખતે કોઇ જોય નહિ તેમ મોહનાપર શાલ ઓઢી મને આવી મલે, પણ જોજે શાલ ઓઢીનેજ આવવા કેહેજે.

શેહેરીયાર—પણ શીઠ એમં તું એ ગોરી ગોરી ગોલમડીને શું કરેચ ?

ફેરામ—બસ તું મારૂં કામ કર, ને તારૂં ઇમાનીપનું બતલાવી આપ ! પન જોજે એ કુંવરબાઇને જનાય નહિ હં.

શેહેરીયાર—ઠીક હું પોશીદા રાખશ પણ તેને ઘરખાથી ઘોંકી લાવેચ, ને જો કોઇ જોયચ તો તું શું કરસે ?

ફેરામ—તે તે મારૂં કામ છે. બસ તેને મોહનાવેર શાલ ઓઢીનેજ આવવા કહેજે.

શેહેરીયાર—તારે હું હમણાજ જઇને કેહેચ (જાય છે.)

ફેરામ—જો મારી આય ગોઠવણ પાર પડી તો પછી એ દહાને બરાબર બતાવિશ. પન તે પેહેલાં હવે આય કોટોમાંના સાહુકારને તો સોધી કાઢું ? (જાય છે.)

સુના—(બહાર આવી મનસે) ઓ માવરે. એ માટીડાઓ છુપાછુપ મલી કેવા કાનસલ કુનસલ કરેચ જો ? હવે હુંબી ખરી કે મારી ગુલીને મલીને એ મુવાઓને પણ બનાવિશ (જાય છે.)

અંક ૧ લો—પ્રવેશ ૪ થો.

સ્થળ—રસ્તો.

[અદી સાથે રૂસી આપસમાં વાત કરતા દાખલ થાય છે.]

રૂસી—તારી ધારણા મુજબ બધી વાત બની, પછી તું એમ ઉદાસ કાંય ફરેછ ? હવે તો તુને બસ ખુશ ખુશાલ થઇ ફરવું જોઇએ. કેમ કે તુને જે બુલબુલ મલ્યુંછ તે તો હજારમાં એક છે.

અદી—બુલબુલ મલ્યુંછ ખરૂં પણ તે ઝેરી નીવડશે એવો બધો રંગછે.

રૂસી—પણ થયુંછ શું ? ફરી કાંઇ 'ડીપોટ'માં તોફાન જાગ્યુંછ કે ?

અદી—દીકરા તે પુછજ ના. કાલે રાતે મને નહિ ધારેલી એમી મલી. અમો ફરવા ગીયાં, પણ અમો વચે કંઇ એવો તો મતફેર પડયો કે હકનાહક મીનાકિસો કરી અમો છુટાં પડયાં.

રૂસી—અરે તારૂં ભલું થાયરે, એ તો નવા પ્યાર કરતાં જોડાં એવાંજ હોય. જરામાં મળે ને જરામાં રૂસાય, ત્યારેજ મોહબતની કદરબી થાય, ને લગન સંધાય ને રસકસ જણાય.

[બન્ને આપસમાં વાત કરેછે. ફરામ દાખલ થાય છે.]

ફરામ—(મનસે) ખુન કરી નાહાસી ગયલા અંગ્નણા ધણીને આટલા વખતમાં પકડી પાડયો હતે, પણ મારા હાથમાં આય ધણીનો 'ફોટોગ્રાફ' હોવા છતાં તે મને જણાતો નથી, ઘણુંજ અજબ જેવું (સામે અદી-રૂસીપર નજર પડતાં) પણ આય મારા ઘેર તરફના રસ્તાપર એઓ કોણ ફરતા ફરેછ ? જોઇએ કદાચ ચેહેરો મળતો જણાય તો ? (નજદીક જઇ) પણ એમની સાથે વાત શું છેડું ? કંઇબી અડાવશું (બન્નેની વચમાં ઘુસી રૂસીભણી જોતાં) શેઠ સાહેબ, મહેરબાન, કદરદાન, કેમ છેવો શેઠીયા.

રૂસી—(અજબ થતાં) એ વલી કોણ ?

ફરામ—(આંગળેથી વીટી કાઢી રૂસીને આપેછે) જુઓની બપાવા, જરા આય વીટીમાંનું નંગ પારખસો ? કેટલાની કિંમતનું આય નંગ હોસે ? અજમાસે જેબી કિંમત અંકાય તે જણાવજો.

રૂસી—બાપુ મને હીરાની પરખ નથી, તે છતાં જોઇએ.

ફુરામ—(છબીને ધારીને જોય છે) (સ્વગત) નાક તો સરખું જણાયછે, પણ ભવાં—

રૂસી—આય વીટી શું લીલામમાં લીધીછ કે બપાવા ?

ફુરામ—બપાવા તમો કિમ્મત આંકીયા જાઓ (છબી સાથે) આંખો બરાબર મળતી નથી, જરા બાજુથી જોઉં ? છટછટ તદન ફરક, તે એ નહિ.

અદી—રૂસી તુંબી સું જો, એ દેવાના સાથે તું કાંય મેડ થાયછ ? જોતો નથી વીટી પારખવા કહેછ ને મનસે બકબકારો કરેછ. ચાલ આપણે તેણીને જઇ ફરી મળીયે.

ફુરામ—(અદીનો સાધ સાંભળતાં જોઇ છે ને ચોંકે છે) હં ? તમે કોણ ? આબાદ એજ શકલ (સ્વગત) એઓ હવે તેણીને ઘેરે જવા માગેછ તે કોણના હોશે ? મારી બૈરીનાંજ ઘેરે તો ?

રૂસી—હુંતો ભોલાઇમાં ખરૂંજ સમજીને હીરાની પરખ કરતો તો; પણ કાકા તો કેથા ચકડોળ જણાયછ. લેવો કાકા આય વીટી, અમે કંઇ ઝવેરી નથી; ઝવેરી બજારમાં જઇ અંકાવો.

ફુરામ—(મનસે) આબાદ તેજ.

અદી—રૂસી જલ્દી કર. નહિ તો વળી તે હમણા બહાર ફરવા જતી રહેશે તો ફોકટનો ધકેલો પડશે. [બન્ને અપસમાં વાતો કરેછ.]

ફુરામ—(મનસે છબી જોતાં) મને તો આબેહુબ એજ ધણીની આય છબી જણાયછ. એક ઠેકાણેથી જોતાં બરાબર પરખ થતી નથી ને સાબેતીની સાંકળ પણ સંધાતી નથી. હા; એક રામબાણ ઇલાજ અજમાંઉ (ગાયછે—) "પર નાર ઝેરની પ્યાલી–તજ ધ્યાન બદીનો ખ્યાલી" (મનસે આબાદ ચેહેરો તો એજ એજ છે (મોટે) "પર નારની તજ દિલદારી, થસે ત્હારી નક્કી ત્યાં ખ્વારી."

રૂસી—અરરર આય કાકાતો તદનજ મેડ જણાયછ.

ફુરામ—(મનસે) દેખાવે જુવાન, ભવાંપર કમાન, આબાદ મળી નીશાન, હવે શું જોઇએ સાબેતી ? (મોટે ગાય છે) "પર નારની તજ દિલદારી, થસે ત્હારી નક્કી ત્યાં ખ્વારી."

અદી—રૂસી હવે સંભાળીને વંજો માપ; નહિ તો છુટો પથ્થર મારી બેસસે.

ફ્રરામ—(મનસે) મારી કવિતા સાંભળી બન્ને કેવા ચોંકેછે ? બસ નક્કી એજ બદમાશ.

રૂસી—આય મેડમેનને ખુલ્લો ફરવા દેવો ઠીક નથી. છુટો ફરવા દીધાથી કદાચ પથરાબી મારસે.

ફ્રરામ—હમણા સુધી દૂરથીજ તીરકમાન ફેંકી આબાદ સાબેતી મેળવી. હવે નજદીક જઇ તપાસ કરવી સારી (પાસે જઇ) સાહેબો તમે કંઇ નવી વાત જાણોછો કે ? આય સાલ યુરોપની લડાઇને લીધે જરમનીમાં બલવો જાગવાનો છે.

અદી—(હસતાં) બલવો ? કાકા તમારા શેરમાંતો બલવો નથી જાગ્યો ? રૂસી જોયું એ કોઇ બલવાખોરોનો મીલાપી જણાયછે.

રૂસી—હમણા તો મને એ હીરાની કિંમત પુછતો હતો.

ફ્રરામ—તદ્દન મળતાપણું. આબેહુબ એજ ધણી. "પર નાર ઝેરની પ્યાલી, થશે નકી તહારી ખ્વારી."

અદી—રૂસી તુંબી શું જો એ દેવાનાને જોવામાં સાનો ગુંથાએલછ ?

રૂસી—ઠીક છે કે બીચારો કોઇને પથરા મારતો નથી.

ફ્રરામ—જરા સબર કરો સાહેબો. બસ એકજ વાતનો જવાબ, ને પછી તમામ ખલાસ. તમારૂંજ નામ ફીરોજશાહ છેની ?

અદી—(હસતાં) ફીરોજશાહ મારૂં નામ ? નહિ બા, મારૂં નામ તો અરદેસર છે.

ફ્રરામ—તમારૂં નહિ તો તમારા ભઇનું, કાકાનું, બાપનું, મામનું, માસીનું, કોઇનુંબા છે ખરૂંની ?

અદી—બાપુ મારો બાપ હૈયાત નથી, કાકો નથી, મામો નથી બધા કેદહારના સધાવી ચુકાછે.

ફ્રરામ—તસદી માફ કરજો; પણ ખરૂં કેહુંછ મારી પાસે એક ફોટો છે, તે અને આય તમારો ચહેરો આબાદ મલતો આવેછ. જો મરજી હોય તો જરા બતાવું તો તે જોવાની તકલીફ લેશો ?

અદી—રૂસી એતો આપુને મેલું વલગ્યુંછ. જવા દેતો નથી કે પાધરી વાત કરતો નથી. (હસેછે.)

ફ્રરામ—(મનસે) બચ્ચાજી હસો, હસો, પણ તમોજ એખલા શું હસોછ ! હવે તો મને તમામ ગામ હસસે. (ફોટો દુરથી બતાવેછે) જુઓ

આય ફોટો કેવો છે ? (પાછો છુપાવે છે) પણ જવા દેવો.

(અદી પોતાની છબી જોઇ ચોંકેછે.)

અદી—અરે એ શું ? મેં તેણીને આપેલી છબી તે એજ. રૂસી થઇ ચુકું ! મેં ધાર્યું તેમજ થયું.

[અદી ફોટો જોવા આગળ ધસતાં ફરામ પાછળ હટેછે.]

ફરામ—(ફોટો દાબી) હા ગોલી અચુક લાગી. હવે થઇ ચુકું, મેં ધાર્યું તેમજ થયું.

રૂસી—(બાજુ) અદી તું એને સેહેજ વાતમા પાડ કે હું સબી પસાર કરૂં.

ફરામ—(મનસે) હવે બન્નેની મસલહત શરૂ થઇ. બચ્ચા પોબારા ગણ.

અદી—મેહેરબાની કરી ફરી એક વખત ફોટોગ્રાફ બતાવસો શેઠ ?

ફરામ—સાહેબજી શેઠીયા સાહેબ મેહેરબાન (જવા કરેછે.)

અદી—બસ એક વખત બતલાવી ચાલતા થાઓ.

ફરામ—શું ફરી બતલાઉં ? કદી નહિ, હરગેજ નહિ.

અદી—ગમે તો તમે દુરથી બતલાવો.

ફરામ—આય ફોટો તદન કંગાલ હાલહવાલ છે. કોઇ ભમતા ફોટોગ્રાફરે તે પાડેલો લાગેછ.

અદી—જરા બહાર તો કાઢો ?

ફરામ—(મનસે) હવે એઓ ગોહોનીપર આવવાના. હવે તો નહાસવું ઠીક. નહિ તો એ પડીયા બે જણા, મારો આટો લસન કરી નાખશે. (દુરથી બતલાવતાં) સાહેબો એટલા ના ચોંકો. તદન કંગાલ છબી છે, હાલમાં મને પુરસદ નથી. હવે નજદીકથી કાલે બતાવસ. સેવકનું નામ ફરામરોજ ફદલાદીન છે સમજ્યા ? સાહેબજી. [જાય છે. બન્ને ચોંકેછે.]

અદી—રૂસી મે એમીને આપેલો મારો ફોટોગ્રાફ તે એજ છે.

રૂસી—સાપરથી તે એજ હોશે ?

અદી—શું હું આંખે આંધળો છેઉં ? મારી બેસવાની ઢપછપ, પાસે મુકેલો બુકકેસ આબાદ મે તેમાં જોયો. બા જ્યાં છે ત્યાં એ બેવફાએ આય અધ-ચકડોલને પસંદ કરી તેને આપેલી જણાયછ.

રૂસી—આય તારા વેહેમી સ્વભાવને શું કેહું ? એક ઘેલાના હાથમાં છબી જોઇ, પછી તે તેને કહાંથી મળી, કેમ મળી, કોણે આપી તે પુછીયા વગર બસ વેહેમી થઇ 'એમી'ને સાનો બદનામ કરેછ ?

અદી—હું મારા અનુમાનમાં ભુલતો હોવું તો કહે તેવી સરત બકું. મારી સબી એમીએજ એને આપીછ, અને મને ચીરડવવા આય વેલાને મોકલ્યોછ; હવે મારી કીમત થઇ ચુકી. ગરમ ગરમ ભેભટમાં પગ મુકવો અને દાઝી ગીયો કરી રડવું, તેવી, મારી હાલત થઇછ.

રૂસી—પણ એક વખત તેણીને મળી પુછી તો જો?

અદી—હા ચાલ. તું કેહેછ તેમ તેણીને જઇ મળી પુછી જોતે.

[બન્ને જાય છે. ફ્રરામ છેડાયલો બહાર આવેછે.]

ફ્રરામ—ચંડાલો હવે ગીયા ખરા? એજ બદમાશે મારા સંસારમાં ઝેર મેળવ્યુંછ. હજી એમની પુઠ પકડવી ઠીક નહિ. સબબ એણે જણાવેલું નામ ખરૂં હોસે એ કેમ માનું? તેની પણ તપાસ કરવી જાઇએ, એનું નામ નિશાન મેળવું; ને પછી બૈરીને કેહેવશ આય પુરાવા ને આય સામો તારો રસ્તો. ચોર! બેઇમાન.

[ફ્રરામ વેહેમી બની જતાં બીજી ગમથી એમી દાખલ થાય છે.]

એમી—(મનસે) આજકાલ કોન જાણે મારી સુધ કહાં ગેઇછ? મરેરે સુધલોજ રેહેતો નથી! જરામાં ચીરડાઇ ઉઠુંછ, જરામાં મરાઇ પડુંછ, જરામાં રૂસાઇ જાઉંછ. કોણ જાણે એ મુવું શું થયુંછ? આવા સુધલામાં ને સુધલામાં અદીએ આપેલો 'ફ્રોટો' કોણ જાણે કહાં મુકી ભૂલી ગેઇ, કે રસ્તામાં પડી ગીયો તેનીબી સુધ્ધ નથી. હવે એવણ જો પોતાનો ફ્રોટો પાછો જોવા માંગશે ને જો હું નહિ બતલાવશ તો એ **વેહેમનું બારદાન** શું નું શું કરશે? જોઉં તો ખરી! આય રસ્તાપરથી એવણની સાથે ફ્રરવા જતાં કેથે પડી ગીયો તો નહિ હોય?

[આસપાસ શોધેછે. તેટલાં રૂસીને અદી દાખલ થાય છે.]

અદી—જોયુંની વીકા મે શું કહ્યું. એ મને હવે તદનજ મુલાકાત નથી આપવાની. ઘેરમાં હોશે તોપણ કેહવાડસે કે બાઇ બહાર ગીયાંછ, જાણે હું એનો ગુલામ હોવું તેમ કુતરાની પેઠે એની પછવાડે ભમતો ફ્રરી ધકેલા ખાયા કરૂંછ.

રૂસી—અરે વેહેમના બારદાન કદાચ તે કામેકાજે ગેઇ હોશે. જુઠા આનુમાનપર ત્હારો સુરીયાનો વિચાર ના દોડાવ.

અદી—જો જો રૂસી એ અત્રે ઉભી ઉભી કોઇની વાર જુવેછ.

એમી—(જોતાં) કોણ અદી ? આવો રૂસી ભઇ, કેમ તમે કહાં જતાતા ?

અદી—અમે કે નહિ ? હા-અમે-કે-નહિ-કે હું તે-(ગંગેટાઇ છે.)

રૂસી—એમીબઇ અમે તો તમારા ઘેર તરફથી હમણાજ પાછા ફર્યાછ. પણ ચાલો તમે મલ્યા તે ઠીકજ થયું; પણ તમે અહી શું શોધોછ ?

એમી—કંઇ નહિરે અમથી અંહી ફરતી હતી.

અદી—(ચેસ્ટા કરેછ) આય ખુલ્લા ચાંદરણામાં રસતા વચ્ચે ફરતાતા કેમ ?

એમી—(ભોલાઇમાં) જોવની અદી, તમે આપેલી છબી મારાથી કેથે મુકાઇ ગેઇછ, તે શોધતી હતી.

અદી—ખાસ્સું. સબી ઘેરમાં ખોવાઇ ગેઇ ને તેની શોધ ભર રસ્તાપર કરોછ ? ઠીક, ઠીક.

એમી—મને તો લાગેછ જહાં છે તહાં તમેજ જાણી જોઇ સાંતીને મારૂં પાકવોછ.

રૂસી—ખરેખર તે અમારી પાસે નથી.

અદી—(બાજુ) કેમ રૂસી મારો વેહેમ ખરો પડયોકે ? મને ખબરજ ઉતીરે ? (મોટે) એ અમારી નજરબંદીની ચાલાકી નથી પણ તમારી.

રૂસી—(બાજુ) ચુપ. અદી એ હું કંઇ મશકેરીમાં નથી બોલતી, તું જરા ધીરો પડ.

એમી—પડી ગેઇ હોશે મુઇ. મલવાની હોશે તો મળશે, હું કાંય મારો જીવ બાળું ?

અદી—(રૂસીને) જોયું ? મેં ઘણા હેતપ્રિતથી આપેલી છબીને એ 'મુઇ' કેહેછ ? મારી છબીની કિંમત એ કેટલી ઠેરવેછ તે જોયું ?

એમી—(ઢલી પડતાં) અદી જો તમે જાણતા હોવતો કેહવોની ? તમે તો સાંતી તો નથી લઇ ગીયા ?

અદી—મને પકકી ખબર છે કે હવે તે તમુને કદીજ નથી મળવાની.

એમી—ખબર છે એટલે ? (પાસે જઇ) ત્યારે બોલોની તમારા ગજવામાંજ છેની ?

અદી—ચાલોજી દુર રહેજો, એવાં ધરાંપરાંથી સેવક પીગળે તેવા નથી તો.

એમી—આ માયરે હવે ખરેખર ગુસ્સાનો ચીલ્લો ચઢયો ખરો. હવે તો આખી હું તદન ડરી જવાની ! ચાલો ખરૂં કેહેવો તમેજ મશકેરીમાં પાછી લીધીજની ?

અદી—આવી રીતે મશકેરી કરી બીજાનો જાન લેનારી તો તું છે. તેં પણ ખાસ મશકેરી કરવા બીજાને મારી સખી આપીછ એ ખરૂંની ?

એમી—(ચીરડાઇ મરડાટમાં) હવે ગમે તેટલો પટપટારો કરી મને બનાવજો પણ હું એવી તો બેહેરી થવશ કે નો કોઠાં કરસ, પછી પોતાની મેળે પછવાડે દોડતાં આવસો. મી૰ રૂસ્તમ સાહેબજી. એવણને હવે મશકેરી કેમ કરવી તે જરા તમે શિખવજો; હું મારી મારે ઘેરે જાઉંછ. (જાય છે.)

અદી—જોયું રૂસી ? એ હવે કેવી બેપરવા બનીછ તે ? પેટમાં ચોરી હોવાથી કેવી વાત ઉડાવી સટ્કી ગેઇ ? હવે તો તારી ખાતરી થઇ કે નહિ ?

રૂસી—હજીતો મારી ખાતરી થઇ નથી કેમકે તેના ચેહેરાપરથી તેવું કશુંજ જાણાતું નથી.

અદી—તુને એ વાતમાં સમજ નહિ પડે. તારા ભેજામાં નરદમ ભુસું છે, હજી મારી ખાતરી કરવા સાબેતી મેળવશ. હવે તો પેલા ફરાગ ચકકરને શોધી કાઢી હું નકકી નિવેડો લાઉંછ.

રૂસી—તું એખલો જઇ ધકેલા પછાડા ખાયનો ઘણું સારૂં ? કારણકે—

અદી—કારણ બારણ હું કાંઇ જાણુતો નથી. તને પણ આવવું પડશે. (રૂસીને ઘસડી જાયછ.)

અંક ૧ લો—પ્રવેશ ૫ મો.

સ્થળ—જેહાંગીરના બંગલાનું દીવાનખાનું.

[કિમતી ફરનીચર, તીજોરી, એક તરફ બચ્ચાનું નાહનું પાળનું કુરતની સાથે એક કોચ ઉપર ભુચો દોલી પીકચરબુક જોય છે. બીજી તરફ બાનુંને જેહાંગીર વાત કરતાં જણાય છે.]

બાનુ—મેહેરબાનુ બોય આવતાં હોશે. આજે બપોરે તેવણને ચીઠી મલવાથી તેવણ પોતાની માયને જોવા ગીયાંછ.

જેહાંગીર—એના માય હાલમાં તદન અથા તથા થઇ રહ્યાંછ. બીચારાં બિમારીથી નાહક રીબી રહ્યાંછ.

બાનુ—જેહાંગીર તુંને તારી બૈરી ખરેખર એક ધેર શોભઇતી ફરેસ્તા ખસલતનીજ મળેલી છે.

જેહાંગીર—હા બેહેન, આજે હમુને પરણવાને ૭ વર્ષ થયાં, છતાં અમો વચ્ચેનો એખલાસ અગાઉ કરતાં પણ વધારે ધાડો થાયછ. હું જ્યાં જ્યાં જોઉંછ ત્યાં મારી આંખોમાં મેહેરાની સુરત જોઉંછ, તે મારી બાજુમાં સદા હિમ્મતથી ખડી રહેછ. તે મારા જેવા એક નાચીજપર ઘટે તેથી જ્યાદા ફીદાગીરી બતાવી પોતાનો જાન પટકેછ.

ગાયન.

બાનુ—તમારૂં આય આબાદ સુખ ખુદા હંમેશા કાયમ રાખે. (દોલીને જોતાં) બુચો દોલી ઝુંકાયા કરેછ. માયની વાર જોતાં એ પણ થાકી ગીયોછ. (તેને પ્યાસ કરી પસવારે છે.)

જેહાંગીર—મારા બેટા. તું તારી માયની ઇંતેજારીથી વાટ જોઇ જોઇ ને થાકી ગીયો હોશે, દીકરા જઇને સુઇજા.

દોલી—બાવા ? માયજી નહિ આયાં ? મને તેવણ વગર નથી સોહવાતું, મને ઉંઘ આવેછ.

બાનુ—દીકરા ચાલ હું જઇ પોઢાડું, મમ્મા આવશે પછી જગાડશ.

જેહાંગીર—મારા કલેજાને હુંજ જઇ સુવાડશ.

[બન્ને હાથમાં દોલીને ઉપાડી જેહાંગીર તેને પાળનામાં સુવાડેછે.]

જેહાંગીર—દીકરા સુઇ જા, તારા મમ્મા બોય આવશે. (કુરતની ઢાંકેછે.)

બાનુ—મારો ભાઇ કેવો સુખી છે ? એક ભલી મોહોરદાર, આસુદું ફરજંદ, પુરતી તંદરોરસ્તી ને ધંધામાં દરેક આબાદી ખુદાનીજ મેહેરથી ભોગવેછ. ખુદા મારા માયજાયા ભાઇને સદા એવોજ હસતો આબાદ રાખજે મરૂ ? જેનાં ઘરમાં ધણી ધણીયાણી ને બચ્ચાં છોકરાં સદા ખુશખુશહાલ ને સંપજમાં વસેછ, તેમના

સુખ સામે તમામ જેહાનની શેહનશાહતની મ્હોટાઇ પણ તુચ્છ છે, (વિચારથી દુખી થતાં) પણ બાનુ તું હિણ ભાગ્યની પેદા પડીછ. તને કદી સંસારનું સુખ ભોગવવાની તક મલી નથી કે દીલસોજી ધરાવનાર બાજુમાં ધણી મલ્યો નથી. (ગાડીનો અવાજ સંભળાય છે) આય ગાડીમાં તો મેહેરાં નહિ આવી હોય?

(મેહેરાં ઉતાવળમાં આવે છે.)

મેહેરાં—બાનું તું છેકે બેહેન?

બાનુ—મેહેરાં કેટલું બધું લેટ? તારી વાર તારો ધણી દીકરા જોતાં જોતાં ઇંતેજાર બની બેચેન બન્યાછ.

મેહેરાં—મારા નામનું કંઇ કાગળ આયુંછ કે?

બાનુ—હું તેનીજ વાર જોઉંછ કે કાગલ લઇ હું ઘેરે જાઉં.

મેહેરાં—બાનુ તમો લોક કેટલી હદ સુધી નાદાની કરતાં આયાંછ? મારે નામે તમે પત્રવહેવાર ચલાવી મને ઓકવર્ડ પોઝીશનમાં મુકીછ. જો મારા ધણીના હાથમાં એવું એકાદ તમારૂં કાગળ જાય તો કેવો કંકાસ જાગે?

બાનુ—મેહેરાં મને માફ કર. માય તથા ભઇથી મારી હાલત છુપાવવા થકી મેં મારા કાગળો તારે નામે લખાવવાની ગોઠવણ કીધીતી.

મેહેરાં—પણ હવે તને વધુવાર તેમ કરવું પડશે નહિ. મેં શાપુર પાસથી એવું તો વચન લીધુંછ કે તે હવે પોતાની આગલી જીંદગીને છેવટની સલામ કરી તુને સુખી કરવા કાલથી ગોઠવણ કરશે.

બાનુ—મેહેરાં તું મારીપર કેટલી બધી મેહેરબાન છે? લાખ ભોજાઇમાં તમેજ એક એવા નેક ભોજાઇ હોશો. (બન્ને કોટી કરે છે.)

મેહેરાં—મારો જેહાંગીર આવેછ.

બાનુ—આપરી વાતનો 'તોન' બદલી નાખ.

(જેહાંગીર અધીરાઇથી દોડી આવી મેહરાંને મળેછે.)

જેહાંગીર—મારી ડારલીંગ? તું કહાં ગેઇતી? તારે માટે હું કેટલો બધો ઇંતેજાર છું?

(બાનું સેહેજ બાજુ રહી બન્ને વચ્ચે વાત થવા દેછે, પણ પાસે રહેછે.)

મેહેરાં—જાબા જાગું ? તમે એમ તમારી દુશ્મેનની ઉપર ફીદા ફીદા બની મને છગાવી મુકશો.

જેહાંગીર—મેહેરૂ, મેહેરૂ તને કયાંથી ખબર હોય ? હું તુને કેવો ચાહુંછ ? તારૂં આંખોનું તેજતો મારી રોશની છે, તારા હોઠોમાંતો હું દુનિયાનો તમામ મીઠાસ ભરેલો સમજુંછ, ને તારો ચેહેરો તો મારો ઉગતો આફ્તાબ છે. તું તો મારો પ્યાર મારો કરાર છે !

[મેહેરાંના બન્ને હાથ પોતાના હાથમાં વ્હાલનાં જોશથી પકડે છે.]

મેહેરાં—ભલા ભરથારનો ચાહ એ ઓરતની જીંદગી માટે આબેહયાત છે. તે વગર તેને કદી સુખ શબ્દની યાદ આવનાર નથી. મારા ધણી તમે મારી તરફ કેટલો બધો ચાહ ધરાવોછ ? હું તમારા લાયકની કયારે થવશ ?

જેહાંગીર—તું મારી તરફ જોઇએ તેથી જ્યાદા વફાદાર ને નેક છે. તું તો મારો ફીરેસ્તો મારૂં સુખ, મારૂં સઘલું કાંઇ તે તુજમાં છે.

મેહેરાં—આપરે આપરી ઘેલી ઘેલી વાતોમાં દોલીને તો ભુલી ગીયાછ, મારૂ કલેજું કેમ છે ?

જેહાંગીર—દોલી તારી વાર જોતાં સુઇ ગીયોછ ડીયર. વહાલી તારા માય કેમ છે ?

મેહેરાં—(અજબ થઇ) મારાં માય ? (બાનુનું અડાવેલું જાણતી નહિ હોવાથી ગુચવાય છે.)

બાનુ—(મેહેરાંને બચાવી લેવા) મેહેરાં તારાં માયની કંઇ ખબર ? તારા માય તરફથી ચીઠી મલતાં તું ઉતાવળમાં મલ્યા વગર ચાલી ગેઇ, ત્યારથી ભઇ તારી વાર જોયા કરેછ. કેમ જીભરાયાં તારાં માય સારીકાની તો છેની ?

મેહેરાં—મારાં માય ? બીચારાં—બીચારાં—હજી છે તેમજ છે.

જેહાંગીર—કંઇ માયના જીવને જોખમ જેવું તો નથી ? તેમ હોયતો હું હમણા ફરી તેવણ પાસે જતો આવું.

મેહેરાં—(આનાકાનીથી) તેવણુનો જીવ સાંજે ધભરાઇ આયો હતો,

તેથી મને તેડાવીતી. પણ હમણા તેવણ સારીકાની છે, તેથી હું જલદી આવી.

જેહાંગીર—ડીયર કાલે સહવારે આપરે બધાં તેવણને જોવા જઇશું. ડીયર 'સીસ્ટર' તુંને આજે ઘણું લેટ થયુંછ, તું હવે ગાડી જોડાવી ઘેરે જલદી જા. આપરા માયજી તારી વાર જોતાં ઇંતેજાર બેઠાં હોશે.

બાનુ—ભઇ હું પણ જવા ચાહુંછ. રખે મમા વાર જોઇ દોડા દોડી કરી મુકે ?

[એક માણસ ટ્રેમાં મુકેલું કાગળ લાવે છે.]

નોકર—બાઇજી તમારૂ કાગળ આયુંછ.

બાનુ—(લઇને) એ તો મેહેરાં તારે નામનું છે. (મનસે) મને એ શાપુરનું કાગળ લાગેછ હવે કેમ કરૂં ?

મેહેરાં—લાવ બેહેન (લઇને) તું હવે સધાવ, મારા થકી તુંને નાહક ખોટી થવું પડ્યુંછ.

[કાગલ લઇ તેની ઘડી કરી પોતાના બદીયાનની બાહેમાં સાંતે છેઃ જેહાંગીરનું તેપર લક્ષ નથી. તે સુતેલાં બચ્ચાપર ધ્યાન આપેછે.]

બાનુ—(સ્વગત) કાગળ તારી પાસે રહેવા દે, વાંચી ફાડી નાખજે, અંદરની બીનાની મને ખબર છે, મારો ભાઇ નહિ જાણે તે તપાસજે. મારાં શાપુર માટે એક હરફ પણ ભઇ પાસે ના કાઢતી; નહિ તો ભઇજી અમારા ખાનદાનની આબરૂ માટે કંઇ નવું જુનું કરશે.

મેહેરાં—હું પ્રોમીસ આપુંછ કે તારી આબરૂ હું મારી ઇજ્જત જેટલીજ વહાલી ગણુશ.

[ત્રણેને મળી બાનુ જાય છે. બન્ને માટી બૈયર બચ્ચાને જઇ તપાસે છે, હરખાય છે. મેહેરાં તેને કીસ લેછે.]

મેહેરાં—આપરૂં બ્હાલું બચ્ચું, ખુદા એને સદા સુખી આબાદ રાખે એ મારી દોઆ છે.

[બન્ને જના બચ્ચાંપર લક્ષ રાખી અપસમાં વહાલ દર્શાવે છે.]

જેહાંગીર—ડીયર મેહેરૂં તું મારી તરફ કેટલી બધી વફાદાર ને નેક છે. વ્હાલી આય તમામ સુખ તે ખુદાની કરમ બક્ષેસથી આપુને મળેલું છે. ભલી ઓરત એતો એક શાંતિ અને આબાદીની દેવી છે. આવાં ઉંચા દરજાપરથી જેઓ તેણીને હેઠળ તોડી પાડે છે તેવા મરદો ખરેખર જંગલી હેવાન હોવા જોઇએ.

ગાયન.

[નોકર ટેલીગ્રાફ ટ્રેમાં લાવે છે.]

નોકર—બાઇ આય તમારે નામનો તાર છે. (આપી જાય છે.)

જેહાંગીર—તારા નામનો તાર ? મેહેરાં શું છે વાંચ જોઉં ?

મેહેરાં—(સ્વગત તાર ફાડતા) હવે શું કરૂં ? મારી તમામ દગાઇ પકડાઇ જવાની, એતો મારા માયનો તાર હશે. (મનમાં વાંચે છે.)

જેહાંગીર—શું છે ડારલીંગ ? ઘભરાછ કાંય ? કેમ માયની તબીયત વધુ બગડીછ કે ? હું વાંચી જોઉં ?

મેહેરાં—તમે ના વાંચો. મારા માયનો જીવ ફરી બગડી આયોછ. તેની દોડાદોડીમાં તાર કરેલો લાગેછ. (તારના કાગળનો ડુચો કરે છે.)

જેહાંગીર—વ્હાલી તારા ધણીને તારા દુખમાં કે સુખમાં સરખો ભાગ લેવાનો હક્ક છે. મને વાંચવા નહિ આપશે ?

મેહેરાં—તમો વાંચી શું કરશો ? મેં કહ્યું તે ખરૂં છે. હવે આપરે સહવારે જઇશું, તેવણને સારી હાલતમાં જોઇશું.

જેહાંગીર—કોઇ દિવસે નહિ ને આજે એમ કાંય કરેછ ડીયર ? મારાથી આય તાર કાંય સાંતેછ ? મેહેરૂં મને શક જાયછ. હું તારો ધણી, તારો પણીયો હક્કદાર છું, મને તારી દરેક છુપી કે જાહેર વાત જાણવાનો હકક છે.

મેહેરાં—જાંગુ મારૂં માનો.

જેહાંગીર—વહાલી મારૂ માન ! મને એ તાર વાંચવા આપ. મને શક જાયછ; કોઇ દિવસ નહિ ને આજે તું મારાથી કંઇ છુપાવેછ, તેથી મારી લાગણી વાંચવા માટે ઉશકેરી મુકેછ.

[તે ઝુંટવેછે, મેહેરાં બન્ને હાથે મ્હો છુપાવી રડતી સોફા ઉપર બેસેછે, જેહાંગીર ઇતેજારીથી વાંચે છે.]

જેહાંગીર—Mother dangerously ill no hope come soon. આય તારમા તો લખેછેકે Telegram handed at office 6–30 p. m. અને તાર મલ્યો 9–15 p. m. મેહેરાં, મેહેરાં, એનો કંઇ ભેદ ? તું તો હમણાજ તારા માયને મલી આવી; તું કેહેછે કે માય સારી પેઠે હતાં. એનો ભેદ ? તું જુઠી છે યા આય તાર ખોટો છે ? બોલ તું કહાં ગઇતી ? શું તું મને ઠગતી નથી ?

મેહેરાં—મારા જેહાંગીર હું તમુને ઠગતી નથી, કદી ઠગ્યા નથી, ને કદી ઠગશ નહિ.

જેહાંગીર—મેહેરાં આજેજ પહેલ વેહેલી વખતે મારા દીમાગમાં શક પેદા પડયોછ. મારા જીગરમાં વેહેમ બરપા થયોછ ! ખરૂં બોલ ? આય તાર ત્યારે તો ખોટો હોવો જોઇએ; મને ખરૂં કહે તું કહાં ગઇતી ?

મેહેરાં—વ્હાલા તમે મને ખરા દિલથી ચાહોછ એમ કહ્યા કરોછ પણ મારા બોલપર ઇતબાર નથી રાખતા. હું ખરૂં બોલુંછ કે મે તમુને જુઠી રીતે ઠગ્યા નથી.

જેહાંગીર—વ્હાલી હું તને હજી ખરા દિલથી ચાહુંછ (બન્ને હાથો પકડીને) મારા સાચ્ચા વ્હાલથી, ફીદાગીરીથી, અને જાનફેશાનીથી; મારો ચાહા એવો સાચ્ચો છે કે તેને બીમારી કે શોક યા દલગિરી યા દુ:ખ; કે વખત કે કાળ, કે બેઇમાની કે જુદાઇ કે કોઇબી લાગણી ભૂલાવી શકશે નહિ. હું તુને હજી ચાહુંછ. પણ મને ખરૂં કહે, હું ત્હારો દરેક બોલ સાચ્ચો માનસ, મારા ખુદાનો ફરમાન ગણુશ.

મેહેરાં—હું તમારા બેહેન બાનુના ખાનગી કામ થકી બહાર ગઇ હતી; માયજીને મલવા ગઇ હતી જે કહ્યું તે જુઠું હતું.

જેહાંગીર—(અનકાથી) મારાં બેહેનનાં ખાનગી કામ માટે ? તારૂં એક જુંદાણું સાંતવા મારી નિર્દોશ કુમારી બેહેનને પણ તારા કરતુકી કામમાં સંડોવી, અમારા ખાનદાનને નીચું લગાડવા માગેછ ?

મેહેરાં—મેં તમારી બેહેનને પ્રોમીસ આપ્યુંછ કે તેની દરેક વાતો, છુપી રાખીશ, તેથી વધુ કાંઇ કહી શકતી નથી.

જેહાંગીર—(ગુસ્સે થાય છે) મારી બેહેનને તેં પ્રોમીસ આપ્યુંછ? ને મને ઠગવાના કસમ લીધાછ? લબાડ! તારા દરેક બોલ સરીયામ જુઠા છે. અમારૂં ખાંનદાન જમાનાથી ડાઘ વગરનું રહી નીખાલશપણું ધરાવતું આયુંછ; તેને તું તારા કરતુકી કામમાં શામેલ કરી મારી બેહેનને સંડોવી અમુને હીણું લગાડવા ચાહેછ, પણ હું તે માનીશ નહિ.

મેહેરાં—વ્હાલા મારૂ હૈયું સાચ્ચું છે. મારૂં જીગર તું કે દહાડેનો લઇ ચુકોછ. એમ ફરીથી કદી કોઇ ઓરતને લબાડ ના કહેતા. કેમકે હું ગમે તેવી વિચારહીન હોવશ; પણ જ્યાં હું ચાહ ધરાઉંછ ત્યાં કદી હૈયાહીન નહિ બનશ.

જેહાંગીર—તું તારી ગોલ ગોલ જબાંદરાજીથી મને હવે છેતરી શકશે નહિ. તું ખરૂં કેહેછ? જ્યાં તું ચાહા ધરાવેછ ત્યાં કદી હૈયાહીન નહિ બનશે, પણ મારી તરફતો તુને જુઠો પ્યાર છે. ત્યાં તું હૈયાસુની બનીને મને ઠગતી આવીછે ને હજી ઠગી રહીછ.

મેહેરાં—જેને પોતાના હૈયાને શાંતી ને સુખ જોઇતાં હોય, તેણે પોતાની ઓરતપર કદાપી વેહેમની નજરથી જોવું નહિ જોઇએ.

જેહાંગીર—પણ આજેતો તેં મારી શાંતિ–સુખ સઘળું નાબુદ કીધુંછ.

મેહેરાં—મારૂં માનશોજ નહિ? મને હજી જુઠી કહેવોછ? આથી તમે તમારા ને મારા સુખને આગ લગાડોછ.

જેહાંગીર—હવે તારે માટે મુજમાં ચાહ રહયોજ નથી, તું સાચ્ચી નીવડી નથી; મને સદા ઠગતી આવીછ ને આજે છતી આંખે ભોળવી મને આંધળો બનાવેછ.

મેહેરાં—ત્યારે તમારો વેહેમ કેમ દુર કરૂં?

જેહાંગીર—સાબેતી આપ.

મેહેરાં—એમજ છે? તો બાનુને આપેલું વચન આજે તમો મારે હાથે તોડાવોછ. પણ ખુદા સાહેદ છે, હું જાણીજોઇને મારા સુખ માટે નહિ, પણ તમારા ને તમારી બેહેનના સુખ માટે જાહેર કરૂંછ. (બોંહેમાંથી કાગળ કાઢી આપે છે.) લેવો આય કાગળ, વાંચો ને ખાતરી કરો.

જેહાંગીર—(અધીરાઇથી લઇ સરનામું વાચવા જતાં) આયતો તારે નામનું છે.

મેહેરાં—હા એ મારે નામનું છે. તમારી બેહન આજે બે વર્ષ થયા મારે સરનામે ને નામે પોતાના લવ્હર સાથે કાગળ વેહેવાર કરતી આવીછ, ને તેમાંનું આય છેલ્લું કાગળ છે. મેં હજી ઉખેડીયું નથી, કે બાનુને આપી શકી નથી.

જેહાંગીર—(વાંચે છે) વ્હાલી. તારો કાગળ ગઇ કાલે મલ્યો. આજે તું મને સાંજ સુધીમાં મળવા આવશે એવી ઇંતેજારીમાં હું બેસી રેહવશ; મને સાંજ સુધીમાં જરૂર મલી જજે. તારી સાથે અગતની ખાનગી વાત કરવીછ. આજવેર જેમ આપણું જોડાણ સઘળાંથી છુપું રાખ્યુંછ તેમ રાખજે, હું તને રાત અગાઉ પાછી ફરવા દેવશ, ખોટી નહિ કરશ.

જેહાંગીર—એ તારો સદાનો સાચ્ચો કોણ? નાપાકે પોતાનું નામ લખવાની હિંમ્મત કરી નથી, પણ મારા 'ઓનર' ને બદનામ કરવાની હિમ્મત કીધીછ.

મેહેરાં—વહાલા! મે તમુને જે હમણા કહ્યુંછ તે દરેક બોલ સાચ્ચો છે. મને માફ કરો, ફક્ત હું એ ગ્રહસ્થનું નામ જાહેર કરીશ નહિ, પછી તમે મને ગમે તેમ ધિક્કારો.

જેહાંગીર—(અનકાથી) પોતાના પાપને કેવી સરસ રીતે છુપાવેછ?

મેહેરાં—હું તમારા ખાનદાનની ને તમારી બેહેનની ઇજ્જતને મારા જીવને જોખમે સંભાળુંછ, એ તમે આજે નથી માનતા, પણ જે દિવસે માનસો ત્યારે આજની ચાલ માટે પસ્તાશો.

જેહાંગીર—જુઠી! ફરેબી! એકવાર હું આય તારી સુંદર આંખોમાં સચ્ચાઇનું તેજ ભરેલું સમજતો હતો? તારા અંતઃકરણમાં ફરેસ્તાઇ ખસલત ભરેલી માનતો હતો? તારા હોટોમાં મીનોઇ આબેહયાત ભરેલું ગણતો હતો! ને તારા ચેહેરામાં લાખ નેકમાં એક ફરેસ્તાઇ ચેહેરો ધારતો હતો! ત્યાં આજે સરીયામ દગાઇ જોઉંછ. (જતાં) મારા નગુણા જુઠા પ્યાર તુંને છેલ્લી સલામ!

મેહેરાં—(સામે આવી) બોલો વ્હાલા ચાહે તે બોલીલો. તમારા હાથમાં મારૂં લાચાર ગરીબ હૈયું છે, તેને તમો ભાંજી નાખવા ચાહોછ

પણ એ ભાગવા લાયકનું નથી. એ કંઇ તકલીદી બિલોર નથી પણ પોલાદ જેવું સંગીન છે.

જેહાંગીર—(હાથ પકડી) ત્યારે શું તેં મારૂં જીગર ભાંજ્યુ નથી?

મેહેરાં—વ્હાલા જે જગ્યાપર તમો તમારો દરેક કદમ મુકોછો તેને પણ હું ચાહુંછ! તમારી હાજરી એ તો મારૂં જીવન, મારૂં સુખ, મારી તમામ દુનીયા છે! તમે મારૂં અંતઃકરણ હજી પીછાન્યું નથી.

જેહાંગીર—તારૂં અંતઃકરણ રબર જેવું છે, તેને ચાહે તેમ તાણી શકાય તેવું જુઠું છે (ચીચવાઇ) નાપાક હું શું કરૂં? આજ વેર કદી કોઇ મરદ યા ઓરતે અમારા ખાનદાનને ડાઘ લગાડયો નથી, પણ તેં? તેં તો અમારા નેક નામને ડાઘ લગાડયોછ! તુને શું સજા કરૂં?

(જેહાંગીર કાંઇ શોધેછે, મેહેરૂં ધભરાય છે.)

મેહેરાં—જેહાંગીર મારીપર દયા કર! હું જુઠી નથી. ભવિષમાં તારી જીંદગી પસતાવામાં ગુજરે તેવું પગલું ના ભર, હું ખુદાના કસમથી કહુંછ કે મારી હાલત દયા પાત્ર છે.

જેહાંગીર—દયા? તારે માટે છેજ નહિ. તું એખલા મારી તરફ નહિ પણ ખુદાના નિતીમાન કાયદાને, તેમ આય નિર્દોષ બચ્ચાં તરફની ફરજને (બચ્ચાંને બતાવેછે) પણ તેં તરછોડીછ; ને જેને તું ચાહતી નથી તેને સંધી બીજા સાથ છુપો પ્યાર કરેછ! તારી સામે હું ખુદાને ઉશકેરીશ! મારી ફરીયાદ તેની દરગાહે પોંહચાડીશ! ને તેની સજા હું તેનેજ સોંફશ (વિચારી) એક અબળા એક મરદ સાથે ન કરી શકે તેવી દગાઇ તું મારી સાથે રમીછ, તો તેનું પરિણામ કેવું આંવેછ તે તું જોજે.

મેહેરાં—તમે શું કરવા માગોછ?

જેહાંગીર—(ધિક્કારથી) જા હમણા મારી નજરથી દૂર થા, નહિ તો ઉશકેરાટમાં હું મારી ખાનદાની ઇજ્જત, તારી હયા, સર્વે તે ભૂલી કંઇ બુરૂં કરશ.

મેહેરાં—ઓ ખુદા! ખુદા! હવે શું કરૂં?

જેહાંગીર—જા દૂર જા! મને એખલો પડવા દે!

[મેહેરાં ધભરાય છે, જેહાંગીર તેણીને હડસેલી ઓરડાનું બારણું બંધ કરી, નીસોાસ બની સોફા પર પડી બન્ને હાથે માથું પકડી વિચાર કરે છે.]

જેહાંગીર—મારા સુખનો પ્યાલો છલાછલ ભરાઇ રહયો કે તેને હું નોશ કરવા ગયો, તેવો તે છીનવી લેવાયો. મારા મોહબતના મંડપ ઉપરના બાઝેલા પુરાણ ફૂળોને જેવો હું તોડવા થકી સીઢીપર ચઢયો, તેવી તે સીઢી તોડી પાડવામાં આવી! હું પરણેલો છેઉં? મારા સુખના સાત વર્ષ કેમ પસાર થયાં? તેની મને ખબર નથી. (બચ્ચાના પલંગ ઉપરની કુરતની ઉચકી તેને 'કીસ' કરવા જતાં અચકી હટે છે) મારૂં એક પુરૂં ફરજંદ! કેટલું નિર્દોશ! કેટલું ફરેસ્તાઇ સુરત ધરાવનારૂ છે? (જોઇ કમકમી) એ પણ તેજ નજીસ સીપમાનું મોતી છે! એની સુરત પણ તેના જેવીજ છે. એ મારૂં બચ્ચું છે? ખુદા! ખુદા! એ કેવો ખ્યાલ? જેવી એ મને બેવફા બનીછ, તેવી આય ફરજંદ તરફ પણ હશે? તેનું ઉપજાવેલું બાળક એ મારૂં નથી. જે જે ચીજ તેની છે, તે મારે મનસે ઝેર છે. એને શું કરૂં? તેને શું કરૂં? એક તરફ ખાનદાની ઇજ્જતની નામનાનો ખ્યાલ? બીજી તરફ બેવફા બૈરીની બેહયાઇનો સંતાપ! મને હવે બાળી ભસમ કરશે.

[અગાસી બહાર ખખડાટ થવો, જેહાંગીરનું ચોકવું. બતીની સ્વીચ દાબી અંધારૂં કરવું, ને પીસ્તોલ શોધી લાવી અંધારામાં ટંટોસતા શોધવું.]

એ શાનો અવાજ? હાંય નહિ એ કોઇ એનો લવ્વર હોય? હા તેપર મારો કીનો લઉં!

[મંચી મકકારો ધીમેથી અગાસી ઉપર ચઢી અંદર ઉતરી ચોર ફાનસે બધે નજર નાખે છે.]

મંચી—(ટંટોસતાં) હમણાં સુધીતો કોઇ નડયું નથી, બંદા તારૂં મીશન અહીં સુધી સહીસલામત પુગુંછ? હવે તારી તપાસ પુરી કરીને કમીશન વસુલ કર.

[તેટલાં જેહાંગીર તેને ગલચીમાં દાબી બીજે હાથે
સ્વીચ ખોલી લાઇટ કરે છે.]

જેહાંગીર—બદમાશ! ચોર!

મંચી—બ બ બ બ! હું હું હું કાંઇ ચોર નથી મને જવાદો? ગરીબ માણુસ છું.

જેહાંગીર—તું કોણ છે? તારૂં કામ શું છે?

મંચી—બધા ખીસા કાતરૂઓમાં હું ફકત એક સાચ્ચું બોલનાર પ્રાણી છેઉં. ભાઇ હું તો અમસતો આય ઘેરની તીજોરીની સહી સલામતી જોવા તપાસવા દાખલ થયો, ભુતમાંમાને હાથે સપડાયો, હવે કંઇ દયા કરો તો નહારી છુટું?

જેહાંગીર—તું ચોર બદમાસ છે? (તપાસી) ઠીક છે. (વિચાર કરી મનસે) હા એક આબાદ ખ્યાલ મને સુઝેછ. હવે મેહેરાં પર એવું વેર લેવું કે જીવતા જીવત તમામ ભવ સંતાપમાં બાળી મારગે લાગે.

મંચી—મારા મેહેરબાન કોઇ પોલીસના ભોંસીયાને સોપવાનો વિચારતો નથી કરતા? મારો બાવો કરૂં, હવે તમારા ઘેર તરફ કદી ઢુંકીને પણ જોવશ નહિ.

જેહાંગીર—ચુપ ધીમે બોલ.

મંચી—કોઇ ભલું માનસ જણાયછ હો?

જેહાંગીર—પોલીસને સોંપવાનો વિચાર પછી કરશ, પણ જોરે હું તને એક ચીજ સોપું તો તું તેને સાચવશે તો હું તુને નેહાલ કરશ.

મંચી—બોલીદેની મારા બાપ? બંદો તો તમે જે કેહવો તે કરવા તમારો બંધાયલો ગુલામ છે.

જેહાંગીર—તને એક નાહનું બચ્ચું સોપુંછ તેની પરવસી કરવા તને એક રકમ આયજ ઘડીએ રોકડી મળશે. તહારે તે બચ્ચાને તારી સાથે રાખી તારો દરેક હુન્નર શીખવી, એવો તરબેજ કરવો કે નહાની ઉમરમાં તે જેલની જત્રા કરવા ચુકે નહિ, તારા નામને એબ લગાડે નહિ, ને તારે કદી આય મકાન તરફ ઢુંકીને જોવું નહિ.

મંચી—લાવરે મારા બાપ, એવી કંઇ તક ઘડી ઘડી મળેછ?

જેહાંગીર—પણ જો ફરી કોઇ વખત નાણા ઓકાવવા અત્રે આવશે તો તને મારૂં છોકરૂં ચોરી જવાના ચાર્જમાં સપડાવી પોલીસને હવાલે કરશ.

મંચી—મારા બાપ ત્યારે તો તું સુખી રહે. મને તો આવા નહાના શાગરીદોનું તો ઘણુંજ કામ છે. હાલમાં તો બે ત્રણ ચેલાઓ મારી "કોલેજ ઓફ રોગરીમાં" કેળવણી લે છે, તે બધા રઈયતોનાં બચ્ચા છે, પણ આવા ખાનદાની ચેલાઓ કહાં મલેછ કે અમારો ચોરીનો હુન્નર સારાં બેજાવોને શીખવી હુન્નરને ખીલવીયે?

(દોલીને ઉંઘરેત હાલતમાં ખોળામાં લાવે છે.)

જેહાંગીર—(પ્રથમ નોટો આપી પછી બચ્ચું આપતાં) લે આય તારી ઇમાનદાર નોકરીના વચનના બદલા તરીકે અગાઉથી કિમ્મત આપુંછ. જોજે સેહેજે ગફલત ના કરતો, નહિ તો તારી મુંડી મારા હાથમાં છે, તે યાદ રાખી ચાલજે.

(બચ્ચાને મંચી ખોળામાં દાબી જવા કરે છે દોકરાતાં બચ્ચું ચોકે છે.)

દોલી—માયજી! મમા! (જોતાં) પપા? મને શું કરોછ? એ કોણ? મને લેવોની પપા? (મંચી તેનું મોહનું દાબે છે.)

જેહાંગીર—ચૂપ! જા,—જા—એ તુંને કંઇ આપશે (બાનુ) બચ્ચાને છાતીસે દાબી લઇજા, દૂર થા. મારી બાપીકી લાગણીને નરમ બનાવવાની તક મળે, તે આગમજ મારી આંખોથી દૂર થા, એને લઇજા; નહિ તો મારી મતી બચ્ચાના પ્યારની લાગણીથી ફરી જશે! મારા વેરનો ખ્યાલ હૈયામાં સમી જશે.

[જેહાંગીર ઉપલું આંખે હાથ દઇ બોલે છે, તે દરમ્યાન દોલીને ઉપાડી મંચી બારીએથી કુદી પડે છે. તે સમેત દોલી ચીસ મારે છે.)

દોલી—ઓ માયજીરે!

[બહારથી મેહેરાં બારણું ખખડાવી મુકે છે.]

મેહેરાં—આવી દીકરા. જેહાંગીર બારણું ઉઘાડો? મારા બચ્ચાને શું કરોછ? મને મારી નાખ પણ મારા બચ્ચાને નહિ?

જેહાંગીર—(છુટકારાનો દમ ખેંચી) હા! હવે મારૂં વેર સમાયું (બારણું ખોલી) ના ઘભરા, મેહેરબાનું ધીરાં પડો.

મેહેરાં—મારો દોલી કહાં છે?

જેહાંગીર—ધીરી પડ, ના ઘભરા. તેં મારા સુખને તારી બેવફાઇથી નાબુદ કીધું તેથી મે પણ તારા સદાના સુખને નાબુદ કીધુંછ.

(મેહેરૂં શકમંદ બની ધ્રૂજેછ.)

મેહેરાં—જહાંગીર એ શું બોલોછ? મારા બચ્ચાના જાનને કંઇ અલવલ આવીછ તો હું શું કરશ? હું શું કરશ? (ઘભરાટથી દોડી પલંગપરની કુરતની કાઢી જોતાં બચ્ચું જનાતું નથી) મારૂં બચ્ચું મળે નહિ! જેહાંગીર બોલ મારૂં બચ્ચું કહાં છે? લાવ મારા દુનિયાઇ સુખને કહાં નાખ્યું? તું તેને મારી નાખે એવો શયતાન બાપતો બનશે નહિ?

જેહાંગીર—(થંડેપણે) મેહેરાં હવે ના ઘભરા, મે તેને મારી નાખ્યો નથી, ને તે કદી મુરસે નહિ, પણ તે કદી તુને પાછો મળી શકશે નહિ, તેમ તું તેને શોધી પણ શકશે નહિ.

મેહેરાં—(જેહાંગીરના બન્ને ખભાં પકડીને હીલવે છે.) મારૂં એક પુરૂં ફરજંદ મને આપી દે? મારૂં તે સુખ હતું, મારૂં જીવન હતું.

જેહાંગીર—એમ ઘભરાયછ કાંય? તેં મારા પ્યારને તુચ્છ ગણી મને ધિક્કાર્યો! મેં આજથી તારા ચાહને તુચ્છકારી તારૂં પેદા કરેલું નજીસ ફળ-તારૂં બચ્ચું એક ચોરને સોપ્યુંછ. હમણાજ એક ચોર ચોરી કરવા અત્રે આયો હતો, તેને પકડતાં મને સારો વિચાર સુજ્યો, તેથી મે તેને રોકયો, તારૂં બચ્ચું તેને એવી રીતે સ્વાધીન કીધુંછ કે તેના જેવોજ એક અથંગ ચોર બનશે.

મેહેરાં—(છેડાઇ પડે છે) ઓ શયતાન! તું ઇનસાન છે કે કોઇ? તું મારો ધણી છે કે બચ્ચાનો વેરી? લાવ મારા બચ્ચાંને શોધી લાવ.

જેહાંગીર—તારા બચ્ચાંને હવે શોધવું હોય તો જાણીતી તુરંગોમાં જઇને તપાસ કરજે; કદાચ તે તુને ત્યાં મળશે. તારા કરતુકી હૈયાને ત્યારેજ રાહત મળશે.

મેહેરાં—(ઉશ્કેરાટમાં બેફામ બને છે) મારૂં બચ્ચું દુનિયામાં તે એક પુરૂં મારૂં સુખ હતું! તેને તેં કેવી રીતે પાયમાલ કીધુંછ? વેહેમના ઝનુનથી આંધળો બની તેં તારા ને મારા સુખનુ સત્યાનાશ વાળ્યુંછ. આજથી! આય પળથી! જ્યાં સુધી મારૂં બચ્ચું મને મળશે નહિ, ત્યાં વેર તારા ઘેરમાં રેહવું પણ હરામ છે! તારી હાજરી પણ હરામ છે! તારીપર મારો ધિક્કાર! સદા ધિક્કાર છે!

[મેહેરાં ઉશ્કેરાટમાં બેહોશ થઇ તુટી પડે છે, જેહાંગીર દિંઙમુઢ બની ઘભરઇ, અધઘેલા જેવો બની સુધબુદ્ધ વગરનો થાય છે.]

જેહાંગીર—ઓ ખુદા! મારા સુખી સંસારનો આખરે આય ફેંજ? મેં પળવારનાં ઘેલાપણાનાં ઉશકેરાટમાં આ શું કીધું? તૂને શું સુઝીયું? તુંજ ઘેલો હતો! મારે હાથે મે મારૂં પોતાનું સત્યાનાશ કીધું! આય મેહેર દોષીત હતી! નાપાક હતી! તેને મે સજા કરવા મારૂં સુખ! મારૂં બચ્ચું! આય બાપીકા પાસામાંથી ફેંકી દીધું! (દિવાનપણામાં હસે છે) મેં ઠીક ઠીક કીધું! મારૂં વેર વસુલ કીધું? હા—હા—હા.

[જેહાંગીર પોતાના સુખના ભંગનાં સંતાપથી ઝનુની બની પોતાની ઉપરજ ગુસ્સો ખાલી કરતો જણાય છે.]

૧ લો અંક સમાપ્ત.

૧ લા ને બીજા અંક વચ્ચે પાંચથી સાત વર્ષનો ગાળો છે.

રેસ, લોટરી અથવા કોઇપણ રીતે ગુમાવેલું નાણું પાછું મેળવવું હોય તો પ્રો૦ બરજોરની મુલાકાતથી જરૂર લાભ થશે.

ચમતકારને નમસકાર થાય છે.



દુનીયામાં માણસ જાત દુઃખ દરદ અને ન ધારેલી આફતો પૈસા ખરચવા છતાં કંટાળી જાય છે અને દુઃખ દરદ નહી સારાં થતાં છેવટે મોતનો રસ્તો માંગે છે.

તમે શા માટે મુઝાવો છો?

તમારી ઉપર આવતાં દરેક જાતના દુઃખ દરદો અજાયબ રીતે સારાં કરવા માંગતા હોવ તો

દુનીયાનો મહાન
હીપનોટીસ્ટ

પ્રો૦ બરજોર

ની મુલાકાત કરો. મુકાદમ બીલ્ડીંગ ૩ જે માળે.

મેળાપનો ટાઇમ ૯ થી ૧૨, ૩ થી ૬. શની તેમજ રવીવારે ૯ થી ૧૨. હીંદમાતા સીનેમાની બાજુમાં વીનટસેંટ રોડ, દાદર.

ભવીશય જોવાની ફી. રૂ. ૨.

ભવીશયને લગતી મુંઝવણોના પાંચ સવાલો તમારી ચાલુ ઉમર સાથે કોઇબી ફુલનું નામ લખી મોકલો, તેના ખરા જવાબો માટે આનાવાલા ૧૭ સ્ટેમપ બીડો, તમારા કુવર સાથે જવાબો પાછા મોકલવામાં આવશે.

ફોન: ૬૦૯૫૨.

પારસી ફેમીલીઝના માનીતા સ્ટુડિયો—

ન્યુથીએટર્સનું

એક નોવેલ
સોશિયલ પીકચર

પારસી
ફેમીલીઝને
જમશેદ
નવરોઝ
મુબારક !

ગુરૂવાર
તા૦ ૨૧ મી
માર્ચથી શરૂ છે.

'દેવદાસ'
જેવા હીટ
પીકચરના
ડીરેકટર મી૦ બરૂઆનું
નવું સેન્સેશનલ હીટ !!

જીંદગી

પાત્રો—**સાઇગલ**
જમુના, પહાડી, સન્યાલ,
નેમો આશા વિ.

મ્યુઝીક:
પંકજ મલિક

મોડર્ન જમાનાની
બાનુઓની જીંદગીના
પ્રશ્નો ચર્ચતું ચિત્ર

ટાઇમ—
રાબેતા મુજબ

મિનરવા

ટોકિઝ... લેમીંગ્ટન રોડ.

અંક ૨ જો—પ્રવેશ ૧ લો.

પ્રવેશ—અગીયારી સામેનો મોહલો.

[જમણી તરફ ઝુપડી છે. ડાબી તરફ અગીયારીનું દરશન, હેઠળ ઉતરતી સીઢી. વચમાં એક તરફ વીકા ફાટાતુટા કપડા સાથે સ્ટુલ ઉપર બેઠેલો ઝુંઝ્રાતો જણાય છે.]

વીકા—(હાંસતાં સેહેજ) ખુદા ગરીબો માટેજ દુખો કાંય સરજતો હોશે? ગરીબાઇને લીધે સખત વહીતરૂં, ચાલુ વેઠ કીધા છતાં પેટ પુરતી પણ રોજી મળતી નથી, ત્યાં દવાદારૂ માટે કહાંથી પૈસા લાવીયે? (હાંસેછે) દોલી હજી આયો નહિ? એ વળી મારા થકી કહાં કહાં મજુરી કરતો ફરી, થાકી ધામીને આવશે, ને પોતાની સખત કમાઇના પૈસા મારી બિમારીપર ખરચશે. કેવો દયાળુ? પરગજુ!" ને દીલસોજ છે? વીકા તારી આય લાંબી હયાતી પણ તેનેજ આભારી છે! ખુદા તું એને સદા મારે માથે કાયમ રાખજે.

[વીકા હાંસેછે. હાંસતાં ઝીમઇ નીચી મુંડીએ બેસે છે. દોલી ફાટાતુટા કપડા પહેરેલો હાથમાં ખાવાની પોટલી સાથે ખુશ ખુશાલ લલકારતો દાખલ થાય છે.]

ગાયન.

દોલી—વીકા હજી અંહી ખુલ્લી હવામાંજ પડી થથરેચ કે? જા અંદર જઇ સુઇ જાઓ. જો હું આય તારે માટે કંઇ સારૂં સારૂં લઇ આયોછ.

વીકા—મારા વહાલા ભઇ તું કેટલો ભલો ને મયાળુ છે? તુને જેબી કાંઇ બહાર ખાવાનું મળેચ તે પોતે નહિ ખાતાં મારે માટે બાંધી લાવેછ. (ખાંસે છે.)

દોલી—જેની હું મેહેનત કરૂંછ તેથી મને ભુખ નથી લાગતી; તું બીમાર છે, દુખી છે, તેથી તુને ખોરાકની જરૂરત છે.

વીકો—નહિ બા તું જુઠું બોલેછ. તું મેહેનત કરેછ તેથી તુંને ભુખ ઘણી લાગવી જોઇએ. હું પડયો રહુંછ તેથી મારી ભુખ મરવી જોઇએ.

દોલી—જોની, આજે મને ત્રણ ઠેકાણે ખુમચા લઇ જવાની રોજી મળી અને મજુરી સાથે ઉપરથી આય સોજું ખાવાનું પણ મલ્યુંછ તે તું ખાઇ જા. કાકા મંચી જોશે તો વળી બધું ઝુટવી ખાઇ જશે.

વીકો—ગઇ કાલે તું ધંબારમાં મજુરીએ જઇ સખત વહીતરૂં કરી ભુક બાચક મજેનું જેવું ખાવાનું લેતો આયો, તે ચાંદન ફુઇ પોતેજ ચપાટી ગીયાં, અને મને એમનો એમ ભુખો સુવાડી દીધો.

દોલી—વેકબા લે જલદી ખાઇજા. જો આય બાફેલા ઇંડા કેવાં મજેહના છે? તુંને તો એવું સોજું કદી ખાવા મળતું નથી. હું તો બહાર ફરૂંછ તે ઘણું ખાઉંછ (આપે છે.)

વીકો—તું જુઠું બોલેછ દોલી. મને બધું સારૂં સારૂં ખવાડી દઇ પોતે ભુખો રહેછ તે બા મને નથી ગમતું. (હાંસેછે.) લે તું ખા હું ઘણું ખાવશ તો હાંસો ઉભરશે.

દોલી—ડૉકટરે કહ્યુંછકે તુંને સોજ્જો ખોરાક આપીયો હોય તોજ દવા કારગત લાગે. કેમ વીકા દવા પીધી કે?

વીકો—નહિબા મને દવા પીતાં ઉબક આવેછ.

દોલી—એમ હઠીલો ના થા વીકા. આપરી મદારત કરનાર ને બરદાસ્ત લેનાર કોણ છે? આપણુંને આપણું નીભાવવાનું છે. કાકા, ફુઇ તો આપરાં દુશમેન છે તે નથી જોતો વારૂ?

વીકો—(હાંસીને) આપણે બન્ને માયબાપ વીનાનાં નિરાધાર છિયે. (કોટી કરતાં) દોલી તારામાંજ મારી દુનિયા છે, ને હું જીવુંછ તે તારી બરદાસ્તથીજ હૈયાતી ભોગવુંછ. મારાથી તું કદી દૂર ના થતો. મારાં હૈયાનો દરેક ધપકારો કહેછ કે હું તને ને તુંનેજ ચાહુંછ.

દોલી—ચાલ એ વાત જવાદે! હું દવા લાઉં તેનો એક ઘોટ પી જજે આપુને દવાના પૈસા કયાં આપવા પડેછ? એ તો ધરમ

દાતારોએ આપરા જેવા નાચાર નિરાધારો માટે દવાખાના બંધાવ્યાંછ, તો તેઓના આભારને સાચ્ચા નિવડવા આપુને તેઓ તરફથી જે ન્યામત મળેછ તે સ્વિકારી આપરાં દુખ દફે કરવાં જોઇએ.

[તે દવા લાવવા જાય છે. મોટી વ્હીસકીની પેંટમાં ભરેલી દવા લાવે છે.]

વીકો—જેમ તું કહે તેમ હું ચાલશ, લાવ ભઇ લેતો આવ.

દોલી—બધા ભાગ જેવાને તેવાજ છે, લે એક ગોટ પીની.

[વીકો શીસી મહોને લગાડી પીએ છે, મોહ કુમળાવે છે, તેટલાં મંચી મકકારો ને ચાંદન દાખલ થઇ, વીકાને કંઇ પીતાં જોઇ મંચી બાટલી ઝુંટવે છે.]

મંચી—ચાંદન જોયું ? હું કહુંછની ? મારી દારૂની બાટલીનું તળીયું રોજ પોતાની મેળે કેમ આવેછ તે ? આજે જણાયું કે આયજ નાપાક દુકતાઓ કેથા પી મરતા દેખું. (પોતે દારૂ સમજી ગોટ પીએ છે પણ કડવી દવા જણાતાં થુંકે છે) થુ થુ થુ નાપાકો એ તો કોઇ દવા ભરીચ.

દોલી—(કુદાકુદ કરતાં) કેવી મજાહ પડી ? હા હા હા મંચી કાકાની હુ રે રે રે.

ચાંદન—મુવા દોલીને ચેંચી ઘણી વધીછ જો ? પણ એ મુવો ગમે તેવો છે પણ હજી કામનો છે. દોડી ધામીને રોજનો પાન પાવલો કમાઇ લાવેછ, પણ આય ભસતેગીયો વીકો માંદ લાગો તદન માથે પડયોછ.

મંચી—(ટપલી મારતાં) જો વીકા એમ પાડાનીકાની પડી રહી કાંસી કરાજી ખાવાપીવા માટેની આય ધરમશાલા નથી, સમજ્યો ? હવેથી બહાર મજુરી કરવા નહિ જશે તો મારી નાખસ, દુર ગગડી નહિ મરાય તો આય અગીયારીના દરવાજાપર બેસી હાથ ઓરસે તો કંઇ પાન પાવલો મલી જશે, સમજ્યો ? (મારવા જાય છે.)

[દોલી બાંહે ચઢાવી વીકાનો બચાવ કરેછે.]

દોલી—એને હાથ લગાડયોછ તો તમે તમારૂં જાણજો. એને આંગળી તો લગાડો કે પછી જુઓ તમારૂં મ્હોનું, મારે નાંધલે હાથે કેવું રંગી નાખુંછ ?

ચાંદન—મરેરે મુવો, અરીમધરીમ જેવો હવે થયો તે વડાં વડેરાંઓની શરમ તો કરી મર ? મંચી ભઇ, મેં તમુને લાખ વખત કહ્યું, કે મુવા બન્ને ને છુટા છુટા રાખો. મુવા બન્ને મતલબી છે, (પોટલું જોઇ) જોયું આય પોટલું સાનું લાયોછ ?

મંચી—આય સોજું સુતરૂં કહાંથી લાયો ? કેમ બચ્ચા ખુમચામાંથી તફરાવી લાયો કે ?

દોલી—એ તમારા માટે નથી લાયો. એ તો ખાસ વીકા માટે માંગી ટાંગીને લાયોછ.

ચાંદન—(ઝુટવતાં) લાવની મુવા મને જરા ચાખવા તો દેની ? જો જો મુવાઓ એખલા એખલા ખાશો તો તમારા પેટમાં ચુંકો ચાલશે.

મંચી—આય મરી ચરી રહેલા બરીયલ વીકા માટે એવું એવું ખાવાનું હોય કે ? જા કંઇ બીજું કાંમકાજ સોધી કાઢ ને સાંજ સુધીમાં કાંઇ કમાઇ લાવ, નહિ તો બન્નેની પીઠ ચાબકે ચાબકે ફાડી નાખશ.

[બન્ને જણાને ધક્કા મારી કાઢેછે ને પોતે ખાય છે. દોલી વીકાનો હાથ બગલમાં લઇ ખુશ-હાલ ગેલ કરતો જાય છે.]

ચાંદન—એ મુવો દોલી તારો ધંધો ચલાવે તેવો નીવડશે હો કે ? ભસતે ગીયો કેવો મજેહનો સાટકા જેવો ખીલી નિકળયોછ જો ? એના માય બાપ કોઇ દિવસ તુને દેખાય કે મંચા ? જોની કંઇ બીજું ઓકાવી સકાય તો ઓકાવની, આપરૂં ઠીકું હવે તો ભઇ લંગડું પડતું ચાલ્યુંછ જો ?

મંચી—એ દોલીને તેના બાપે સોંપેલો ખરો, પણ તેમ મારાથી તે પુરવાર થાય તેમ નથીની ? તેને દમ કસી પૈસા ઓકાવવા જતાં સામો મને પોલીસમાં સોંપસે તો કમબખતી. ભોંરીયાઓ તો મને કોઇ બહાને ઝીલવા તૈયાર ઉભેલાજ છેની ?

ચાંદન—આએ મુવો દોલી પોતાના ખાનદાની ખવાસ મુજબ વરતે હો. એણે તારાં લખ્ખન પણ તેવાંજ લીધાંછે. હવે જલ્દીથી જેલની

જાત્રાએ જાયતો સારૂં, કે તારો આપેલો કોલ ખરો પડે ને એ મસે આપુને કંઇ ઇનામ મળે.

મંચી—હું પણ તેવીજ તક સાધુંછ રે ? નહિતો એ જહાંગીરનાજ ઘેરમાં અંધારી રાતના ધાડપાડીને એના ખુદ, દીકરા દોલીનેજ ઝીલાવી ઉપરથી તેને ચીરશું; કેવી તાલ છે ?

ચાંદન—(ઉછલીને ઓવારણાં લેતાં) મરૂરે મરૂ ભઇ થતા પરથી, બાપદાદાનું તું નામ રાખે તેવોજ છે જો.

[જમસા સાથે તુરાબખાં દાખલ થાય છે.]

મંચી—ઓહોહોહો જમસા, મહીનાઓ પછી કહાંથી આયો ? એ આએ લફરૂં કોણ ?

જમસો—એવણુ ઉસ્તાદ તુરાબખાં છે. એવણનું મોટું તાલીમખાનું છે, ઘણા અશરાફ છે, આપણા જેવા નેક શાગરીદો તો એમના તમામ ગામમાં ફેલાયલા છે.

મંચી—(નમીને સલામ કરતાં) ઉસ્તાદજી, ઉસ્તાદજી, ઠીક આયા, ગરીબના ઘેરમાં ભલે આયા.

તુરાબખાં—મેરે તાલીમખાનેમે પારસીલોગ બહોત આતે હયે, મય ઉનકો અખાડેમેં ઉતારકર એૈસે ઉસ્તાદ બનાતાહું જો દાવપેચ ઔર અપની મકકારીઓંસે પોલીસ કાનબટેબલકોભી ખાતીરમેં નહિ લાતે હયે.

મંચી—વાહ વાહ ! તારા જેવા નેક ઉસ્તાદ સાથે ઓળખાન થવા માટે હું ઘણો કિસમતદાર કહેવાઉં. આઇએ બઇઠીયે.

તુરાબખાં—ફજુલ બાતોંમે વકત બરબાદ કરના અચ્છા નહિ. દિનરાત હમકો તો પૈસે કમાનેકી ફીકર બહોત બડી હય. સુનીયે, એક મશહુર શાએર કયા કહેતા હય ?

મુખમ્મસ.

જીસકે નસીબ જર હય, હરચંદ બે હુન્નર હય
સબસે અજીજ તર હય, જો કુછ કહો સો જર હય.
જરબીન નહિ હય જુરાઅત, જર બીન નહિ શુજાઅત
જર દીનકી ઇમારત, જો કુછ કહેસો જર હય.
જર સબકો છીપાવે, અસરાફ કર દીખાવે.
હજરત મીયા કહાવે, જો કુછ કહેસો જર હય.

ગાયન.

જમસો—વાહ, વાહ, કેવી સરસ નસિહત ઉસ્તાદ આપેછ હં? મંચીબા હવેથી આપરાં બધાં કામ ઉસ્તાદજીની સલાહ વગર કરવા નહિ, એવો બા મારો ઠેરાવ છે. એક તો ઉસ્તાદજીનો લાગવગ મોટા અમલદારો સુધી ચાલુ છે. તેથીજ તો, એમના શાગરીદો કોકેન મોહેલે મોહલે વેચેછ; પણ મગદુર નહિ પોલીસની કે કોઇ એમને છેડે.

મંચી—અરે વાહ? એવા મહેરબાન મદદગાર મળે તો પછી આપરૂં દલદર જરૂર ફીટશે.

(દોલીને વીકો કંઇ તરકારી લાવેછે, ને ચાંદન ને આપતાં તેણી ખુશી થતી અંદર જાય છે.)

જમસો—મંચી ઉસ્તાદજીની મેનીજ કરવી જોઇએ સમજ્યો? ચાલ પાસેના પીઠાંમાં લઇ જઇ એવણ સાથે આપણું નક્કી કરીએ ને નાક ભીનવીયે.

[ઉસ્તાદ અખડતા જાયછે તેની પાછળ બન્ને જાય છે. સામેથી અગીયારીની સીઢી ઉપરથી શેહેરીયાર ઇરાની કુચીના ઝુરા સાથે આવેછે; તેના હાથમાની કુચીનો ઝુડો દોલી ઉડાવેછે, વીકો તેને આંટી મારી પાડેછે.]

ઇરાની—શયતાન જાદાઓ ઉભા રેવ? હુભા રેવ! હવે તુને નઇ છોરેછ. રોજ રોજ મસ્તી કરેચ, મને સતાવેચ, હવે યાદ રાખજે, પોલીસને તેરી પકડાવેચ, તોજ થંડા પડેછ.

(બીજી ગમ જતાં.)

દોલી—હા હા હા કેવી મજાહ પડી?

વીકો—કાકાજી ગુસ્સે ના થાવ. તમે હમુને રોજ મારોચ તે હમે કંઇ તક ચુકવાના છીયે?

[બન્ને દુર થાય છે. ઇરાની બબડતો અંદર જાય છે. બીજી તરફથી બાનુ ને શાપુર અપટુ-ડેટ ડ્રેસમાં દાખલ થાય છે.]

શાપુર—લગભગ સાત વર્ષ થવાં આયા, મારી નાલાયક ચાલના પરિણામને ઢાંકવા જતાં મેહેરાએ પોતાના સુખનું સત્યાનાશ વાળ્યું.

બાનુ—મારી ભલી ભોજાઇ ! એના જેવી ભલી, બીજાની ઇજ્જત ખાતર સ્વભોગ આપનારી દુનિયામાં થોડીજ ઓરતો હશે. આપણા સુખી મિલાપની સહવારેજ મારી ગરીબ મેહેરાંનું સુખ સદાનું નાબુદ થયું. તે રાત પછી બન્ને જણામાંથી કોઇ કદી આપુને મલ્યા નથી. ઓ ખુદા એક હમારા પાપ થકી મેહેરાંએ શું શું ખમ્યું હશે તેની આજવેર ખબર મળતી નથી.

શાપુર—તારા ભાઇ જેહાંગીરે તે દિવસ પછી તારૂં કે મારૂં મોહનું કદી જોવા ચાહયું નથી. તેને આપરીપર આવો કેહેર શાથી છુટો તે આજ સુધી જણાયું નથી.

બાનુ—હું કેવી ઇંતેજારીથી રાત દહાડા દુવા કરૂંછ કે ખુદા મારી મેહેરાનું ઠેકાણું બતાવે તો હું એનું સુખ ફરી સાંધી આપવા કોશેસ કરૂં ?

[બીજી તરફથી કાળા પોશાકમાં મેહેરાં હાથમાં પર્સ સાથે આવે છે. બીજા હાથમાં અવસ્તા છે. મેહેરાં અગીયારી સનમુખ સેજદો કરી સીઢી ચહડવા જતાં બન્ને તેને ઓળખે છે]

શાપુર—બાનુ જોજે એ મેહેરાં તો ન હોય ?

બાનુ—(દોડી જઇ) મારી વહાલી મેહેરાં ? ઓ તું મળી ? કેવો ખુદાનો આભાર ? પણ આય તારો શું અવતાર ?

મેહેરાં—લાંબા વખત પછીજ આપણે મલ્યાંછ. મારીપર ગુજરેલો સીતમ ગઇ રાતેજ વરસ્યો હોય તેવું હજી મને દુખ થાયછ. એ બધું શાથી ? શાપુર તારી ને બાનુની ઇજ્જત જાળવવા જતાં મારી આ હાલત બનીછ.

બાનુ—મેહેરાં અમોએ તને અજાણતા જે દુખમાં લાવી નાખીછ તે ખુદા કદી માફ નહિ કરશે.

શાપુર—બેહેન એવું તે શું બન્યું ? કંઇ બુરૂં તો નથી થયું ?

મેહેરાં—શાપુર તહારે ત્યાંથી હું ઘેરે અસૂરે આવી, તે પછી બાનુ પોતાના ઘેરે ગઇ નહિ હોશે, તેટલાં મારા માયનો તાર આયો, તેથી હું પકડાઇ ગઇ, કે મેં મારા ધણીને જુઠી રીતે ઠગ્યો હતો. આથી અમો વચ્ચે તકરાર થઇ. તારી મારીપરના બનાવટી કાગળે

તેવણુને વેહેમથી એવા આંધળા બનાવ્યા કે તેવણે મને નીચ ધારી મારીપર બેહદ ગુસ્સે થયા. એટલું કરીને પોતાનું ઝનુન સમાવ્યું હતે તો ખમાતે, પણ તેવણે તો કોઇ ચોરને મારૂં નિર્દોશ બચ્ચું જે સુતેલું હતું તેને તેવીજ હાલતમાં સોંપી દીધું, ને મને ફરજંદ વીનાની બનાવી.

બાનુ—ઓ કમબખ્ત જેહાંગીર એને એ શું સુજ્યું?

શાપુર—પણ તમે બીજે દિવસે જાહેરખબર કાંય નહિ આપી? અમસા પોતીકાને કાંય નહિ તેડાવ્યા?

મેહેરાં—મને તે રાતના એવો તો શૉક સખત લાગો કે હું બેહોશ થઇ તુટી પડી. મારી બેહોશીમાં "બ્રેન ફીવર"થી હું એવી પટકાઇ કે મહીનાઓ સુધી હું કદી સુધીમાં આવી નહિ.

બાનુ—આટલું આટલું વીત્યું ને અમુને ખબરજ નહિ?

મેહેરાં—કહાંથી તમુને ખબર પડે? તેવણે મને ઓસપીટલમાં લઇ જઇ નખાવી; ત્યાં એક વર્ષ પછી હું સાજી થઇ ત્યારે જાણ્યું કે મારાં માયજી પણ તેજ રાતે ગુજરી ગીયાં હતાં ને હું હવે ધણી–માવતર ને ફરજંદ વીના એખલી અટુલી દુનિયામાં રવડતી બની હતી.

બાનુ—બેહેન તારૂં દુખ સાંભળનારની છાતી ફાડી નાખે તેવું છે.

શાપુર—જ્યારે આજે આપરે મલ્યાંછ તો આજથી હું તમારા ખોવાયલા બેટાનો પતો શોધી કાઢવા મારૂં તમામ સુખ, શાંતી અકારી કરી તેનીજ પાછળ લાગશ. જ્યાં સુધી દોલીનો પત્તો મળશે નહિ ત્યાં વેર હું કદી આરામ લેવશ નહિ.

મેહેરાં—સાજી થયા પછી મેં ઘણી શોધ કીધી, પણ મારૂં બચ્ચું કેથે જણાયું નથી. તેવણ બોલ્યા હતા કે "તુને તારૂં ફરજંદ તુરંગમાંથી મળશે", (કમકમી) પણ ખુદા મારૂં બચ્ચું એવા બદબખ્ત જગ્યામાં મળવા કરતાં તું તેને તારી ગોદમાં ઉઠાવી લેશે તો તારી રેહેમ મારીપર ઉતરેલી હું સમજશ.

બાનુ—એમ ના બોલ બેન! ખુદા તો તારા જેવી નિર્દોશને સુખીજ કરશે. આજ, કાલ યા આયંદે તને તારૂં સુખ મેળવી આપસે.

શાપુર—આજે અમારા ધન ભાયગ કે તમે અત્રે મળી ગીયાં.

મેહેરાં—અમારા લગન આયજ પાકમકાનમાં થયાં હતા, તેથી હું દર વર્ષે મારા લગનના યાદગાર દિવસે આય પાક અગિયારીમાં આવી બંદગી કરૂંછ કે, "ખુદા મારા એક પુરા બચ્ચાને જ્યાં તે હોય ત્યાં નેક હિદાયત ભર્યું સુખી રાખે ને મને મેળવી આપે. (રડી પડે છે.)

બાનુ—તારા જેવી નિર્દોશની દોઆ આય પાક દરગાહમાં જરૂર કબુલ થશે, ખુદાની રેહેમ ઉતરશે.

[દોલીને વીકો ગળામાં હાથ ભેળવી પાછળથી આવે છે. દોલી વીકાને ઇશારતથી સમજાવી હાથ ઓરવા મોકલે છે ને પોતે પોતાનો ચીલ ઝડપી હુન્નર અજમાવે છે.

વીકો—બાઇજી કંઇ ગરીબને આપશો?

મેહેરાં—(જોઇ જોઇને) જરથોસ્તી થઇ છોકરા ભીખ માંગેછ? ઘણું ખરાબ લગાડેછ.

વીકો—ભીખ નથી માગતોજી, કંઇ સાદું કામકાજ માગુંછ કે ગુજરાન કરૂં. (હાંસે છે.)

મેહેરાં—છોકરા તું બીમાર જણાયછ? (રૂપીઓ આપે છે) લે આય રાખ, તારા લાયક હું કંઇ કામ સોંપશ. કેમ તારા કોઇ વાલી નથી.? (પસવારે છે.)

વીકો—બાઇજી અમો બન્ને જણા નાવારેસ છીયે. અમારા કાકાનો અમુને આશરો છે, તે ફકત સુવા બેસવા માટે ઘેરનો છાંયડો! પણ ગુજરાન કરવાનું અમારી મેહેનત ઉપર છે.

[ઉપલી વાત એક ચિત્તે ત્રણે સાંભળે છે, તેટલાં દોલી પાછળથી આવી મેહેરાની મોટી પર્સનું ઢાંકણું ખુલ્લું જોતાં તેમાંથી નાહની મનીપર્સ લઇ લેછે ને ડાહ્યો થઇ ઉભો રહેછે.]

મેહેરાં—(દોલીને ધારી જોતાં) છોકરા તું કંઇ બોલતો નથી? તને કંઇ જોઇએછ?

દોલી—તમારો ઘણો આભાર થયોજી. વીકાને આપ્યું તે મને મલ્યા બરાબર છે, હું કોઇ પાસથી ભીખ માંગી ગુજરાન નથી

કરતોજી. હું મારી મેહેનતનુંજ મેળવુંછ. (તફરમચીમના હુન્નર જેવા ચાળા કરી વીકાને ખરવા ઇશારો કરે છે.)

મેહેરાં—મારા તરફથી જે કંઇ તુને બક્ષેસ આપુંછ તે રાખ, ના ઓસકા. [મોટી પર્સમાં નાહની મનીપર્સ શોધે છે તે જણાતી નથી.]

મેહેરાં—(આસ પાસ નીચે જોતાં) મારી મનીપર્સ કેથે પડી ગઇ દેખું. [બધા શોધે છે. દોલી સહુથી આગેવાન બની શોધા શોધ કરે છે, ને તેમ કરતાં વીકાના હાથમાં પાછલે હાથે પોકીટ સેરવે છે.]

દોલી—અહીં તો કેથે મળે નહિ, કેથે ભુલી આયાં હોશોજી.

બાનુ—એવણે હમણાજ તેમાંથી એને રૂપ્યો આપ્યોની? તે એટલામાં કહાં ભુલી જવાય?

[ઇરાની તેમને કંઇ શોધતા જોઇ હેઠળ આવે છે.]

ઇરાની—ઓઇ, ઓઇ, શું ખોવાયા? મને કેહે હું શોધી આપેછ.

શાપુર—આય બાઇની પૈસાની થેલી કેથે ખોવાઇ ગઇછ.

ઇરાની—એ કામ આય લુચ્ચા છોકરાઓના લાગેછ. જેઓ કોઇ અંહી ભણવા ગણવા આવેછ તેમના ગજવા એઓ સાફ કરેછ. બડા અથંગ ચોર છે, નાહના છે પણ મોટા બદમાશ છે.

શાપુર—છોકરા ભુલમાં પર્સ મળી હોય યા લેવાઇ ગઇ હોય તો પાછી આપી દે.

દોલી—અમો નિર્દોષ છીયે, અમારી પાસે કંઇ નથી. (પોતાના ગજવા ઉંધાં કરી બતાવે છે.)

ઇરાની—એજ અથંગ ચોર છે, એનીજ પાસે છે.

[ઇરાની બન્નેને પકડે છે. દોલી ઇરાનીને આંટી મારી પાડી નાખી વીકાને સાથે ખેંચી નહાસે છે.]

ઇરાની—અરે કોઇ પકડો પકડો, ચોર નહાસે છે.

[બન્ને દોડી અંદર જાય છે તેટલાં અંદરથી એક સીપાઇ બન્નેને ગલચીમાંથી પકડી ખેંચી લાવે છે.]

સીપાઇ—એ શું ગડબડ છે? ચોર કોણ છે?

ઇરાની—આય બાઇ લોગના પૈસાની થેલી ચોરી એ બન્ને નહાસી જાય છે, મેં એમને પકડયા તો મને લાત મારી પાડી નાખી નહાસી ગીયા.

સીપાઇ—તે હવે ઝડતી લેતા જણાઇ આવશે.

[ઝડતી લેતાં વીકાના ગજવામાંથી પાકીટ મળે છે, બન્ને છોકરાં ધભરાઇ હરણફાળ થઇ પડે છે, ઇરાની ખુશી થાય છે.]

સીપાઇ—લેવ બાઇ આય તમારી પાકીટ મળી. (આપવા જાય છે)

[બન્ને છોકરાઓને દબાયલા ફીકકા પડેલા જોઇ મેહેરાના જીગરમાં દયા ઉત્પન્ન થતાં તે બાજી ફેરવી નાખે છે.]

મેહેરાં—(વિચાર કરતી પાકીટ જોઇ પાછી આપતાં) એ કંઇ મારી પાકીટ નથી.

ઇરાની—તમારી નથી? એણે હમણા ચોરીયા, મેં કાનેકાન સાંભળીયા.

મેહેરાં—બાનુ એ આપરી પાકીટ છે? (સાવચેતીથી બોલવા છુપો ઇશારો કરે છે.)

બાનુ—(ચેતી જઇ) નહિ એ આપરી પર્સ નથી.

મેહેરાં—શાપુરજી એ પાકીટ આપરી છે?

શાપુર—(પામી જતાં ફેરવી તોલે છે) નહિ એ આપરી નથી.

સીપાઇ—(મુછ મરડતાં વિચારમાં પડી બન્નેને છોડે છે) ઘણા અજબ જેવા કેસ છે. એ ઇરાની બુમ પાડી કેહેછ કે એણે તમારી પાકીટ ચોરી ને તેઓના ગજવામાંથી મળી. સાબેતી હાથમાં છે ત્યારે તમો લોગ ના પાડેછ? ત્યારે એનું શું કરૂં? (પાકીટ બતાવે છે.)

મેહેરાં—જેની પાસથી મળી તેને પાછી આપી દે. આય પાકીટના માલિક એજ છોકરાંઓ છે.

[સીપાઇ મુગે મોહનને પાકીટ સોંપે છે.]

સીપાઇ—તમારા જેવા રખડતા છોકરાઓનું અંહી કામ નથી. ચાલો બદમાશો અહીંથી ચાલી જાવ.

[બન્ને જણા મેહેરાની દયાળુ મેહેરબાનીથી શરમીંદા બની રડતા બીજી ગમ ચાલી જાય છે.]

સીપાઇ—એઇ ઇરાની, તમે ખોટી ફરીયાદ ઉઠાવી પોલીસ અમલદારને ઠગીયો, તમારા ઇનસાફ કચેરીમાં થશે (તેને પકડે છે.)

ઇરાની—મે નહિ આવવાના, એ બધા લોગ જુદા છે.

સીપાઇ—તમે નથી આવવાના પણ હમે લઇ જવાના. એ બધા લોગ સાચ્ચા જંટલમન છે.

[ઇરાનીને કમ્મરમાંથી ઉઠાવી લઇ જાય છે. બીજી ગમથી વીકા ને દોલી શરમીંદા બની નીચી નજરે આવે છે.]

દોલી—(મેહેરાં પાસે ગુડને પડી) બાઇજી અમુને માફ કરો. તમો કેટલા બધા દયાળુ છેવ? તમારી આય મતા મે ચોરેલી છતાં તમે ના કાંય પાડી? લેવોજી મને માફ કરો. (પાકીટ પાછી આપે છે, મેહેરા લે છે.)

મેહેરાં—છોકરા જો હું સીપાઇને આય મારી પોકીટ છે એમ કેહેતે તો તુને પોલીસ પકડી જતે. આવી નાહાની ઉમરમાં તુને તુરંગમાં નાખી તારા ભવિષને સદાનો કલંક લગાડતે.

વીકો—બાઇજી એમાં એનો વાંક નથી. દોલી એટલો બધો બુરો કે ચોર નથી. હું બીમાર ચાલ્યા કરૂંછ, તેથી મારા સારા ખાધ ખોરાક થકી ગમે તે ભોગે પૈસા પેદા કરેછ, ને તે સઘલા પૈસા મારી પાછળ ખરચે છે.

મેહેરાં—છોકરાઓ તમારા બન્નેના જીગરમાં હજી્બી સારી ખાશીયત છે એમ મને લાગેછ. મારા તરફથી આએ બીજા રૂપ્યા ભેટ આપુંછ તે રાખ. જો તમુને કાંઇ પ્રમાંણીક પણે ગુજરાનનું સાધન મેળવવું હોય તો આએ કાર્ડ આપુંછ તે ઠેકાણે જજો. તમુને આય કાર્ડવાલો ગ્રહસ્થ જરૂર મદદ કરશે.

દોલી—(ઉપકારના ઉભરાથી પગે લાગે છે) ઓ તમે કેવા ફરેસ્તા જેવા છેવ? હું તમારો આભાર કદી નહિ ભુલશ. કદી હરામની ચીજને નહિ અડકશ (વીકાને પાસે લઇ) વીકા વેક હવે તું જલદી સાજો તાજો થશે, તારે માટે હું મજેમજેહનું ખાવાનું લાવશ ને ઉંચી દવા પાવશ.

[બન્ને જના ખુશીમાં આવી આભારના હરખથી નાચતા જાય છે, મેહેરાં ખુદરતી લાગણીથી નીહાળે છે.]

મેહેરાં—નીરાધાર બચ્ચાંઓ ! આટલી નજીવી ભેટથી કેટલાં ખુશી થયાંછ ? ખુદા મારે હાથે એવાંજ ભલાં કામ કરવાની સરજત આપ કે મારા જખમી જીગરને કંઇ રાહત મળે. (આંખ લુછેછ) બાનું ગમે તો તું બી આતશ દાદગાને પગે લાગવા આવ.

[બન્ને જવા કરેછે.]

બાનુ—ચાલ બેહેન હું પણ આઉંછ (જતાં જતાં સ્વગત) જો શાપુર આજ જેવી તક ફરી મળનાર નથી. કોઇબી સુરતે તું અત્રે જેહાંગીરને ખેંચી લાવ, પછી એમના નસીબ; બન્નેનું દિલ મલીબી જાય.

શાપુર—તું એમને વધુ વખત બંદગીમાં રોકી રાખ, હું ગમે તેમ કરી જેહાંગીરને સમજાવી ખેંચી લાઉંછ.

[શાપુર બીજીગમ જેહાંગીરને તેડવા જાય છે બાનુ તથા મેહેરાં અગીયારીમાં દાખલ થાય છે, દોલી ને વીકો કાંઇ ખાતા દાખલ થાય છે.]

દોલી—આય બધા રૂપ્યા તું મારી પાસે રાખ. હું તો હવે મંચી કાકાના જુલમથી કંટાલ્યોછ. હું આય કાર્ડ મુજબ શેહેરમાં જઇ કોઇ નોકરી મેળવશ, ને પછી તુંને પણ લઇ જવશ, તેટલા દહાડા તુને આય રૂપીયા કામ આવશે.

વીકો—તું મને એખલો છોડી જશે દોલી ? જો દોલી મને પણ લેતો જા, નહિ તો ચાંદન ફુઇ મારો કુટંબો કરી નાખશે.

દોલી—જોની તારી તબીયત તદન બગડેલી છે, તું અંહીજ રેહ, તારા માટે કંઇ કામકાજ શોધી હું તુને પણ મારી સાથે લઇ જઇ રાખશ.

વીકો—પણ થોડા તો રૂપીયા રાખ.

દોલી—મારા કરતાં તુને એ રૂપીયાની અગત છે. તને સારા ખોરાકની જરૂર છે, સંભાળીને ખરચજે, ને કાકા ફુઇથી સાંતી રાખજે જો.

વીકો—પણ તુને કામકાજ મળે ત્યાં વેર શું ખાશે ? લે એક રૂપીઓતો રાખ ?

દોલી—લાવ તું જેમાં ખુશી તેમાં હું પણ ખુશી. (એક રૂપીઓ લેછે.) જો હવે હરૂસે ઘેરમાં જઇ કોઇ જોય નહિ તેમ મારા બે સોજ્જાં ફાટા તુટાં કપડા ને બુટ મોજાં લેતો આવ, કે હું નહાસી જાઉં.

[વીકો અંદર જઇ બારીએથી છુટ, બે શર્ટને સદરાનું પોટકું ફેંકે છે, દોલી તે ઝીલી, તેની પોટલી બાંધી લાકડીને છેડે ઓળવે છે.]

વીકો—દોલી તારા કપડાં એટલાંજ છે.

દોલી—ફીકર નહિ. વીકા તું ઘભરાતો ના હું, હું બે ત્રણ દહાડામાં જરૂર આવી મળશ ને તુને પણ નહસાડી જવશ. [બન્ને કોટી કરે છે.]

વીકો—(હાંસે છે) તુને જવા દેવા મને જરા થઇ ગમતું નથી.

દોલી—આપરા બન્નેના સારા થકી મને જવુંજ જોઇએ. કાકા મંગી ને ચાંદન ફુઇને મારા ફુટીસ થવાની વાત ના જણાવતો હું.

ગાયન.

[ભેટીને બન્ને છુટા પડે છે. દોલી બીજી ગમ આંખો બોંહે વડે નુછતો જાય છે. વીકો ફુસકે ફુસકે રડી પડે છે.]

વીકો—ગયો ! મારો સદાનો સાથી ! મારો ફરેસ્તો ! મારો રાસબર ! હવે દોલી ક્યારે મળશે ?

[વીકો રડતો આંખો નુછતો એક તરફ અંદર જઇ પડે છે, બીજી ગમથી શાપુર જેહાંગીર સાથે દાખલ થાય છે.]

જેહાંગીર—અમો માટી બૈયર વચ્ચેના કંકાસની તુને ખબર નહિ હોશે.

શાપુર—જેહાંગીરશા મને તમામ બીનાની ખબર મળીછ. મારા ખાતર તમારા સંપીલા કુટુંબનો નાશ થયોછ. તમારૂં ખોરવાયલુ સુખ ફરી તમુને મળે તે માટે મારા જેટલો કોઇપણ ઇંતેજાર નહિ હશે.

જેહાંગીર—પણ તું મને અંહીંવેર શા માટે ઘસડી લાયોછ ?

શાપુર—નહિ ધારેલાં હમણા મહેરબાનું મળી ગીયાં, તેવણના મોહડે અમોએ તમારા કંકાસની તમામ કેરીયત જાણી, તેથી કદાચ તમો વચ્ચે સુલેહ કરાવી શકીયે, તેથી અંહી લાયોછ.

જેહાંગીર—તે કેમ બનશે ?

શાપુર—પોતાની શાદી જે પાક મકાનમાં થઇ હતી (બતાવતાં) તે આજ પવિત્ર દાદગાહમાં મેહેરાં હમેશાં પોતાના લગનના યાદગાર દિવસે ચાલુ સેજદો કરવા આવે છે, અને આજે તેવણ અત્રે આવેલા હોવાથી અમો સાથ મુલાકાત થતાં આય વિચાર સુજ્યો.

જેહાંગીર—(ઉલટમાં આવી) મારી મેહેરૂં અંહી આવીછ ? ઓ ખોદા ? હું કેવું ઇચ્છુંછ કે તે મને માફ કરી મારી સાથે સુલેહ કરે ! પણ ફોકટ ! સાત સાત વર્ષ થયાં તે જ્યાંથી મને જોયોછ ત્યાંથી મારી તરફ તિરસ્કારની નજરે જોઇ દુર ન્હાસેછ; મને તો તે કોઇ ઉડતો રોગ સમજેછ.

શાપુર—તમે અને મેહેરાંએ વર્ષો વેર જે ધીરજ રાખી **ખુદાપર સબર** પકડીછે તે ઘણી સખત છે; પણ તમારી આવી કઠણ ધીરજને પણ ધન છે.

જેહાંગીર—નાચારીએ ! ધીરજના ફળ મીઠાં છે, એવી સબુરીપર સબર પકડી બેઠો છું. ધીરજ તો શાંતિને રાખનાર, ઇમાનદારીને સંભાળનાર, પ્યારને ઉછેરનાર, હિમ્મતને વધારનાર, ગુસ્સાને રોકનાર, અદેખાઇને બુજાવનાર અને નમ્રતાનો શિક્ષક છે.

શાપુર—તમે ફરી એક વખત કોશેષ કરો. કદાચ આય પાક આતશ-દાદગાહની બરકતથી તમારૂં કામ આસાન થશે.

જેહાંગીર—(અંદર જોતાં મેહેરૂંપર નજર પડે છે) આહા ! મારી ફરેસ્તા ખસલત મેહેરૂં કેવી એક ચિત્તે તે પાક પરવરની જબાનમાં સર નમાવી બંદગી કરી રહી છે ? ખુદા તેની દોઆ સાથે સાથે મારી પણ તેનાજ જીગરને મળતી દોઆ તારી દરગાહ પાસે છે, તે મંજૂર કર !

[સેજદો કરી આંખ લુછે છે. વાજીંત્ર ધીમે વાગે છે. તેટલાં મેહેરાં નીચી નજરે પાક મકાનની સીઢીપરથી હેઠળ ઉતરે છે. જેહાંગીર સામો સેકહેંડ કરવા ધસે છે, મેહેરાં તીરસ્કારથી જોઇ આંખ ફેરવી બાનુ ગમ વળે છે.]

જેહાંગીર—વહાલી મેહેરાં આપણે ફરી સુલેહ નહિ કરી શકીયે ? મને તું શેકહેંડ નહિ કરશે ?

મેહેરાં—(તીરસ્કારથી જોઇને) તમે કાંય આયા ? લાવો મારૂં એક પુરૂં ફરજંદ ! મારૂં ફરજંદ કહાં છે ? મને રૂસવા કીધી તેની મને પરવા નથી; પણ મારો એકપુરો બેટો ! મારૂં સુખ ! મારૂં કલેજું કહાં છે ?

જેહાંગીર—મેહેરાં જેટલી તું દોલીની હસ્તી માટે નાવાકેફ છે તેટલોજ હું છું. મારીપર ઇતબાર રાખ, તારા મકાનપર પાછી આવ.

આપણે બન્ને જણા સાથમાં ખડા રહી તેની શોધખોળ કરશું, ખુદા ચાહશે તો આખરે ફાવશું.

મેહેરાં—તમે જુઠ્ઠું બોલોછ. તમે મારા બેટાને ચોરને હવાલે કીધો. ખુદા જાણેછ તે હાલમાં કયાં ભુખે રખડતો હોશે! તળવળતો હોશે યા મરી ગીયો હોશે!

જેહાંગીર—મેહેરૂં હું વર્ષો થયાં તેની શોધમાં ફરૂંછ પણ મને તેનો પત્તો મલતો નથી. મારી દોલતની છેલ્લામાં છેલ્લી પાઇ ખરચાશે ત્યાંવેર તેની શોધમાં ફરશ.

મેહેરાં—જો કદાપી હું હજી લાંબા વર્ષો જીવશ છતાં હું કદીબી મારા વહાલા દોલીની યાદ મારા મગજમાંથી ભુસાડી શકશ નહિ! તે મને મહારી આંખોની રોશની કરતાં પણ વધુ વહાલો હતો. જ્યારેબી હું તેની યાદ કરૂંછ, ત્યારે મારો શ્વાસ રૂંધાવા માંડેછ! અને જ્યારે તેની જુદાઇની યાદ હેયામાં ધાઇ આવેછ, ત્યારે તો આતશ પેરે બદનમાં અગન ઉઠેછ! તમે જાણતા નથી કે મારો પ્યાર કેવો અખંડ છે? મારા જીગરમાં જનેતી માવતરનો પ્યાર છે! જેની સીમા કે છેડો નથી.

જેહાંગીર—હું માનુંછ! મારી ભુલને કબુલ કરૂંછ! પણ હાલ તું મને માફ કર! મેં તુંને આપેલા ગેરઇનસાફથી જેટલો બળુંછ તેટલોજ વહાલા ફરજંદને માહરે હાથે ફેંકી દેવા માટે હું રાત દિવસ અંતરમાં ખવાઇ જાઉંછ.

મેહેરાં—જ્યારે તમારા જીગરમાં મારા હેયામાં બળતી આગ જેવી અગન બરપા થશે ત્યારેજ તમુને મારા જખમની કદર થશે.

જેહાંગીર—મારા હાથે કીધેલા પાપ માટે હું જેટલો દુઃખી થાઉંછ! તેટલો કોઇ કંગાળ દરદી પણ દુખી થતો નહિ હોશે.

મેહેરાં—મને તમો તમારી સાથે રાખવા ચાહતા હોવ, તો મારા બેટાને શોધી લાવો, પછી હું તમારી તાબેદાર થવશ! પણ ત્યાંસુધી હું મારા અંતકરણથી તમુને સદા ધિકકારતી રહેવશ! તુચ્છકારતી જવશ.

[તિરસ્કારથી ચાલી જાય છે. બાનું પાછળ જાય છે. જેહાંગીર હદ બહાર નિરાશ બની તેણી પાછળ દયાથી જોય છે. શાપુર દલગીર બને છે.]

શાપુર—મારી ભલી કોશેસ જરાબી નથી ફાવી.

જેહાંગીર—તે મને કદી માફ નહિ કરશે! હવે હું શું કરૂં? કહાં દોલીને શોધું? (વિચાર કરતાં કરતાં ઉશકેરાઇ જાય છે.) ખરૂં છે કે પાણી વહેશે નહિ તો દુરગંધી છુટશે, ખંજર ચાલશે નહિ તો તે પર કાટ ચહડશે! આસમાનપર ફરવાથીજ સુર્યની ગતી જણાઇ છે, ચંદ્રમાં પણ તેથીજ મ્હોટાઇએ પુગો છે! અને આસમાન પણ ફરતું હોવાથીજ ઉંચ હાલતે પોહચ્યું છે! તો હું જો દોલીને શોધખોળ કરતો ફરતો રહીશ તોજ મારૂં ખોવાયલું સુખ મેળવી શકીશ, એ ખુદાના ઘેરનો અવાજ છે.

[વિચારમાં ફરે છે. તેટલા મંચી મંચી મક્કારો દાખલ થાય છે, તેની નજર જહાંગીરપર પડતાં તેને પીછાને છે.]

મંચી—શેઠ સાહેબ, મારા મુરબી, મારો બાપો કરૂં!

જેહાંગીર—શું માગેછ?

મંચી—સેવકને ભૂલી ગયા કે? આય બંદો તમુને એક વખતે કેટલો બધો ઉપયોગી થઇ પડ્યો હતો તે યાદ છે કે?

જેહાંગીર—હું તુને પયછાનતો નથી, પયછાનવા ઇચ્છતો નથી.

મંચી—આય તમારા જુનાપુરાણા મદદગારને ભુલી ગીયા કે? તમે મને પેલું બચ્ચું સોંપ્યું હતું તે યાદ છે કે?

જેહાંગીર—(હરખથી દોડી જઇ) મારૂં બચ્ચું મે જેને સોંપ્યું હતું તે તુંજ કે?

મંચી—હવે મને પયછાન્યો? તમારી સુચના મુજબજ બોલેબોલ મે કામ બજાવ્યુંછ.

જેહાંગીર—(શેકહેન્ડ કરે છે.) અને તુને જોતાં તો હું ઘણો ઘણો ખુશી થયોછ; મારૂં બચ્ચું કહાં છે?

મંચી—અંહીજ છે. કેમ કંઇ હવે તેની જરૂર પડી?

જેહાંગીર—મારો બેટો પાછો આપ, તું માગે તે આપું. લે પાનસો રૂપીઆ તારી લાયકી માટે ભેટ આપશ.

મંચી—પાનસે રૂપડી? છટ, સાત સાત વર્ષ ખવાડી પીવાડી સીધા સાટકા જેવો બનાવ્યો તે પાનસો રૂપડી માટે કે? એ કંઇ અપાય નહિ. હવે તો તે મારો ખાનદાની ધંધો ચલાવવા લાયકનો થઇ પડયોછ.

જેહાંગીર—પાનસો નહિ તો સાતસો, લે હજાર લે, (તે નાનું ડોકું ધૂણાવે છે.) ગમે તો પંદરસો લે પણ મારો બેટો પાછો લાવ.

શાપુર—(બન્ને વચ્ચે ખડો રહેતાં) એ એમ માનતો નથી તો જવા દેવ, ચાલો આપરે પોલીસમાં જાહેર કરી છોકરાનો કબજો લઇ શકશું.

મંચી—બે વેપારીઓના સોદાની પહણ વચ્ચે એમ વચ્ચમાં ઘુસી માથું મારવાનો કોઇનેજ હક નથી. શેઠ તમે બાજુ જાવ, એ તો અમારા વેપારના વેહવારની આપ લે છે.

જેહાંગીર—જો હમણા તો આટલી થોડી રકમ છે. (નોટો આપે છે તે અધીરાઇથી બન્ને હાથે લઇ આંખે દાબે છે) હું અતર ઘડી જઇ બધી રકમ લેતો આવુંછ. તું મારા બેટાને લાવી હાજર કર. શાપુર તું જલદી ઘેર જઇ મારી મેહેરાને લેતો આવ.

[બન્ને જણા બે તરફ ઉતાવળમાં દોડી જાય છે મંચી ખુશાલીમાં નાચે છે.]

મંચી—અલલૈલલ! આજે તો ઘેર બેઠી લક્ષ્મી પ્રસન્ન થઇ આવીછ. એ તો હું કેથો નશીબનો લીલો હુતો, જે લારેજ આવતો છોકરો મેળવ્યો. હાલ તો એ દોલીને સોંપી દેઉં, પછી તો નવી તદબીરથી ચાલુ દરમાયો મેળવશ તોજ હું મંચી મકકારો, લખ્ખનમાં પુરો.

[જાય છે.]

અંક ૨ જો—પ્રવેશ ૨ જો.

ઝુંપડી અંદરનો દેખાવ.

[વીકો દોલીની જુદાઇમાં ઝુરપંજર બની વિચારમાં આવે છે.]

ગાયન.

ચાંદન—દોલી, દોલી. વીકા કહાં મુવોછ?

(ચાંદન દાખલ થઇ વીકાને પાંખડી પકડી ઘસડે છે.)

ચાંદન—મુવો એબદસા જેવો ખુણે ખુણે ભરાઇ એના માય બાપને નામે રડતો ફરેછ. મારા હીરા જેવા ઘેરમાં આવા દલદર મુવા કહાં આવી પડયાંછ?

મંચી—ચાંદન એને મરવા દે! દોલીને લાવ, કેમબી કરી જલ્દી તેને પેદા કર (બાજુએ ઘસડી) જોની એ દોલીનો બાપ તેને લેવા આયોછ. દોલીના બદલામાં બે હજાર રૂપ્યા મળશે. ચુપ! એ નાપાકને ના કહેતી.

ચાંદન—(ધમો મારી) એ મુવા ભસતે ગીયા વીકાને કહારની પુછુંછ કે દોલી કહાં છે? મુવો તો તેનું નામ સાંભળતાંજ રડેછ પણ બોલતો નથી.

મંચી—વિકા જલ્દી બોલ, ખરૂં બોલ? (બાજુ) એ છોકરો નહાસી જશે તો મારા એ હજારપર પાણી ફરશે.

વીકો—કાકા હું નથી જાણતો, મને ખબર નથી.

મંચી—તુને ખબર નથી? (ગળું પકડી દાબે છે) બોલ હવે તો યાદ આવી કે? ચાલ વેક બોલીદે નહિ તો દમ રૂંધી નાખશ.

વીકો—(ગુગળાતાં હાંસતાં) મને એમ ગુંગળાવી ના મારો? હું બોલુંછ; હું બોલુંછ.

ચાંદન—મુવા ભસી મરની? તારો જીવ નીકળી જાય, મુવા ભસી દેની.

વીકો—તમારા જુલમને લીધે તે ઘેર છોડી શહેરભણી નહાસી ગીયોછ: કેથે નોકરી શોધવા જાઉંછ એમ કહી ગીયોછ.

મંચી—ગીયો? નહાસી ગીયો? (બાજુ ચાંદનને) મારા એ હજારપર પાણી ફર્યું. હવે તેમને જવાબ શું આપું? (મોટે) એ નાપાકને મારી નાખ, એનીજ શિખવણીથી તે નહાશી ગીયોછ.

[બન્ને મારવા જતાં વીકો જીવ લઇ નહાસે છે, ચાંદન તેની પછવાડે દોડી જાય છે. બીજી તરફથી શાપુર મેહેરાં ને બાનું તથા એક ગમથી જેહાંગીર નોટોના ચોડા સાથે આવે છે.]

મેહેરાં—મારો દીકરો કહાં છે? બોલો? જલદી તેને લાવો.

જેહાંગીર—લાવ મારા બેટા દોલીને લાવ. લે આય તારી દયાનતદારીની કિંમત.

મંચી—મારા મુરબ્બી હું લાઉંછ. પણ–પણ (બન્ને હાથે નોટો લેવા આતુરતા બતાવે છે) દોલી–દોલી તો–

જેહાંગીર—કહાં છે, લાવ જલ્દી તેને લઇ આવ.

મંચી—(ગભરાઇ) તે તો કેથે બહાર–બહાર ગીયોછ

[ચાંદન ચબરાકીથી વીકાને ખેંચી લાવી તેમના બેટા તરીકે ઠોકી બેસાડે છે, મંચીને આંખનો ઇશારો કરે છે.]

ચાંદન—**આય વીકો** તમારો બેટો–બહાર ગયેલો તે હું લેતી આવેલી. એજ જુઓ, તમારો ખોવાઇ ગઇલો બેટો દોલી!

મેહેરાં—(હરખથી) મારો બેટો ? (દોડી જઇ વળગે છે) મારૂં કલેજાનું ? એના કેવા હાલ અવતાર ?

જેહાંગીર—(શકમંદ બની) મારો બેટો ? (મનસે) ખુદા એજ મારૂં ફરજંદ ? (વિચારી) પણ મારી મેહેરાં હરખાયછ ને ખુશી થાય છે, મારૂં સુખ એજ બચ્ચાથી સંધાયછે ! (મોટે) ખુદાના શુકર કરૂંછ કે આખરે મારૂં સુખ સંધાયું.

વીકો—મારા જનેતા માય તમે ? મારા બાવા તમે ?

[બન્ને ને બેઉ તરફથી વળગે છે, વળગતાં હરખથી હાંસતો ઝીમાઇ જાય છે. ચાંદન ને મંચી શકમંદ બની એકમેકને ટીકે છે. શાપુર બાનું વીકાને જોતાં કંઈ અજબ લાગણીથી તલપે છે.]

ટેબલો.

અંક ૨ જો—પ્રવેશ ૩ જો.

—:*:—

સ્થળ—દીવાનખાનું.

[એક તરફ અંદર ઓરડામાં જવાનું બારાણું, બીજી તરફ કરટન.]

કુંવર—(મનસે) મે સુનાપર કાગળ મોકલ્યું પણ હજી તેનો જવાબ મલે નહિ, રખે વચમાંજ કાગળ ગડાવ્યું હોય ? (શેહેરીયાર જતો જણાય છે.) કોણ શેહેરીયાર કે ? કેમ તું કહાં જાયછ ? આય મુવો એક બીજે મલ્યો છે.

શેહેરીયાર—બોઇ હું બજારમાં જાયછ, કેમ સું મંગાવેચ ?

કુંવર—તું ખરૂં બોલે તેવો તો નથીજ, પણ વારૂં હૂં એમ પુછું, આજે કાલે યા થોડા દિવસ પર મારા નામનું કોઇ કાગલ લાયુતું ?

શેહેરીયાર—બોઇ મને તેના ખબર નથી. હું સું જાને ? તારા કાગલ તારા ખાવીંદ ઉખેડેચ ને વાંચેચ. તે તું જાને ને તારી વાત શીહ જાને, અમુને સાની ફીકર ? (મીજાજમાં ચાલી જાય છે.)

કુંવર—મુવા બધા નોકર નફર પણ મારી સામે ફીતુર રમેચ. એ બધાંને ઘેરમાંથી કાઢી મુકસ તાહારેજ નચાંતે જંપીને બેસી શકસ.

(સુના દાખલ થાય છે) કેમ સુના, તું મુઇ બપોરની કહાં કરાઇતી? ખરૂં બોલ, તારા પરાક્રમ કંઇ જણાય કે?

સુના—બાઇ ગુસ્સે ના થતા જો. તે દિવસે તમે મારી બેન ગુલીને નહિ ઘટે તેવું બોલ્યા, મને પણ ગમે તેમ ગાળ આપી; પણ મારૂં કંઇ નહિ, પણ ગુલીને સમજાવવા ગેઇતી.

કુંવર—હું સમજુંચ, કહાં ગેઇતીતે? જોયું, ખરૂં કેવું બોલાઇ ગીયું? મારા ધણી તરફથી તે મુઇને ચેતવવા ગઇતી નહિ? હુંબી તાહારની વિચાર કરૂંચ કે મારી ચાકીનો જવાબ સુનાબાઇએ હજી કાંય નથી મોકલ્યો? પણ એ બધાં મુવાં તમારાંજ કારસ્તાન દેખું?

સુના—પણ બાયજી મારૂં બધું કહેવું તો સાંભલસો કે તમારૂંજ બોલસો? હું તો તમારા કામ થકી—

કુંવર—મારા કામ માટે? એ તુને તાંહ કાહારે મોકલી?

સુના—બાઇજી સાંભલો તો ખરાં, તમુને આપરા શેઠપર વેહેમ ઉપજીયોચ તે કંઇ ખોટો નથીજો, એવી હવે તો મારી પકકે પણે ખાતરી થઇચ.

કુંવર—શું? શું બોલી? તે કેવી રીતે?

સુના—હું ગુલીને મલવા ગઇતી, તો તાંહ અજબ જેવી વાત સાંભલી.

કુંવર—તે શું? મારી નજીક આવીને બોલ જોઉં?

સુના—(આસપાસ જોઇ) જુઓની બાઇજી. આપરા શેઠની એક ચીઠી શેહેરીયારે ગુલીને પોંહચારી.

કુંવર—મરેરે! માટીડાઓ કેવા કેવા કારસ્તાન કરતા ફરેચ જો? અરે મુવા શહેરીયાર, તું મુવો મારા ધણીના કારસ્તાનમાં સામેલ છે નહિ? પછી પછી? (શેહેરીયાર દાખલ થાય છે.)

સુના—આજે સાંજે શેઠે ગુલીને શાલ ઓઢીને અંહી તેડાવીછ, કે કોઇ તેનું મોહોનું નહિ જોય. (શેહેરીયાર ધીમે પગલે આવેછે.)

કુંવર—કેમ રે મુવા, એમ ચોરની કાની સનતાઇને વાત સાંભલવા માગેચ કે? ચાલ ચાલતો થા.

શેહેરીયાર—બાઇ ગુસ્સે સાના થાયચ? કોઇ એક શીઠ આપરા શીઠને મલવા માગેચ, તે કેહેચ કોઇ સબી માટે વાત કરવીચ.

કુંવર—શું સબી માટે વાત કરવા માગેચ? સુના જોયું મે ધાર્યુંતું તેજ ઘણી હોશે જો. એમની પાસેથી હવે મને પુરેપુરા પુરાવો મલસે.

જા તેમને અંદર મોકલ (શેહેરીયાર જાય છે.) વારૂં સુના, હું નથી આવવાની એમ ગુલીએ લખી મોકલ્યું કે ?

સુના—બાહજી તે તો ઘણી ઘભરાઇ ગેઇચ, તેથી ઘભરાટમાં આવસ એમ કેહેવરાવ્યું પણ તે આવે તેમ નથી જો.

કુંવર—તાહારે તો સત્તર આનાની વાત થશે. જો એવણે પણ તેને શાલ ઓઢીને બોલાવીચ, તાહારે હુંજ કાંય નહિ તેવી રીતે તેમને મલી ફજેત પાડું ? જો હું કેઉં તેમ કર. હમણા તું ગુલી જેવીજ મારી કોર સાડી લઇને બહાર જા. હું પણ કોઇ બહાનું કાઢી પછવારેને બારણેથી જવશ ને ગુલી જેવી બનીઠનીને સાંજ પરતાં અંહી આવી મલશ. પછી હું છેઉં ને મારા ધણીના લટીયાં છે. એવાં તો પીખશ, એવાં તો પીખશ કે જનમની બોર ભુલાવસ. (સુના જાય છે. અદી દાખલ થાય છે.)

અદી—સાહેબજી બેન, મને મી૰ ફરામરોજને મલવું તું. એવનની મુલાકાત કાહારે થશે ?

કુંવર—પેલી સબી માટે પુછવું છ કે ?

અદી—હાજી. જુઓ એક મારી સબી ઉતી-અરે ઉતી શું પણ છે.—હવે તમારાથી વાત છુપાવવામાં સાર શું ? વખત આવી પરે ત્યારે દિલ ખુલ્લું કીવેલુંજ ઠીક. જુઓને બેહેન મેં મારી સબી મારી એક અદરાયલી છોકરીને ભેટ આપીતી, મને જો કે, હવે તેની પરવા નથી, પણ મનનું સમાધાન કરી વાતનો ખુલાસો મેલવેલો ઠીક, કેમ કે તે વાતપર મારી જીંદગીનો આધાર છે.

કુંવર—હું સમજી, તે છોકરી ઘણી દેખાવલી પણ છેની ?

અદી—દેખાવલી શું પુછોછ ? હજારમાં એક મલવી મુશકેલ તેવી દેખાવલી છે અને હવે મને એવો શક ઉપજયોછ કે તેણીએ તે સબી કોઇ બીજા ધણીને આપી દીધીછ.

કુંવર—તદન બંદ બેસ્તું. મારો તરક પણ તેવોજ ઉતો, અને મને પુરતો વેહેમ છે કે—

અદી—શું ફરામરોજને તેણીએજ સબી આપીતી એમ તમે કહેવોચ કે ?

કુંવર—હા એમજ તો.

અદી—બસ હવે મારો વેહેમ મજબુત થયો. સાબેતીપર સાબેતી મલતી ચાલી.

કુંવર—(આંખ તુકી) એથી તો મારૂં સદાનું ધન ભાગુંચ.
અદી—ત્યારે હવે મારી પુરતી ખાતરી થઇ કે હું મજબુત ઠગાયોછ.
કુંવર—વારૂં તે છોકરીનું નામ શું ?
અદી—એમી છે.
કુંવર—ચાલો નામ પણ જાન્યું. હવે તમે વધું શું જાનવા માગોચ ?
અદી—પણ બાઇ તમે તેને કદી જોઇતી કે ?
કુંવર—મરે કેહેતાં પણ શરમ લાગેછ, શું કેઉં મરે ? એક જુવાન છોકરી ભર રસ્તાપર પરાયા માટીડાની છાતીપર શું ડોક નાખી લાડ કરે, ગાલપર હાથ ફરે તો પણ સરમાય નહિ, હાથમાં હાથ લેઇ ચાલે. મરેરે મુવાના બેન કોતક જોઇ હું તો બલી જલી ગેઇજો.
અદી—કેવી બેહયાઇ ? એમા ! એમા ! મે તુને આટલી બધી બેશરમ થશે એમ કદી જાણી નહોતી. ચાલો બેન, તમારી મદદથી મને બધો ખુલાસો મલ્યો, તે માટે આભાર માનુંછ. પણ મારી સખી તમારા ધણી પાસે છે એ નકકીજ કે ?
કુવંર—તદન આબેહુબ તમારીજ સખી તેવનની પાસે છે, અને એ બન્નેના બેન કોતક જોતાં કરોવ ચઢતાં હું તેમની પછવાડે ગેઇ તો બન્ને નહાસી ગીયાં. મને તમારી સખી મલી, તે ભોલાઇમાં હું જોવા લાગી તો મારા સોભના ધણી ગુસ્સે થઇ ઝુંટવી લઇ ચાલતા થયા; ને સામી મને બદનામ કરવા લાગા કે, એ કોઇ તારો, ઓળખાતો એવો તેવો હોસે. (રડે છે.)
અદી—તમે ના રડો. હું તમારો સાખરસી છેઉં, તમે હવે ના બીહીતા; હું એ વાતનો રસ્તો બરાબર કરૂંચ.
કુંવર—આવજોઇછ. જાનવાજોગ ખબર મલે તો મને તુરત લખી જનાવજો. ગમે તો બેસો, તેવન હમણાજ આવસે. (ચાલી જાય છે.)
અદી—(મનસે) દગો ! આબાદ દગો ! જોઇતી સાબેતી સાથે સાહેદી પણ મલ્યો. સાંકલની ખોવાયલી દરેક કડી મલી, પણ હજી પેલો ફોટો નથી મલ્યો. જાંહ સુધી તે મલે નહિ તાંહ સુધી છવને ચેન પડસે નહિ.
શેહેરીયાર—(મનસે) એ આ બધા ગેરના ઘેર જંગલી કેમ થેઇ ગાયા ? એ બધા લોક મને જંગલી કેચ; પણ હવે હું એ બધાને ગેધેરા બનાવેચ (અદીને જોઇ) એ શીદ તુને શું જોઇએચ ? તું પેલા સખી લેવા આવીચ કે ?

અદી—શું તુને રુબાની ખબર છે? તારા શેઠે મારી સબી કહાં મુકીય તે જોઉં બતાવશે તો હું તુને ખુશી કરશ.

શેહેરીયાર—હું તુને સેબી આપીયા પછી તો તું દેલગીર થાસે, પછી મને કોહથી ખુસી કરવાના?

[શેહેરીયારને અદી રૂપીયા આપે છે. તેટલાં ફરામ દાખલ થાય છે.]

અદી—હા એબી ખરૂં. ચાલ જોઉં હવે બતાવ.

ફરામ—(મનસે) પેલાએ પોતાનું નામ અરદેસર જનાવ્યું તે તપાસ કરતાં તદન ખરૂં જનાયુંછ. હવે શું જોઈએ? હવે કસુંજ નહિ. ફકત ઘેરમાં જવાનું અને હાથમાં સાલ્લો પકડાવી બૈરીને માહીરે મોકલવાની. (અદીને જોઈને) પણ આય તો પેલોજ, વાહ? મારા ઘેરમાંના બધા નોકર નફરને કેવા પૈસાથી સાંધી લીધાંછ?

[બન્નેને ગરદનમાંથી પકડી હીલવી મુકેચ.]

ફરામ—હવે કેવા સપડાયા બચ્ચાજી?

શેહેરીયાર—ઓ મારા ખોદા.

ફરામ—કેમ બચ્ચાજી એ સું લીધું?

શેહેરીયાર—શીઠ તું નેઈ સમજી. એ શીઠ બોલી આય રૂપીયા લે પણ હું કેહેચ નેઈ લેતી. હું હમના પાછા ફેંકી દેતીતી પણ તેટલાં તું આવી ગઈ. (પૈસા ફેંકી ચાલી જાય છે.)

ફરામ—ચોર દગલબાજ (અદીને) પણ તમે નામદાર અહીં કાંહાંથી.

અદી—હું તમુનેજ મલવા આયોતો.

ફરામ—કેમ શું કામ માટે?

અદી—મારી એક સબી તમારી પાસે છેની તે લેવા આયોતો.

ફરામ—એ બધી ખબર તેણીએજ આપી ખરી કે? અને બીજું શું શું જનાવ્યું?

અદી—મને બીજી ઘણીજ વાતો જણાવીચ; પણ-

ફરામ—બસ બસ, હું પામી ગીયોચ; મને શકજ નહિ ઉતો, હવે તમે નેક નામે શું વિચાર ધાર્યોચ?

અદી—વિચાર સાનો કરવાનો? આય નજીવી જેવી સબી માટે હું તમારી સાથે કજીયો કરવા ચાહતો નથી. જ્યારે તેણીએ પોતાની ખુશીથી આય સબી તમુને આપી ત્યારે તો-

ફરામ—તમે ભુલોચ તેણીએ આપી નથી પણ મેં લીધી.

અદી—તમે લીધી હોય યા તેણીએ આપી હોય, બધું સરખું. પણ હાલમાં તે તમારી પાસે છે એ ચોકસ.

ફેરામ—એ મારીજ પાસે છે.

અદી—ત્યારે તો થઇ ચુકું. તમે હવે આ ફોટોનું ગમે તે કરો, પણ એ યાદ રાખજો કે, તમે મારા સદાના સુખનું સત્યાનાસ વાલ્યુંછ.

ફેરામ—તે કેવી રીતે? હું તમારી મોજમાં હરકત નાખુંછ તેથી કે?

અદી—બેશક તેથીજ તો.

ફેરામ—ત્યારે તમારા મનથી હું ઘણો ઘણોજ બુરો ઘાતકી ઠર્યો ખરો? ગરીબ બીચારા, એમના સુખમાં મે હરકત નાખી.

અદી—થયું તે થયું, પણ હવે કસમ લેઇ કેઉંચ કે, હવે પછી તેણી સાથનો મારો સંબંધ સદાનો તુટો. હવે તે તમારી ને તમે તેના. ગમે તેમ હવે નાચો કુદો મને હવે કસું લાગતું વલગતું નથી.

ફેરામ—વાહ કેવી મોટી ઉદારતા બતલાવોચ? પણ મને હવે તેથી ફાયદો? તમે જેમ મને કેહેવોચ તેવું હું પણ તમુને જનાઉંચ કે હવે પછી તેણી સાથે મને જરાબી સનાન સુતક રહ્યું નથી. તમેબી હવે તેની સાથે ગમે તેમ ફરો.

અદી—જેટલી તે મને અગાઉ પ્યારી ઉતી, તેટલી તે હવે અકારી થઇછ. બેઇમાન! શયનાન?

ફેરામ—બેઇમાન? ખરેખરજ બેઇમાન! (મનસે) હવે તો થઇ ચુકું પણ હા યાદ આવી. એની સાથે તન પાંચ કરવામાં સાર સું? હમણા પેલી ગુલાં મલવા આવવાની છે તેને મલીને એક રીતે જીવનું પુરૂં સમાધાન કરી લેતે. (જાય છે.)

અદી—(મનસે) મને કંઇ સમજ પડતી નથી. હજી એ નાપાક મને ફોટો બતલાવતો નથી, પણ હવે હુંબી ખરો કે બે હાથ એને બતલાવી મારો ફોટો મેલવું; કદાચ તેપર કંઇ લખેલું કાય નહિ હોય?

શેહેરીયાર—(દોડી આવી ધીમે) એઇ શેઠ સીતઃ સીતઃ

અદી—કેમ શું કેહેચ?

શેહેરીયાર—જોરથી ના બોલ. હવે તું અંહીથી ફરાર બની જા. મારા શેઠને એક બૈરીની છુપાછુપ મુલાકાત લેવીચ, તું હોસે તો શેઠને નહિ ગમસે, મનેબી ગમસે નહિ.

અદી—બૈરીની મુલાકાત? કેવી બૈરી? કોનની બૈરી? (મનસે) જાંહ છે તાંહ અંહી ચોટાળો હવે દેખાવાનો. વારૂં તે બૈરીને તુ ઓરખેચ કે?

શેહેરીયાર—શું હું નેઇ ઓરખે? હુંજ તેને તેરી લાવીચ. મારા બોહ નેઇ જાને તેથી હરૂસે તે આવેચ (**સુના દાખલ થઇ** ભરાઇ જોયછ.)

અદી—હવે તો પુરી સાબેતી ને તેબી નજર સામે મલેચ, ત્યારે આવી તક ચુકવી શું કામ? જો એ ઇરાની મને અંહી કેથે છુપાવી રાખસે તો તુને આ નોટ આપશ.

શેહેરીયાર—નોટ આપેચ? સું તું મને લાંચ આપેચ? તે હું નેઇ લેચ.

અદી—જો હું ભરાઇ રહી જોવશ ને પછી મુગો મુગો ચાલી જવશ લે, ચાલ ડાહયો થા.

શેહેરીયાર—(નોટ લઇને) ચાલ તારે જલદી કેર, ને આય પાસેના ઓરદામાં જઇ બેસ.

અદી—પણ એ કોણ ઓરત છે તે તો કેહ?

શેહેરીયાર—તે તુને નેઇ કેચ. ને નીકાબ પેહેરીને આવેચ, પછી જોજે.

[અદીને રૂમમાં બંદ કરેચ. સુના દાખલ થઇ બધો રાહઘાટ છુપાઇ જોય છે.]

શેહેરીયાર—ચાલ હવે હું એના બેરાબર ફેસતા કરાવેચ; પણ પેલી ગુલી બોઇ આંધારામાં આવી ઉભાચ, ને શીઠ હજી નેથી ગઇ, ચાલ તેને બોલાવી લેઇ જાઉં (અંદર જાય છે.)

અદી—(ડોકાવી) અંહીથી ડોકાવી ઠીક જોવાનું મલસે, પછી હું છેઉં ને મારા હાથ છે.

સુના—ઓ મારા માયરે? એ ભસ્તે ગીયો ઇરાની સું કરતો ફરેચ? મારા શીઠ જો એને જોશે તો વરી રોખરૂંજ જગાવશે.

[ફ્રામરોજ ધરપચમાં દાખલ થાય છે.]

ફ્રામ—(દાખલ થઇ) કેમ શેહેરીયાર તે કાંહા ઉભીચ?

શેહેરીયાર—અહીં બાજુમાં છે શીઠ, તુ કેચ તો હું લેતા આવેચ.

ફ્રામ—ચાલ, ચાલ હુંજ જઇ તેડી લાંઉ (અદી ડોકાવી જોય છે.)

શેહેરીયાર—કેમ સુના અંહી સું કરેચ? ચાલ આપરે કામે જઇએ.

સુના—હા ચાલ હું બહાર જઇ આવુંચ (બહાર જવાને મસે સંતાતી પાછી આવે છે.)

શેહેરીયાર—હવે આપરા કામ ખલાસ થીયા. બધા ઘોટાલા એ લોકોજ કરીને મરઇ પરસે, તો જોવાના મજાહ પરસે (જાય છે.)

સુના—(બહાર આવી કલ આપતાં) બાઇએ શેઠનો ઘાટ ઘડીયોચ, ને જો ભૂલે ચુકે શેઠ આય ઓરડામાં જશે તો બાઇ ઉલટાં બદનામ થશે ને મુવા શેહેરીયારની ચઢતી થસે પણ હુંભી ખરી કે એ મુવાનો ઘાટ મુગી મુગી ઘડી નાખું.

[સુના બારણાને કલ આપી જાય છે. ફરામ બુરખા વાલીને લાવે છે.]

ફરામ—જો ગુલી મારૂં તું આય કામ કરસે તો તું માગસે તે આપીશ, પણ હવે આય શાલ મોહનાપરથી કાઢી નાખની.

બુરખાવાલી—(સાધ બદલી) નહિ નહિ, કોઇ જોસે બીસે તો હું શરમથી મરી જવશ.

ફરામ—અંહી કોણ જોવા આવવાનું છે? બીહીકન કેથેની. હવે મારૂં કહ્યું કર, હું તારી કદર કીધા વગર નથી રેહેવાનો.

બુરખાવાલી—મે તમારી સાથે છુપા છુપ મુલાકાત લીધી એ જો તમારી બૈરી જાણશે તો મારા બાલબી સલામત નહિ રાખસે જો.

ફરામ—તું તેની બીહીક ના રાખ. તે હમણાજ કેથે બહાર ગેઇચ ને હંમેશા એમ બહાર ઘણો વખત ભટકેચ, તે જાનવાનીબી નથી. જો તુને બીહીક લાગતી હોય તો બારણું બંદ કરૂં (તેમ કરે છે) ચાલ હવે શાલ કાઢીને મારી સાથે ખુલાસેથી વાત કર.

બુરખાવાલી—નહિ તો તમો બન્ને માટી બૈયર વરી મરાઇ પડશો તો વચમાં મારો મરો થશે.

ફરામ—બસ એ વાત તું છોરી દે. એક વખત ઝાડપરથી પડેલું ફળ ફરી કદી વળગવાનું ઉતું? તેમાં વલી મને હવે મારી બૈરીપર એવો તો કેહેર છુટોછ કે તેનું મોહનું પણ જોવા ગમતું નથી.

બુરખાવાલી—પણ એ તમારૂં બોલવું હું સાચ્ચું કેમ માનું?

ફરામ—તું કેહ તેવા કસમ લઇ કેઉંચ, હવે તારી ખાતરી થઇ?

બુરખાવાલી—લેવો ત્યારે તો આય શાલનો બુરખો દૂર કરૂંચ (ચેહેરો ખુલ્લો કરી ગુસ્સાથી) કેમ હવે બાહીધા કેમ? મારી તમુને બીહીકજ સાની?

ફરામ—(કુંવરને જોતાં ચોંકી મનસે) માર્યા ઠાર. એ તો ફસાવતાં ફસ્યો. બચ્ચા, ફેરવી તોલ.

કુંવર—કેમ હવે સાના વિચારમાં પડીયાછ?

ફરામ—તું ગમે તે બોલ. એ નાપાક શેહેરીયારેજ બધો ઘોંટાલો વાલ્યો છે.

કુંવર—હવે તે મુવાને ખુબ મારજો, કેમકે તમારા જેવા ભોલા **નીરદોસને** મુવાએ છેતર્યા.

ફરામ—નહિરે વહાલી તેમ નહિ.

કુંવર—હવે હું વહાલી પણ થઇ કે? હમણાજ મોહોનું નહિ જોવાના કસમ લેતાતા, તેટલાં પ્યાર બદલાયો કે?

ફરામ—એ તો તારા મનમાંનો વેહેમ કાઢી નાખવા ફકત મે ગોઠવન કીધીતી, બાકી હું કંઇ તેવો નથી.

કુંવર—'મારૂ એટલું કામ કરસે તો જનમ સુધી નહિ વીસરસ.' એવું તમેજ કેતાતા કે? તે પણ ગોઠવનજ કે?

ફરામ—નહિ તો સું? મને ખબરજ ઉતી કે ગુલીને કેહેવાડતાં તે તુને બધી વાત જનાવશે, એટલે તું તેના જેવી બનીકનીને આવશે, એ બધું મને ખબરજ ઉતું અને લોકો જે મારૂ નામ ધરેચ તે તમામ જુઠું છે, તે હું તુને બનાવો આપવા ચાહતો તો સમજી?

કુંવર—હીંગરા બી ઠીક મારતા આવડેચ. ફજેતી થઇ હવે નાક કપાવી કોણુને કહેશો. (પાસેના ઓરડામાં જવા કરે છે પણ બારણું બંદ જોય છે.) આય બારણાને કલ કાંય દીધીછ? તમે નેક નામે કલ આપીચ કે? હું સમજી, મને બહાર ગીએલી જોઇ આય ઓરડામાં વલી કોઇ મુઇ દદ્દાને સંતાડેલી લાગે છે.

ફરામ—શાબાશ, શાબાસ, ઠીક પારખ્યું. જાજા ઘેલી.

કુંવર—મુગા મુગા બારણાની કુંચી આપોછ કે નહિ? નહિ તો હું કલ ભાંજીને જાઉં કે?

ફરામ—મને ખબરજ છે, તું પણ તેવીજ જીદ્દી છે, બેલાશક ભાંજ.

કુંવર—કોણ છેરે અંદર? સુના, સુના (સુના દોડી આવે છે) આય બારણાની કુંચી કાંહ મુકીચ?

સુના—(બાજુએ) બાઇજી કુંચી મારી પાસેજ છે, હમણા અખારા કરોની.

કુંવર—અખારા સાના કરાવેચ મેટ? લાવી મરની.

સુના—(કાંનમાં) હમણા ના માગોરે (મોટે) કુંચી તો તે છે, પણ મારી પાસે નથીજી (બાજુ) એવનને પતવા દેવોની, કુંચી ના માગો.

કુંવર—કાંય નહિ માગું? તું કોણ ના કેહેનાર? લાવ મને આપી દે.

ફ્રરામ—સુના એને ના આપતી, લાવ મને આપ જોઉં? (મનસે) કુંચી છે કેહેચ, ને પછી આપતી કાંય નથી? કાંઇપણ ઘોંટાલો જણાયછ.

કુંવર—લાવ હુંજ ઉઘાડસ.

સુના—બાઇ તે કેથે ખોવાઇ ગેઇ (બાજુ) બાઇ ના માગોરે ફજેતી થશે.

કુંવર—હું પણ તેજ માગુંચ કે કાહારે એમની ફજેતી થાય. ચાલ કુંચી આપ.

સુના—(આપતાં) લેવો ત્યારે તમે તમારૂં જાનો (સટીજતાં) હવે તો નાહાસી જવું જોઇએ, નહિ તો એવન સાથે મારાં લટીયાં પીખાવાના.

કુંવર—(ઉઘાડતા) હવે તમુને તમાસો બતલાઉંચ.

ફ્રરામ—ચાલો બતાવો હું જોવા તૈયાર છેઉં.

કુંવર—(ઉઘાડી) અંદર કોણ છે રે મુઇ? ચાલ બહાર આવ.

અદી—(કુદી પડી) હું અરદેસર છેઉં.

ફ્રરામ—લેવો મુછ વગરનીનો મુછાલો નીકલ્યો.

કુંવર—તમે મારા ઓરડામાં કેમ આયા?

ફ્રરામ—કેમ આયા, કાંય આપા એ મને ખબર છે, તુંને ખબર છે અને એ નામદારને પણ ખબર છે. ત્યારે પુછેછ સાના? અગાઉથી ગોઠવણ કીધા મુજબ આયા, સંતાયા, છુપાયા, પણ પકડાયા; હવે સતા થયા વગર છુટકો નથી.

અદી—આય સાંકટ બન્યું, તે તમુને અજબ જેવું ભાગતું હોસે પણ–

ફ્રરામ—હવે ગમે તેમ થાપ મારો. એના તરફથી તમુને હામાં હા મલવાનીજ.

ગાયન.

અદી—હું તો મારી પેલી સખી લેવા માટે આયો તો?

ફ્રરામ—તે સખી તો હવે કદીજ મલવાની નથી. હવે તો મને તેની ઘણીજ જરૂર છે, કેમકે એ તમારા બન્નેના ઘરાંપરાની એક સાબેત નીશાની છે.

કુંવર—તમે શું બોલ્યા? બન્નેના ઘરાંપરા? ફરી બોલો જોઉં? કેમ અરદેસર તમે અંહી મારા ઓરડામાં આવી કેમ છુપાયા?

ફ્રરામ—(અદીને) એવણ પુછેછ તે જવાબ આપોની, હજી પાટીયાં ગોઠવીને ઝટ જવાબ આપવાનું નથી સુઝતું કે?

અદી—કાંય આયો તે તો જનાવ્યુ, અને આય ઓરડામાં મને તમારા ઇરાની નોકરે ભરાઇ બેસવા કહ્યું તેથી બેઠો.

ફ્રરામ—પછી તેમાં શું બગડયું ? તેણે કીધું તે બરાબરજ. અગાઉનીજ ગોઠવન ઉતી. એ નાપાક પૈસા લેતોતો ને ગોઠવન કરતો તો.

અદી—તદન જુઠું. અમારી કશીજ ગોઠવન નહિ ઉતી.

કુંવર—એવણ અંહી આવનાર છે કે આવેલા છે તેની મને બીલકુલ ખબર નહિ ઉતી. ગમે તો કસમ ખાઉંચ—

ફ્રરામ—બસ બરાબર ગોઠવાયું. બન્નેને ખબર નહિ ઉતી, નહિ હોવાનીજ, કેમ કે બન્નેના દીલ મલેલાં ને મનસુબો કીધેલો.

અદી—તમારી વેહેમી વાતમાં સાર નથી. ચાલો હવે મારી સબી આપોછ કે નહિ.

ફ્રરામ—સબી મલવાની નથી ને એમ વાત ઉડવાની નથી.

અદી—મુગા મુગા આપસો તો ઠીક નહી તો—

ફ્રરામ—નહિ તો શું કરશે?

અદી—આય જોઇ કે છરી? નહિ તો છરીથી કામ છે?

ફ્રરામ—(ડરીને મનસે) હું સમજ્યો. કોઇ રીતે છીટાં સોધી મને લંગડો લુલો કરી નાખવો એ ગોઠવન બન્નેએ અગાઉથીજ કીધેલી.

અદી—કેમ આપવીછ કે નહિ? નહિ તો જોઇ કે છરી? (બતાવેછે.)

ફ્રરામ—તારી છરીબી જોઇ. મે પણ છરી બતાવી હોતે, પણ આવી બેઇમાન ઓરત માટે ખૂની થવા માગતો નથી (છબી કાઢી) વલી આય સબીની મને જરૂર રહી નથી. લે તારી છબી (ખાલી કાર્ડ બૉર્ડ દૂર ફેંકી દેછે) અને આય 'ફોટો' સાથે એને પણ લઇ જા. હવે આય દદા મારા ઘેરમાં જોઇતી નથી, આજે ખૂનીને દીલપર છોડયો, કાલે ઝેર આપી પોંહોતો કરશે, તેનો શું ભરોસો? (જાય છે.)

કુંવર—આય બધા કારસ્તાન વેહેમના આએ બારદાનનાં છે, ને મને નાહક બદનામ કરી પોતે સત્તા થાયછ. આવા જેના વરો હોય તે બધા શેહેતાન, બેઇમાન, રાખસ સમજવા (જાયછે.)

અદી—(મનસે) એક શેહેતાન ગીયો, આય દદા ગેઇ, બન્નેનું જોડું ઠીક શોભેછ—પણ હું કોણ? હું **એમીનો** ભૂત. (સબી ઉચકેછે પણ તેને બદલે ખાલી કાર્ડ જોય છે) પણ સબીને બદલે એ ઘેલો શું આપી ગયો? હવે તો આય ઘોટાલો બેવડો વધ્યો. એને ખુલ્લો કરવો જોઇએ, યા તો દિવાનું થઇ ભટકવું જોઇએ. (જાય છે.)

અંક ૨ જો—પ્રવેશ ૪ થો.

સ્થળ—જેહાંગીરના આલીશાન મકાનનું દીવાનખાનું.

[અસલ દીવાનખાનું આગલી હાલતમાં. એક તરફ વીકો સુંદર પોશાકમાં બેહેલો ઝીમાતો જણાય છે. તેની સીકનેસ ચાલુ છે. પાસે બાનુ ને શાપુર ઉભા છે.]

ગાયન.

બાનુ—કેમ શું વિચાર કરેચ બેટા? તુને તો અંહી ઘણું ગમેછની?

વીકો—મને આય ઘેર ઘણું ગમેછ. તમો સઘળાં મારીપર કેટલા માયાળુ છેવ? મમા તો મારી પર થોડા થોડા થાયછઃ પણ પપા મારી દરકાર કરતાં નથી. શાપુરજી ફુવાએ મને કેવી કેવી મજેહની "પ્રેઝેંટો" આપીછ? હું તેમનો ઉપકાર માનુંછ. (હાંસે છે.)

બાનુ—દીકરા જરા આશાયશ લે, તારા સારૂ મમાએ હોશીયાર ડોકટરને આજે તેડાવ્યોછ; દે તારી નબળી છાતીને જરૂર સાજી કરી હાંસો સાજો કરશે.

(મેહેરાં હરખભેર સુંદર પોશાકમાં સજાયલી દાખલ થાય છે.)

મેહેરાં—મારા કલેજા? તું સારીપખે તો છેની? પપા કહાં છે? (પેટમાં ચાંપે છે.)

વીકો—મને શું ખબર? તેવણ તો મારી જરાબી પરવા કરતા નથી. તમે કેટલા માયાળુ છેવ? (પાસામાં દબાય છે.) મમા તમે તમારા મીઠા હલકે કંઇ ગાનું ગાશો? મને ઘણું ગમેછ.

મેહેરાં—લેની દીકરા, તુંને દરેક સુખ મળે તેમજ હું વરતુંચ તો કાંય નહિ ગાવું?

ગાયન.

[મેહેરાં ગાયન ગાય છે, વીકાને ઝુંપણ આવે છે, તે ખોળમાં માથું નાખી સુવે છે.)

બાનુ—કેટલોબધો નબળો બાંધો છે? જરા જરામાં બીચારાને ઉંઘ આવ્યા કરેછ.

શાપુર—એને જેમ બને તેમ ચાલુ આસાયશ ને નીરાંતે ઉંઘ મળશે તોજ એની નબળાઇ દુર થશે.

મેહેરાં—(પસવારે છે) મારૂં નિર્દોશ બચ્ચું, બચપણમાં કેવું આસુદું ને તનદરોસ્ત હતું ? પણ સુવા નસાબંદાની સોહબતમાં રહી તંદરોસ્તી ખોઇ બેઠું છ. ડૉકટર કહે છે કે એને શૉક લાગે તેવું કશું એની સામે બોલવું નહિ; તેમ એને ચીરડાઉ થવા દેવો નહિ જોઇએ.

બાનુ—આવા નિર્દોશ ખુબસુરત બચાં તરફ જેહાંગીર ઘણા બેદરકાર રેહછ.

મેહેરાં—અમારૂં ખોવાયલું ફરજંદ એજ છે એમ તેવણ માનતા નથી.

બાનુ—ચપો સામેથી જેહાંગીરજી આવે છે.

[સર્વે વાત બદલી નાખી ચુપ થાય છે. જેહાંગીર રમકડું ને ઘડીયાલ લઇ આવે છે.]

મેહેરાં—જેહાંગીર જોવની આપણું બચ્ચું કેવું સુતુંછ ?

જેહાંગીર—સુવા દે, એને ના છેડો. ધીમે ધીમે એની તબીયત સુધરશે.

મેહેરાં—તમે એની તરફ દિલ નહિ ધરાવશો ? એ તમુને નથી ગમતો ?

જેહાંગીર—(અચકાતાં) કાંય ? કાંય નહિ ગમે ? એ આપરૂં બચ્ચું છેની ?

[તેના કપાળપર કીસ લે છે વીકો જાગી ઉઠે છે.]

વીકો—બાવાજી.

જેહાંગીર—જોની દીકરા આય તારે માટે હું કંઇ લાયોછ.

વીકો—(અધીરાઇથી લે છે) એ કેવું મજેહતું ઘડીયાલ છે ? ને આય કેવું મજેહતું રમકડું છે ?

બાનુ—દીકરા પપાનો ઉપકાર નહિ માનસે ? તેવણને કીસ કરની.

વીકો—થેંકયુ પપા. પણ તમે મને કહાં પ્યાર કરોછ ? માયજી કેવા માયાળુ છે ને તમે તો મને દુરનો દુરજ રાખોછ.

જેહાંગીર—દીકરા તું મારી સાથે પ્યાર કરશે તો મને તારી તરફ જરૂર લાગણી થશે. મારો દીકરો કરૂં (પેટમાં દાબે છે.)

[બાપની અપ્રિતી જોઇ વીકો જઇ બાનુના પાસામાં ભરાય છે તેટલાં નોકર આવી ડો. નોશીરવાનના આવવાની ખબર આપે છે.]

નોકર—શેઠ-ડૉકટર નોશીર સુરતથી આયાછ.

મેહેરાં—જો તેમને અંદર લઇ આવ. (નોકર જાય છે) જાંગીર મે ડૉકટર નોશીરને આપરા દીકરાની સારવાર માટે ખાસ રોકવા ધારીયાછ, કે આપણું એ એકપુરૂં બચું તંદરોસ્તી પાછી મેળવે.

જેહાંગીર—(મેહેરાંને પસવારી) મારા જાન તું જે વાતથી સુખી થઇ શકતી હોય તે કામ હું જરૂર કરસ. તારી ખુશાલીમાંજ મારૂં સુખ છે. તુને હસતી જોઉંછ ત્યારે મારા જેવો કોઇ સુખી દુનિયામાં હશે એ હું માનતો નથી. (બન્ને લાગણીથી વાત કરેછે.)

બાનુ—(વીકાને પસવારતાં) દીકરા હવે તને ડૉ. નોશીરની ત્રીટમેંટમાં રાખી જલ્દી તંદરોસ્ત ને હસ્તો રમતો બનાવશું.

વીકો—(કોટી કરતાં) તમો સઘળાં મારીપર કેટલા મેહરબાન છેવ?

(ડૉ. નોશીર આવતાં મેહેરાં તથા જેહાંગીરને મળે છે.)

જેહાંગીર—ડૉ. સાહેબજી.

નોશીર—હું ટાઇમસર આયોછની? વેલ, તમારૂં ચાઇલ્ડ કહાં છે? હું તેને તપાસી જરૂર સારો કરી શકીશ.

મેહેરાં—થેંક્યુ ડોકટર? ત્યારે તો તમારા અમોપર ઘણા આભાર થશે.

(નોશીરને આવેલો જોઇ વીકો પાછળથી જઇ તેમને ટીકી ટીકીને ઓળખે છે.)

વીકો—ઓલ્લો ડોકટર? તમે મને ઓળખોછ કે?

નોશીર—કેમ છે બેટા? (જોઇ ઓળખી) હજી તારી તબીયત સુધરી નથી?

મેહેરાં—(ઓચંબો પામી) ડોકટરને તું ઓળખેચ દીકરા?

જેહાંગીર—(„ „) ડોકટર તમે એ બચ્ચાંને કહાંથી ઓળખો?

વીકો—મમા એવણ ઘણાજ ભલા ને માયાળુ છે. હું હોસ્પીટલમાં હતો ત્યારે મારી એવણે કેવી માવજત કીધેલી? મને રમવા માટે કેવા મજેહના રમકડાં અપાવતા હતા? હું એમનો આભાર નથી ભૂલવાનો જો.

મેહેરાં—કઇ હૉસ્પીટલમાં? ને કયારે?

નોશીર—આજે પાંચછ વર્ષ ઉપર આય બચ્ચું નાવારેસ તરીકે સુરતની હૉસ્પીટલમાં હતું, મેં એની એક વર્ષ સારવાર કીધીતી, પણ તેટલાં મારી બદલી બીજી હૉસ્પીટલમાં થવાથી મે એ હૉસ્પીટલ સાથનો સંબંધ છોડયોતો.

જેહાંગીર—પાંચછ વર્ષ આગમજ એ બચ્ચું તમારી ટ્રીટમેંટમાં હતું એમ તમો ચોકસ કેહેવોછ? (સ્વગત) હું ધારતોજ હતો કે એ મારૂં ફરજંદ નથી?

મેહેરાં—ડોકટર એ શું બોલેછ? સાત વર્ષ ઉપર તો એ મારો માય જાયો કેવો મજેહનો ને તનદરોસ્ત હતો કે ચાલતાની નજર લાગતી હતી.

નોશીર—હું ખરૂં કહુંછ.* ઇ. સ. ૧૯૩૨ નાં જુનમાં મે હૉસ્પીટલ છોડી, તે આગમજ આ છોકરો મારી ટ્રીટમેંટમાં હતો.

મેહેરાં—(જેહાંગીર ભણી જોઇ મનસે) મને જેહાંગીરે ઠગીછ! મને છેતરીછ, મારૂં લુટાયલું સુખ મને ઠગીને મારે ગળે ઓળવ્યુંછ! ઠગારો! દગલબાજ!

વીકો—મમા શું છે? મારા મમાને શું છે?

બાનુ—(પોતાના પાસામાં દાબી રાખતાં) તું ના ધભરા દીકરા. મમાનો જીવ બગડયો હોશે, તું મારી સાથે અંદર આવ, આપરે ડોકટર સાથે વાત કરીએ.

શાપુર—ડોકટર આય બચ્ચાને પાસેના બેડરૂમમાં આવી તપાસો, મેહેરબાની કરી અમારી સાથે ચાલશો?

[ડોકટર દીઢમુઢ થઇ જાય છે. બાનુ અને શાપુર વીકાને પોતાની સંભાળમાં પાસામાં દાબી સાથે લઇ જાય છે.]

મેહેરાં—(ઉશકેરાઇ) જેહાંગીર તેં મને એટલી બધી જંગલી ધારીછ કે પારકા બચ્ચાને પોતાના તરીકે ગોઠવી દઇ તું મને બનાવી જશે? તેં મને ઠગીછ! સરીયામ ઠગીછ.

જેહાંગીર—ખુદાના કસમથી કેહુંછ કે મે તને ઠગી નથી. મેહેરાં મારીપર ગુસ્સે ના થા, મેં જાણીજોઇ તુને ઠગી નથી.

મેહેરાં—મારા દેખતાં દેખત પેલા મંચીને બે હજાર રૂપીયા લાંચ આપી પરાયું દુખી દરદી બાળક મારી છાતીએ બાંધ્યું? આય માવતરના પ્યારને પણ તેં છેતરવાનું કીધું. મારા હૈયાને તેં ભાજી નાખ્યુંછ!

જેહાંગીર—જેટલી તું ઠગાઇ તેથી જયાદા હું એ મંચીથી ઠગાયોછ. તું મારીપર ઇતબાર રાખ. ગમે તે ભોગે હું એ બદમાશને ઠેકાણે લાવશ. મારૂં સોંપેલું બચ્ચું હું તેના તાબામાંથી આજ રાત સુધીમાં ખેંચી લાવશ તોજ પાછો ફરશ.

*જયારેબી નાટક ભજવાય ત્યારે ૭ વર્ષ આગમજનો સને બોલવો.

મેહેરાં—મારા પોતાના બચ્ચાને જ્યાં સુધી હું મારી છાતીએ નહિ દાબશ ત્યાં વેર મારી આંખો અને મારા હૈયામાંથી તારે માટે ધિક્કાર વરસસે! મારો બેટો ગમે તેમ કરી પાછો લાવો.

(રડતી જાય છે.)

જેહાંગીર—(મનસે) મંચી તેં મને ઠગ્યોછ પણ હવે તું મને વધુવાર ઠગી શકનાર નથી. તું બદમાશ ચોર છે પણ હું કરવૈયો છું તે તુને બતાવી આપશ.

[પિસ્તોલ ઓવરકોટમાં છુપાવી જાય છે. વીકો દિલગીરપણે દાખલ થાય છે. બાવરચી ટ્રેમાં કેક બીસ્કીટ ને એક ગલાસ ભરી દુધ લેતો આવેછે.]

નોકર—નાલ્લા શેઠ આય તમારૂં ખાણું લેશો? ડોકટરે તમારે સારૂં હલકો ને સોજો ખોરાક ફરમાવેલો છે. (મુકીને જાય છે)

વીકો—(ટેબલ પાસે બેસી ગલાસ ઉઠાવતાં) મારૂં આય ખાણું? હું જે કંઇ માંગુછ તે અત્રે હાજર કરવામાં આવેછ; પણ મને ભુખ નથી કે ચેન નથી. (સેહેજ પી મુકી દે છે. બીસ્કીટ સેહેજ કરડી પાછી મુકે છે) મારો દોલી આવા મારા સુખી વખતમાં સાથે હોતે તો કેવું સોહવાતે? દોલી તારા વગર મારાં દીવસ રાત વર્ષો જેવાં લાંબા પસાર થાયછ! મને ચેન નથી! ચેન નથી! ચેન નથી!

[બોલતાં બોલતાં ઝીમઇ કોચના હાથાપર માથું નાખી સુઇ જાય છે. બીજીગમથી દોલી ફાટાતુટા આગલાજ કપડામાં આવે છે. ભુખ થાકથી તે લથડેલો જણાય છે.]

દોલી—પેલાં સખી બાઇજીએ આપેલી ઇધાણી મુજબ તે આયજ ઘેર છે, કોઇ મળે નહિ? બબે દિવસ થયાં મને ખાવાપીવાનું મલ્યું નથી. પેલાં ભલાં બાઇજી મળી જાય તો કેવું સારૂં? તેવણ કેવાં ભલાં, માયાળું, દયાળુ હતાં? (ટેબલપર ખાવાનું જોઇ લલચાય છે) હા. આય કોઇને માટે ખાવાના બિસ્કીટ ને પીવાનું દુધ મેળેલું છે? મને ભુખ ઘણી લાગીછ. એ ખાઉં? મને કોઇ જોશે તો નહિ? (ગ્લાસ ઉઠાવી પીવા જતાં યાદ આવતાં મુકી દે છે) નહિ! નહિ! કોઇની રજા વીના કશી ચીજ

લેવી નહિ કે ચોરવી નહિ એમ પેલા ફરેસ્તા ખસલતભાઇ બોલ્યા હતા. કાંઇ નહિ, ભુખો રેહવશ, તરસીયો થઇ ફરસ પણ કોઇનીબી ન્યામત કે ચીજ ચોરશ નહિ!

[લથડતો ફરે છે તેટલાં વીકાપર નજર પડે છે તે તાજુબ થાય છે.]

દોલી—કોણ વીકો? મારો વીકો?

વીકો—(જાગૃત થતાં) તમે કોણ છેવ? (ઓળખી) મારો દોલી? ખુશહાલી! ખુશહાલી! દે તાલી, મારા ભાઇ દોલી.

[બન્ને અત્યંત હેતથી ભેટેછે. દોલી ખુશ થાય છે પણ ભૂખથી લથડે છે.

વીકો—મારો દોલી આયો? જોયું આખરે ખુદાએ મારી પાસે મોકલ્યો? મે તારા માટે રોજ બંદગી કીધીછ જો.

દોલી—પણ તું આવા મોટાં ઘેરમાં કાહાંથી? (વાત કરી ચાલતા લપેરા ખાય છે.)

વીકો—મારી હકીકત પછી કેહવશ. તુંને શં છે? તું લથરેછ કેમ?

દોલી—બે દિવસ થયાં મે સેહેજબી ખોરાક નથી ખાધો.

વીકો—તું ભુખ્યો છે? ત્યારે લે આય મારૂં ભોતું ખાઇજા. (ચંગ વજાડે છે બાવરચી આવે છે) જોરે ઝટ જઇને સારૂં સારૂં ખાવાનું જેબી હોય તે પટ દઇને એક મીનીટમાં હાજર કર. ચીઝ, બીસ્કીટ, મટન, મરઘી જે હોય તે જલ્દી લાવ. (તેને જતાં અટકાવી) પણ જો સાથે સાથે વાઇન પણ લાવજે. ડાકટરે મારે માટે ખાસ ઉંચામાં ઉંચો વાઇન મંગાવ્યોછ તેજ લાવજે.

[તે લાવવા જાય છે. તેટલાં દોલી એધીની કાની ગલાસ ભરી દુધ પીયે છે, બીસ્કીટ પણ ચથરે છે, તેટલાં નોકર એક ટ્રેમાં મરઘીની ડીશ સાથે પોર્ટ વાઇનની બાટલી લાવે છે. વીકો બીજા ગ્લાલમાં વાઇન રેડી જેટલો દોલી પીયે તેટલો પાય છે. દોલી ભુખાં ડાંસની માફક મરઘી તેમજ કટલેસ જેબી કાંઇ ખાવાનું છે તે ડણુસે ડણુસે ચથરે છે. નોકર ચુપ ઉભો રહી કાંઇબી બોલ્યા વગર તાજુબીથી જોય છે.]

વીકો—તું પેટ ભરીને ખાયા કર, પછી મારી હકીકત તુને જણાવશ હો. આપરે અત્રે ધુમ મચાવશું, સાથે રમશું, સાથે ફરશું, સાથે જમશું ને સાથેજ સુઇશું! કેમ દોલી તને ગમશે કે?

દોલી—(ચાવરતાં) હા ગમશે. મને પેહેલે પેટ ભરી ખાવા દે, પેટ ભરાશે તો પછી સહુ કંઇ ગમશે.

[તેટલાં થોડા વારમાં ખાઇ રહેતાં વીકો દોલીને પસવારતાં વાત કરે છે.]

વીકો—કાલે કહાં સુતોતો દોલી?

દોલી—ખેતરમાં ઘાસની ગંજીના ઓથામાંજ તો. કોઇ દિવસ કોઇના ઘેરના ઓટલાપર તો કદી પગથીપર.

[વીકો દોલીને લઇ જઇ કોચપર બેસાડેછે, દોલી કોચને પોતાના સુરીયાના રૂમાલે ઝટકી તેપર પાથરી બેસેછે. કોચ નરમ લાગતાં તેપર બેઠો બેઠો કુદે છે. સાથે વીકો પણ કુદતો ખુશી થાય છે.]

વીકો—પણ હવેથી તુને અત્રે મારી સાથે નરમ બીછાનાપર સુવાનું મલશે.

દોલી—હવે બોલ તું અંહી કેમ આયો? મારૂં ઠેકાણું કોણે આપ્યું?

વીકો—જોની જે ભલાં બાઇએ મને રૂપીયા આપયા ને તુને ચોરી કરતાં બચાવ્યો, તેવણ કેથાં મારાં સગા માય જણાંયાંછ. તેવણ ને મારા પપા કેવા મજેહના છે જો? વળી મારા ફુઇ ફુવા પણ ઘણાંજ મેહેરબાન છે. તેવણ તો મારીપર ફીદા ફીદા થાયછ. તેવણ તારી સાથે પણ પ્યાર કરશે જો.

દોલી—તુને સુખી જોઇ હું ઘણોજ ખુશી છું.

વીકો—હવે તુને પણ હું અહીંજ રખાવશ. જવા નહિ દેવશ.

[તેટલાં બાનુ, શાપુર સાથે મેહેરાં દાખલ થાય છે. મેહેરાં બેચેનપણે આવી સોફાપર વીકા પાસે બેસેછે. દોલી તેમને આવતાં જોઇ અદબથી ઝટ ઉઠી સાહેબજી કરી ટેબલ પાસની વચલી ખુરસીપર ઠસ્સામાં બેદરકાર બેસે છે.

વીકો—મમા! મારો ભઇ દોલી આયોછ જો. એને હવે હું નહિ જવા દેવશ? મમા બોલોની?

દોલી—સાહેબજી બાઇજી.

મેહેરાં—(વીકાને) હા દીકરા તું જેમ કહેશે તેમ.

[વીકો માયના પાસામાં માથું મુકી બોલે છે.]

વીકો—મમા તમે દીલગીર લાગોછ. મારા સમ છે, શું છે? મને નહિ કહેશો? હવે તો મારો દોલી આયોછ, તો મને રમવાની મજાહ પડશે, મને ઘણું ગમશે. મારી દયા ખાનાર એજ મારો ભાઈ હતો, હવે હું જલ્દી સાજો થવશ,—સાજો થવશ!

[વીકો બોલતાં બોલતાં ઝીમઇ માયના પાસામાં સુવે છે. મેહેરાં તેનું માથું ધીમેથી ખસાડી તકીયાપર મેલે છે. આય દેખાવ દોલી જોઇ વિચારમાં મરોડથી બેસે છે. મેહેરાં મનમાં મુઝાય છે, બાનુને શાપુર દોલીને તાજુબીથી પાછળથી જોય છે. આય વેળા દોલી આસપાસનું ફરનીચર જોઇ તાજુબ થતો જણાય છે.]

મેહેરાં—(સ્વગત) ગરીબ છોકરો! (વીકાના બાલ પસવારે છે) કોણ જાણે કોણનું એ નાવારેસ ફરજંદ હોશે? અમુને એ પોતાનાં ખરાં માય બાવા જાણી ખુશી થાયછ; પણ ખુદા મારૂં પોતાનું ફરજંદ મારા પાસામાં નહિ મળે? તેથી મારૂં જીગર ફાટ ફાટ થાયછ. (પસવારતાં) બેટા પોઢીજા. તું ગમે તેનું ફરજંદ હોય, પણ તુંને તરછોડી હું નમાયું નથી બનાવવાની? છતે ફરજંદે ખુદાએ જ્યારે મને વાંઝણી બનાવીછ તો એનેજ સુખી કરી તેમાં હું મારૂં સુખ સમજશ. ખુદાપર સબર ધરી તેનીજ યાદ કરસ! જેવી ખુદાની મરજી! [પોતાના આંસુ નુછે છે.]

બાનુ—(પાછળથી દોલીને પસવારી) કેમજી? કેમ ઘણાજ ઠસ્સામાં શું વિચાર કરતા બેઠાછ?

શાપુર—(બાનુને) છોકરો ઘણો પાણીદાર લાગેછ. શું એની બેસવાની સ્ટાઇલ ને મરોડ છે ડીયર? (મેહેરાંનું આ વેળા ચીત્ત દોલીપર વધે છે.)

દોલી—હું વિચાર કરૂંછ, મારા બચપણમાં હું પણ વીકાનીજ પેઠે મારા મમાંના ખોળામાં રમતાં રમતાં સુઇ જતો હતો. આવાજ ઘેરમાં મેહેલ ચહેલ સાથે વસતો હતો. પણ તે મારૂં જીનું સ્વપનું હું આજે કંઇક નિશાની ઇધાણી સાથે મારી આંખો સામે આબેહુબ જોતો હોવું તેવું લાગેછ.

મેહેરાં—(પાસે આવી) છોકરા તું બચપણમાં કેવાં મકાનમાં રેહેતો હતો? તુની કંઇ યાદ છે? અંહીની કોઇ ચીજ તને ગમે તેવી છે?

દોલી—હાજી. હું નાહનો હતો ત્યારે એવાજ મજેહના ઘેરમાં રેહેતો હતો.

મેહેરાં—હાલ તું ચૌદ વર્ષનો હોશે ખરો?

દોલી—હું શું જાણું? મારા કાકા જાણે.

મેહેરાં—તારા કાકા કોણ? તેમનું નામ શું?

દોલી—તેને લોકો મંચી મદારી કેહેછ. વીકાના પણ તેત્રણ કાકા થાય.

મેહેરાં—(શંકાશીલ થતાં) તુને અંહીની કોઇ ચીજ જોતાં કંઇ યાદ આવેછ? તારી બચપણની કંઇ યાદદાસ્ત તાજી થાય તો કરીજો.

દોલી—(આસપાસ જોતાં તપાસી બોલે છે) હું આયોછ ત્યારનો આય ઘેરમાનો સરસામાન જોઇ મારૂં ભેજું ગુચવાઇ ગીયુંછ. મને લાગેછ કે બચપણમાં પણ હું એવાજ સુખમાં હતો. હા આય શું? (ચોપડી ઉઠાવી) પીકચરબુક છે? એજ ચોપડીમાંથી બાવા મને પીક્ચરો બતાવી સમજાવતા હતા. આયજ કોચપર મમા મને પાસામાં દાબી સુવાડતા હતા. આયજ તીજોરી જેવી હું રોજ જોતો હતો. (આગળ મુકેલી મોટી સબી જોઇ) આયશું? મમા મને આય સબીમાના બુચા માફક ગુડને બેસાડી બંદગી કરાવતા હતા.

બાનુ—પછી, પછી, વધુ બોલ, દીકરા યાદ કરી બોલ?

[આ વેળા વીકો સજાગરૂ બની દોલીપર બધાંને ધ્યાન આપતાં જોઇ પોતે ઇંતેજાર બની તેમની પાસે આવી ને સાંભળે છે.]

મેહેરાં—(સ્વગત મનમાં ગુચવાતાં) ખુદા! ખુદા! એજ મારૂં કલેજું તો નહિ હોય?

[પોતાનું આગલું પાલણું જોતાં યાદ એકદમ તાજી થાય છે.]

દોલી—હા આય શું! બાવાએ મને આયજ પાળનામાંથી ઉઠાવી કોઇને આપ્યો. મેં ચીસ પાડી, કે હું મારા કાકા સાથે હેડે તુટી પડ્યો, પછી કંગાલ બન્યો. ત્યાર પછી હું ઉંઘમાં હતો પણ આજે હું તેને સ્વપનું સમજુંછ!

મેહેરાં—(હેતના ઉભરાથી વળગી પડે છે) મારૂં બચ્ચું! ખોવાયલું બચ્ચું! મારો દોલી મારો જાન!

દોલી—મારા માય? તમે મારા સગાં માય? (મેહેરાંનું મ્હોનું બે હાથે વચ્ચે પકડી જોઇ) હા હા તમેજ? તમેજ મારાં માયજી (વળગી રડે છે.)

મેહેરાં—હા તુંજ તુંજ મારો ચોરને સોંપેલો બેટો દોલી છે.

[વીકો હેબતી બીજી તરફથી ધસી.]

વીકો—(મેહેરાંની બાજુમાં સોર પકડી) ત્યારે તમે મારાં મમા નહિ? દોલી તું એમનો દીકરો ને હું નહિ? ઓ ખુદા ત્યારે મારા કોઇજ નહિ? મુવો હું! મુવો હું!

મેહેરાં—ના રડ દીકરા, તુંબી અંહીજ રેહેશે.

દોલી—(પસવારતાં) વીકા ના રડ. તું મારો વડો ભઇ થઇને રેહેજે, હું તારોજ ભઇ થવશ, આપરે સાથેજ રહીશું.

વીકો—(રડતાં) મારા ત્યારે કોઇજ નહિ? મારૂં અત્રે કોઇજ નથી?

બાનુ—(પાસામાં પકડે છે) દીકરા ના રડ, તારૂં દુખ ઉભરી આવશે. હું તારા માયની જગા રાખશ, આય તારા ફુવા તને બેટો ગણશે.

દોલી—(વીકાના ગળામાં હાથ ભેળવી) અમો બન્ને અંહીજ રહીશું. વીકા આપરે સગાં ભાઇ ભાઇઓ બનશું, સાથેજ રહીશું, સાથેજ રમશું.

બાનુ—(દોલીને કીસ કરતાં) દોલી તુને મુબારકબાદી આપુંછ દીકરા, તું તારા ખાનદાનને દીપાવે તેવોજ નિવડજે મરૂં. (ઓવરણા લે છે.)

શાપુર—(કોટી કરતાં) જીવતો રેહેજે બેટા.

મેહેરાં—(દોલીને પેટમાં ચાંપતાં ખુદાનો આભાર માને છે) ઓ રેહેમના દાદગર દાદાર? તારો આભાર માનવા જબાનમાં તાકાત નથી. તારો આભાર મારા ઉભાતા હૈયાથી કેમ માનું? કેમ માનું?

ગાયન.

[હરખનાં આસું નુછે છે. સર્વે એકમેકને કોટી કરે છે.]

બાનુ—હવે આ બન્ને જોલી ફેલોને સાથેજ સુવા દેવો. બીચારો દોલી તદન થાકેલો જણાયછ.

મેહેરાં—મારાં કલેજા આજે તું સુખની ઉંઘે ઉંઘાજે મરૂં.

દોલી—આજ જેવી ખુશહાલી આખી જીંદગીમાં કદી ઉપજી નથી. માયજી સાહેબજી.

(કીસ કરી ભેટે છે. બધા છુટા પડે છે.)
વીકો ને દોલી ખુશી થતાં રમે છે.)

વીકો—(દોલીને ખેંચતાં) મારો બેડ રૂમ તો જો કેવો મજેહનો છે? (જતાં જતાં) પણ જો એક વાત પુછતાં ભુલી ગીયો. મારા ફુઇ ફુવા હમેશાં એક ખોવાયલી લાલ પોકેટ બુક માટે વાત કરી

મુઝાયા કરેછ; તેથી મને શક જાયછ કે એવી પોકીટ બુક આપરે કેથે જોઇ હતી.

દોલી—અરે તેવા રંગની પોકેટ બુક તો એ મંચી મદારીના ઘેરમાં આપરે સંભાળથી સાંતતા જોઇ છે. કદાચ તેજ તો નહિ હોય? કેમકે લોકોના ઘેરમાંનો માલ તફડાવી ગુજરાન ચલાવવાનો મંચીનો તો ધંધો છે.

વીકો—એ પાકીટ બુક આપરે કોઇ રીતે તફડાવી નહિ લાવી શકીયે? કદાચ તેજ હોય તો એમને કેટલી ઉપયોગી થઇ પડે?

દોલી—હાલમાં તું જઇ પોઢીજા, હું આજે રાતોરાત તેની ગોઠવણુ કરૂંછ.

વીકો—તું હમણા કેમ જશે? તુંને જોતાંજ તેઓ તુને મારવા માડશે.

દોલી—તું મારી ફીકર ના કર. તારી પાસે કંઇ પૈસા હોસેની? ચાલ તે મને આપ, હું મારતી ગાડીએ જઇ લાઉંછ. મારી હાલતમાં થયલા ફેરફારની તેમને ખબરજ નથી માટે આજની રાતમાં હું ચાંદનને સમજાવી પટાવી છાકટ બનાવી એ પોકીટ ચોરી લાઉંછ.

વીકો—હા એ તાલ ઠીક છે. હું કોઇને કેહવશ નહિ. તું મુગો સતીજા. જો ગુપચુપ પાકીટ તફરાવી લાવ. આપરે સહવારે ફુવા ફુઇને ખુશી કરશું.

[બન્ને બેડ રૂમમાં જાય છે. થોડી પળમાં દોલી પાછો આવે છે.]

દોલી—(મનસે) મારી બચગીના સુખી મકાન? તું મને કેટલું વાહાલું છે? ખુદા તેં મને આખરે માવતરનો પ્યાર બખસ્યો તે માટે તારો એહસાન હું જનમો જનમ માનીશ.

જગતના સરજનાર અય પરવરદિગાર,
ઉગારી તેં સંકટથી દિધો આધાર.
કીધાં શાદ સરવેનાં હસ્તા દિદાર,
દુખોથી, બુરાંથી તું મુજને ઉગાર.

(ગુઠને પડી ખુદાને સર નમાવી પાછો ઉઠે છે) આય ઘેરના દરેક અમારી પર મેહેરબાન છે, તો તેમને પુરતાં સુખી કરવાં એ મારી ફરજ છે. આજે રાતોરાત હું એ મંચી મદારીના ઘેરમાં ઘુસી મારી ચાલાકી નહિ બતાઉં તો તેનો ચેલો બનેલો કામનોજ શું? સલામ મારા સુખી સ્વપના તુને આજની રાત સલામ! ખુદા તું મદદ કરજે!

(દોડી જાય છે.)

અંક ૨ જો સમાપ્ત.

અંક ૩ જો—પ્રવેશ ૧ લો.

—:*:—

મંચીના મકાનની કંગાલ ઓરડી.

[એક ટેબલ ઉપર લેમ્પ બળે છે. ટેબલ આસ આસ મંચી, તુરાબખાં ને જમસો ભાગા સ્ટુલ ઉપર બેઠા છે. સામી તરફ માળીયા પરથી મંગળીયાપર જવાની સીઢી મુકેલી જણાય છે.]

ગાયન.

મંચી—એ દોલીનો પત્તો મલે તો યાર આપણાં ગજવાં ભરાય. શેહેતાન જાદો ગીયોછ તે એવો કંઇ ગેબ થયોછ કે પત્તોજ મળે નહિ.

જમસો—આપરા ઉસ્તાદજીએ તેને શોધવા માણુસો રોકયાંછ, તે હવે આપુને જલ્દી જરૂર મળી જશે.

તુરાબખાં—ઓ દેખોતો સહી મેરે શાગીરદો? આજ રાતતકમે ઉસકો પકડ જકડકે યહાં લાકે પટકેંગે, પીછે ઉસ બદમાશ લડકેકી અછી તરેહ તંબી કરકે, ઉસીકે જરીએસે પયસે નીકલવાએંગે.

જમસો—ઉસ્તાદજી જરૂર તેમજ કરજો.

મંચી—એ કોણ છે? બારણું બંદ છે. (બારણું ઠોકાય છે. ત્રણે ડાહ્યા દોરા થઇ બેસે છે.) જરા થોભી જાવબા.

જમસો—બાપુ થોબ બારણું ઉંઘાડુંછ. [બારણું ખોલતાં જેહાંગીર હાથમાં છુપાવેલી પિસ્તોલ સાથે આવે છે.]

જેહાંગીર—એ હું છું હવે મને પયછાનીયો?

મંચી—ઓહોહો જેહાંગીરશાહ શેઠ તમે આય ગરીબની ઝપડીમાં તસદી લાયા? મારો બાવો કરૂં! ફરમાવો? કામકાજ બતાવો?

જેહાંગીર—હું પોતે આયોછ ને સાથે એને (પિસ્તોલ તાંકી) લેતો આયોછ.

(ત્રણે તરફ પિસ્તોલ તાંકે છે, ત્રને ગુપચુપ ખુણામાં ચંપાય છે.)

મંચી—ઑરડરમાં ખડા રેહેજો બા. ગ્રહસ્થોના ઘેરમાં એવાં ચેડાં ઠીક નહિ. મારા મુરબ્બી અંહી આવીને બેસો, ગરીબને એમ ના ડરાવો.

જેહાંગીર—હું દાલી ડરાવવા નથી આયો (ઠાવી પિસ્તોલ ગજવામાં મુકે છે) મારી પાસથી બે હજાર રૂપીયા લઇ તેં મને મારા ખરા બેટાને

બદલે બીજાના છોકરાને સોંપ્યો ? બોલ હવે પોલીસમાં આવવુંછ કે તે છોકરાને સોંપવોછ ?

મંચી—ખરી વાત એ કે મારા મનમાં એ વીકાને ઠેસવી દેવાનું જરાપણ ન હતું. પણ એ દોલી કોણ જાણે કહાં નહાંસી ગીયો ? તેથી નાચારીએ પૈસાની લાલચને લીધે ઉતાવળમાં વીકાને પેહેરાવી દીધો, ને પૈસા મેળવ્યા.

(તુરાબખાં ધીમેથી પીસ્તોલ બેમાલુમ રીતે કાઢી લેછે. મંચી તે જોઇ પામી જાય છે.]

મંચી—(દમ કસવા માંડે છે) હવે ડાહ્યા માણુસ થઇ જાવો બા. ને બીજા ફકત એક હજાર તોલો કે પછી દોલી તુરત તમુને મળી જશે.

જેહાંગીર—હવે દગો કીધોછ તો યાદ રાખજે ? સદાનો પસ્તાશે.

મંચી—મારો બાવો કરૂં. સેવક પસ્તાવો શું ચીજ છે તે કદી શીખ્યો નથી. ચાલો શેઠ, વેકી જાઓ. રોકડા નહિ હોય તો ચેક ચાલશે. અમારી ધીકતી પેઢી તમારા જેવાના ચેકો સ્વિકારવામાં તો માન સમજે છે.

જેહાંગીર—(ચેક કાઢતાં યાદ આવે છે) પેહેલે છોકરો બતાવો ને પછી રૂપીયા.

મંચી—બાવા મારા ? પેહેલે પૈસા ને પછી માલ સમજ્યા ?

તુરાબખાં—

સુખન શરાફકા કયા સાફ હય ?
અશરફી જીસ પાસ, વો અશરાફ હય.

શેઠજી નીકાલીયે, જલ્દ પૈસે તોલીયે, ફીર ધરકો જાઇએ.

જેહાંગીર—બદમાશો શું તમો મને ડરાવી પૈસા મેળવી શકશો ? જોઉંછ કોણ મારી સામે થાયછ !

[પિસ્તોલ કાઢવા જાય છે, પણ જડતી નથી, ઉલટો તુરાબખાં જેહાંગીર સામે પિસ્તોલ તાકીને તેને બતાવે છે.]

તુરાબખાં—શેઠજી મેજકે તરફ તશરીફ લાઇએ, અબ તો હજાર કે બદલે દેડ હજારકા ચેક લીખદાલીયે.

જમસો—વાહ ઉસ્તાદ ? અછી કહી ? ભલી કહી.

મંચી—બાવા મારા? હવે થંડા પડો. શું કરૂં મારો તો જીવ બળેછ, પણ દોસ્તોના સુખનને લીધે પાનસો વધારવા પડેછ. ફીકરના કરતા, એ રૂપીયાનું તો લોબાન બાળશું (બાજુ) પીઠામાં જઇનેજતો?

જેહાંગીર—ઠીક છે, ધૂળ નાખી. ચેક હાલ લખી આપુંછ, પણ ફરી દગો કીધો તો આજ નહિ તો કદી કોઇ પણ દિવસ એનો બદલો લેવશ.

મંચી—જેમ મુરબ્બીનો હુકમ થશે તેમ ખરૂં, હાલતો ડાહ્યા થઇ લખો તો ખરા?

[જમસો લખવાની સામગ્રી આપે છે. તે લખે છે. ચેક મંચી લેછે, શેહેકંડ કરી દરવાજો બતાવે છે.]

જેહાંગીર—(મનસે) ઠીક છે, બદમાશોને પલ્લે છું.

તુરાબખાં—શેઠ સાહેબ કહાં ચલે? એ ચેકકે પયસે એંકસે મીલ જાયેંગે, ફીર કલ દુપહેરકો આપકા દિલ ચાહે વહાં જાના. પર કલ તક તો યાંહી હમારા મેહેમાન બનકે રહેના પડોગા, રાતકા ખાનાતો દો પરાઠા ઔર ચાહપેહી શુકર કરના.

જમસો—મુરબ્બી સાહેબ એ તો અમારી શરાફી પેઢીનો ધારો છેજી.

મંચી—કાયદાની કંઇ સામે થવાય બા? જેવો કાયદો તેવી તાબેદારી? અંહી તો બાવા ભાગીદારીનું કામ પડયું. આજની રાત પાસેની ઓરડીમાંજ સુઇ જજો બા.

જેહાંગીર—હવેતો બદમાશીની હદ થઇ. નાપાકો તમો મને વધુ વાર હવે રોકી શકશો નહિ, આવી જાવો.

[જેહાંગીર સામે થાય છે. તુરાબખાં પાછળથી દોરડું લઇ તૈયાર ઉભેલો છે તે જેહાંગીરને તોડી પાડી બાંધે છે. ત્રણ જણા તેને ઘસડી ઓરડીમાં લઇ જાય છે, તે દેખાવ ચાંદન છાકટ થઇલી હાલતમાં આવીને જોય છે.]

ચાંદન—ઓવઇરે માય! એ શું કૌતક?

મંચી—મૂગી મર! એ એક આપરૂં ઘરાક છે, આજની રાત ને કાલનો દિવસ એની પરોણાગત કરવીછ પછી છુટો સમજ.

જમસો—મંચીબા આજની આ સોરટીના બદલામાં ઉસ્તાદજીને કંઇ છાંટો પાણી પાયા વગર ચાલે બા?

મંચી—મારી કયાં ના છે, તમારી સેવામાં સેવક હાજર છે. જોરે ચાંદન એનીપર નજર રાખજે, બારણું ખોલતી ના; નહિ તો બીલ્લુ છટકસે તો રૂપીયા ડુબસે.

જમસો—(બાજુ) બહાર જઇને બારણાને બહારથીજ અડગરો લગાવની.

[ત્રણે જણા ખુશહાલીમાં લલકારતા જાય છે. ચાંદન વિચારમાં પડી ઝુંપે છે, તેટલાં બારી પરથી ચઢી દોલી અંદર દાખલ થાય છે.]

ચાંદન—(મનસે) મરેરે મરેરે મુવો ભઇનો થતો. ભુંડાં લફંગાની સોબતમાં પડી ભુડાઇમાંજ અટવાઇ કંગાલનો કંગાલ રહયોછ. (દોલીને જોઇ) ઓ દોલી દીકરા કહાંથી આયો? મારો દીકરો કરૂં? તારી પરથી ઓરવઇ જાઉં? (બાજુ) હવે મુવો સપડાયો. એને હવેતો એવો પકડી રાખું કે મુવો મંચી એને લઇ જઇ પૈસા કડાવશે ને મજાહ કરાવશે.

દોલી—(દારૂની ફ્લાસ્ક ગજવામાંથી કાઢી) ચાંદન ફુઇ જુઓ હું તમારા થકી એ શું તફડાવી લાયોછ? મારા સમ છે, જરા પીવો, બાકીનો મંચી કાકાને પાવશ.

ચાંદન—ઓ હું મરી જાઉંરે તારા પરથી. લાવતા પાતાપરથી મરૂં. (ચાખી) મરૂરે મરૂં કેવો મીઠો મધ છે?

દોલી—આય વાઇનતો જરાબી ચઢતો નથી. જેમ જેમ પીશો તેમ જીવ બેહેક બેહેક થશે. કાકાએ તો જનમમાં એવો દારૂ જોયો નહિ હોશે. (ઓંહોસ કરી પાયા કરે છે.) હવે લટુજી થવા માંડયા.

ચાંદન—દીકરા દોલી, તું કેવો મારો કદરનો કટકો છે જો? આવ દીકરા મને કોટી કર. તું કદી મોટો મનીખ થાય તો તારી આય ભલી ગાય જેવી ફુઇને ભુલતો નાજે.

દોલી—હારે ફુઇ, તમારી માયા મેહેરબાની તો મરતાં નહિ ભુલશ. તેનો બદલો એવો આપશ કે મને સદા યાદ કરસો ને સેસ ભરસો.

(કોટી કરતાં ગજવામાંથી કુચી કાઢી થોડા પૈસા મુકે છે.)

ચાંદન—એ શું તફડાવેચ મુવા? (છાકટ હાલતમાં બોલે છે) ભસતે ગીયા કુચીતો નથી તફડાવી?

દોલી—નહિરે ફુઇજી, ધરમ કરતાં તમે શાનો દંડોછ? ઉલટા મે તો તમારા ગજવામાં પૈસા મુકયા, કે સહવારમાં ઉઠતાં શમેત ગજવામાં પૈસા જોઇ ખુશી થાવો. હું તો એવો ધરમ કરૂં કે જમણા હાથનું કામ ડાભો હાથ નહિ જાણે.

ચાંદન—(પૈસા ગજવામાં ખખડતાં સાંભળી) ઓ હું હવે તો તારી પરથી મરી જવશ. મારો દીકરો, મારો બાવો.

[ચાંદન ગીત ગાય છે ને દોલી પાયા કરે છે. તેણી છાકટ થઇ ટેબલપર માંથુ નાખી સુવાડે છે. દોલી કુચી વડે પેટી ખોલી લાલ પોકીટ બુક તફડાવે છે.]

ગાયન.

દોલી—ફુઇજી બીજી કંઇ ખબર? કાકાનો ધંધો સારો તો ચાલેછની?

ચાંદન—જોરથી ના બોલ! અદેખા પડોસીઓ બળી મરશે. જોની આજે મજેહનું બીલ્લું મલ્યુંછ, તેને આય પેલી ઓરડીમાં બાંધી રૂંધી મુરદું કરી નાખ્યુંછ.

દોલી—એમકે? ત્યારે તો તીલ્લોરીછે દેખું. તમે પીયા કરો હું સુઇ જાઉંછ. (બાજુ) એ વળી કોણ બદમાશોના હાથમાં ફસ્યું હોશે?

[બારણું ખોલી જેહાંગીરના બંદ છોડતો લાવે છે]

જેહાંગીર—છોકરા તારો ઉપકાર થયો; તું કેટલો ભલો છે?

દોલી—તમો મારા મુરખી જેવા છેવ, મે હજી તમારે લાયક કશુંજ કીધું નથી.

જેહાંગીર—હું તારો આભાર કદી નહિ ભુલશ.

દોલી—શેઠ આભાર માનવાની કશી જરૂર નથી, એ તો ફરજ છે. હું ભુંડાઓને હાથે બસ પડયોછ તેથી એવા ગંદીલાઓ સાથે વસતો હતો, પણ હવે તો એવોથી છુટશ.

જેહાંગીર—હું તુને છોડવશ. મારે ઘેર મારી સાથે ચાલ. હું તારો આભાર કેમ વાળી આપુંછ તે જો.

દોલી—માફ કરો. હવે તો લાખોના ઢગને પણ ઠોકરે મારસ.

જેહાંગીર—છોકરા તું આવી સોહબતમાં આવો ઉમદા ખવાસનો?

દોલી—સાહેબ હું આય બદમાશનો કાંઇ છોકરો યા ખેશી નથી, પણ મારા માયબાપે મને આય ચોરોને સોંપવાથી હું દોજખમાં ઉધર્યો.

જેહાંગીર—આય મંચીએ ઉધાર્યો તે તું દોલીકે? (શંકાશીલ બને છે).

દોલી—હાજી, મને એ એક તવંગર ગ્રહસ્થના છાપરા તળેથી ચોરી લાયો તો, પણ આજે હું મારા ખરાં માય મેહેરબાનુંને મળ્યોછ, તે હવે તેમની સાથે રહેવશ.

જેહાંગીર—બેટા હુંજ ત્યારો જનેતો બાપ છું (પકડી કોટી કરે છે) મારો બેટો! બેટા મેજ કમઅકલ્લે એમના હાથમાં તુંને સોંપ્યો હતો, તુનેજ શોધવા અંહીં આયો, તેનો આ ફેજ થયો.

દોલી—(વલગી) મારા વહાલા બાવા, ખુદાનો આભાર માનુંછ કે વખત સર તમુને મદદ કરવા ખુદાના ગેબી હાથે અંહી સુધી મોકલ્યો.

ચાંદન—(જાગૃત થતાં) મુવા ગરંધીયા એને કાંય છોડયો? મરેરે મરેરે હવે શું કરૂં?

જેહાંગીર—ચૂપ! ચૂપ મુગી મર.

ચાંદન—તમે કોણ? વીકાને લઇ ગયા તે?

જેહાંગીર—હા. ને આય ખરા છોકરા દોલીનો બાપ.

ચાંદન—બાવા માફ કરો. મેજ મુવા વીકાને પૈસાની લાલચ થકી તમુને સોંપ્યો. હવે કેમબી કરી નહાસો નહિ તો હું મરી જવશ.

[દૂરથી બદમાશોના ગાવાનો અવાજ આવેછે.]

દોલી—એ ત્રણ બદમાશો દારૂ પીને આવતા જણાયછ.

ચાંદન—નહાસો નહિ તો મુવાઓ તમુને છાકટપણામાં મારી નાખશે.

જેહાંગીર—કહાંથી નહાસું?

દોલી—ના ગભરાવો. આય મંગળીયા ઉપરથી નહાસી શકશો.

ચાંદન—અરે પણ મને મારી નાખશેની, મારૂં હવે શું થશે?

દોલી—હવે તારૂં આથરૂં મીઠું કરૂંછ.

જેહાંગીર—ગમે તેવી છે પણ અબલા જાતી છે, એ મંચી જેટલી બદમાશ નથી. એને જુઠી રીતે બાંધી બારણા પાછળ મુકી દઇશું, અમો નહાસશું કે તું બુમ પાડી ગોધીયારૂં કરજે, એટલે બચી જશે.

[બન્ને જણા તેણીને બાંધી બારણાની બાજુમાં મુકી સીઢીપરથી ચઢી નહાસે છે કે ચાંદન ગોધીયારૂં કરેછે. ત્રણે છાકટા આવી બારણું ખોલી બોલ્લું છટકેલું અને ચાંદનને બાંધેલી જોઇ ઘભરાઇ જાય છે.]

મંચી—અરરર હવે શું કરૂં? મારા પંદરસોપર પાણી ફર્યું. એને નહસાડનાર કોણ હુતો ચાંદન? ખરૂં બોલ નહિ તો મારી નાખશ.

ચાંદન—એ તો મુવો દોલી આવી મુવો, અને મુવાએ મને બાંધી રૂંધી પેલા કેદીને નહસાડી લઇ ગયો.

મંચી—દોલીએ તેના બાપને બચાવ્યો? ખુદાની કરામત અજબ છે? હવે શું કરીયે?

ચાંદન—મરેરે મરેરે હવે શું કરૂં?

જમસો—તેની પાછળ દોડો એ સુતેલો હશે ત્યાંથી ફરી ઉપાડી લાવશું.

[ત્રણે બહાર દોડી જાય છે. ચાંદન ધ્રૂજતી રડતી જાય છે.]

અંક ૩ જો—પ્રવેશ ૨ જો.

સ્થળ—ફરામના ઘેરનો એક ઓરડો.

ફરામ—(મનસે) જાંહ જોઉંચ તાંહ મારીજ ભૂલ, પણ કોઇ પોતાની કબૂલ કરતોજ નથી. બધા મારીજ પાસે દંડ વસૂલ કરવા ધૂળ ભરેચ, પણ એ વેહેમનું મૂળ કોણ છે તે કોઇ જોતું નથી. ધંધોધાપો મુકી હું એમાં મશગુલ રહુંછ, પણ કશું વસુલ કીધું નહિ કે હાંસલ થયું નહિ. કોઇ દહારે નહિ ને આજેજ પેલી એમીએ મને મલવા એપોઇંટમેંટ કાંય કરવા માંગ્યુંછ? કંઇ સમજ નથી પડતી. આપરેબી હા પાડીચ. કોઇનું ભલું થતું હોય તો કરીએ તેથી આપરે હમનાંજ તેને તેડાવીછ તો ખરી, વળી એ કોઇ ફોટોનો ખુલાસો જાનવા માગેચ, તે કંઇ સમજ પડતી નથી. કદાચ જેમ પેલા ફોટાએ મારૂં ઘેર ભાજ્યું તેમ એનું તો નહિ ભાગું હોય? જે હોશે તે જનાસે.

શેહેરીયાર—(દોડી આવી) શીઠ શીઠ પેલી બોઇ ઓવીચ.

ફરામ—કઇ બાઇ?

શેહેરીયાર—હું શું જાનેચ? તુને ધની ધની ગમેચ તે ઓવીચ.

ફરામ—જા બેવકુફ તેને ઉપર મોકલ. પણ જોજે બાઇ આવે તો જનાવજે.

[શેહેરીયાર એમીને પોંહચાડી જાય છે.]

ફરામ—આવોજી ઠીક વખતસર આયા.

એમી—તમુને એક નાજુક બાબદ માટે તસ્દી આપવી પડીચ, પેલો ફોટોગ્રાફ તમારા હાથમાં આયો તાહારથી—

ફ્રામ—પુછોજ ના, હું તો એવા **ચકકરમાં** આવી **છકકર** ખાઇ ગીયોછ કે બધાં સાથે **ટકકર** લેતાં **સજજર** લુલો થયોછ.

એમી—ને હું પણ તાહારની રાતદિવસના સંતાપમાં પડીચ. જો હવે તમે મનપર લઇ વચમાં પડી બધો ખુલાસો કરસો તો ભુલથાપ દૂર થસે.

ફ્રામ—મને ફ્રરમાવો; સેવક તમારૂં કામ જરાબી ભૂલ વગર પાર પાડસે.

એમી—મારીપર જે આફ્રત આવી પડીચ તે તમારી—

ફ્રામ—બસ હું સમજી ગીયો. અરે એ દદાએ તો ફ્રોટોને લીધે મારીપર પણ ઝાડેઝાડ તોડી પારવામાં ઓછું નથી કીધું, પણ વારૂં તમારી સાથે શું કીધું?

એમી—તેવને મારા અને મારા થનારા ધણી વચ્ચે સતકન મુકી મારૂં ધાન ભાજ્યુંછ.

ફ્રામ—એ તમે કંઇ નવીજ વાત જનાવોચ. વારૂં સતકન કેમ મુકયું?

એમી—સતકન કંઇ એવું મુકયુંચ કે તેવણ મારી સાથે ચીથરાં ફાડી ચાલી ગીયાછ ને પાછા દિવસો થયા મલ્યાજ નથી.

ફ્રામ—તેવણનું નામ શું?

એમી—અરદેસર.

ફ્રામ—(ચોંકી) અરદેસર? બદમાશ લુચ્ચો.

એમી—કેમ તમે ચોંકોચ કેમ? તમુને પણ ઠગીયાચ કે શું?

ફ્રામ—અરે તેને તો હું હવે બે હાથ બતલાવ્યા વગર નથી રહેવાનો.

એમી—(ઘભરાઇ) ઓ માયરે! એમ કાંય?

ફ્રામ—જોઇ આયજ તસબીર તમારા અદીએ મારી બૈરીને ભેટ આપી અને મે તેનીના હાથમાંથી ઝુટવી લીધી. આય સબાને મારી બૈરીએ ચુમી લઇ છાતીએ દાબી તે મેં નજરેનજર જોઇ, બોલો હવે શક સાનો રહ્યો?

એમી—શું તમારી બૈરીને તેવણે સબી ભેટ આપી? હવે તો તેમની લુચ્ચાઇની હદ થઇ. પોતેજ બીજીને આપી સામા સત્તા થઇ મારીપર ગુસ્સો કરી પુછેછ કે કાંહ ગુમાવી? જો તેવણે આપીછ એ ખરૂં ઠર્યું તો—

ફ્રામ—**તેમાં હવે શકજ રહ્યો નથી.** વળી મારા ઘેરમાં ચોરીછુપીથી આવી મારી બૈરીના ઓરડામાં છુપાઇ બેસતાં મે તેને પકડયો

પણ સામો ચોર સત્તો થઇ મારૂં ખુન કરવાનું કહી દબરાવી નહાસી ગીયો.

એમી—શું ત્યારે બધા માટીડા એવાજ લુચ્ચા કે? મને કેવાં કેવાં વચનો આપ્યા? શું શું ઉમેદો આપી? કેવા મીઠા મીઠા સુખનો કહ્યાં? પણ બધી લુચ્ચાઇ. હવે તો તમુનેજ મારી ફીકર કરવી જોઇએ.

ફ્રરામ—હવે તમે મારીપર ઇતબાર રાખો. જુઓ તો ખરાં હું એ બન્નેની જાહેરમાં કેવી ફજેતી કરૂંછ?

ગાયન.

શેહેરીયાર—(દોડી આવી) શીઠ શીઠ બોઇ બોલીચ. ચાલ નાહાસેચ કે ભરાઇ જાયછ?

એમી—નહાસે કાંય? આવવા દેવો. હું હવે તડને ફડ કરી નાક કાપી હાથમાં આપશ.

ફ્રરામ—નહિ નહિ ઉતાવલ ના કરો. ધીરજ સાથે કામ લઇસું. થોરો વાર ચાલો પાસેના ઓરડામાં બેસી [illegible] બાબદપર નક્કી વિચાર કરી ગોઠવન કરસું.

એમી—નહિ બા હું એખલી અટુલી નહિ આવું.

ફ્રરામ—મારી માય કરૂં, મારી બેન કરૂં, જરા માની જા; અંહી મારા માનસો પણ છે, તમે ના બીહીવો, તમારા મારા ફાયદાનીજ બે વાત કેહેવસ.

એમી—ચાલો ત્યારે નાચારીએ આવુંચ. (બન્ને જના અંદરના રૂમમાં જાય છે.)

ફ્રરામ—(જતાં જતાં શેહેરીયારને) અંદર એમીબાઇ છે એમ બાઇને ના કહેતો સમજ્યો? (જાય છે.)

શેહેરીયાર—વારૂજી (મનસે) એ શીઠ એમ શું કરેચ? ગોરી ગોરી છોકરીને લાવેચ ને ધુસધુસ કરેચ, ને બાઇને જોયછ કે નહાસભાગ કરેચ, ઘના ખેરાબ, ઘના ખેરાબ.

કુંવર—કેમરે મુવા, શેઠ છે કે?

શેહેરીયાર—હું શું જાનેચ? હોસેજ અંદર. શીઠ કાંઇ કાગલ લખવા ગીયાચ, તે કાગલ સાથે મોટે મોટે વાત કરેચ.

કુંવર—બીજું બી કોઇ છે કે?

શેહેરીયાર—નેઇ બોઇ, ફકત શીઠ ને તેના કાગલ બેજ છે. ગમે તો અંદર જઇને જોઇ આવ. (મનસે) અંદર જાય તોજ મજાહ પરે.

કુંવર—હું અંદર શું કામ જાઉં? ગમે તેમ બેસવાદે મને તેવનની જરૂર શું છે?

શેહેરીયાર—(મનસે) શું બોઇબી જાનેચ ને અખારા કરેચ કે? (મોટે) બોઇ બોઇ તું ના ધભરા. અંદર જાયછ તો મજાહ પરેચ. તું જો જાયછ તો ઘેના મજેહના થાયછ.

કુંવર—મુવો તુંબી તેમનો મલત્યો છે. ગમે તાંહ ખાડામાં પડોની મને શું? હુંજ ઘેર છોડી જવશની? તેવન બહાર આવે તો જનાવજે કે હું આજે મારાં કપડાં ઘરેણા લઇ મહીરે જઇ રેઉંચ (જાય છે.)

શેહેરીયાર—(મનસે) તું જાયચ ચાલ ઠીક થાયછ. મને મજાહ પરેચ. કેમકે પછી ઘેરના કારભારી હું બનેચ. (જાય છે. બહાર એમી ને ફરામ આવે છે.)

એમી—મને કુંવરબાઇ સાથે બે વાત કરવા દેવો.

ફરામ—નહિ નહિ. મહેરબાની કરી તેમ ના કરો.

એમી—હું ધારૂંચ કે મારા એક બે સવાલમાં આપરાં વેહેમથી થયલો ઘોંટાલો દૂર થશે, એમ મને લાગેચ, તેમાં તમે કાંય હરકત નાખોચ?

ફરામ—હમણા નહિ, બસ હમણા નહિ? પછી આવી ગમે તો મલજો. હવડાં જો તે તમુંને ને મને સાથે જોશે તો તરેહવાર બદવિચાર લાવસે. તમે તેને મલી હવે નવું શું જાનવાના છેવ? મે જે હકીકત જનાવીચ તે બોલેબોલ ખરી છે.

એમી—મારા અદીપર જે બોહોતાન મુકાયુંછ તે ખરૂં છે કે ખોટું તે મને સોધી કાઢવુંછ; બીજું કંઇ નહિ.

[બહારથી મકીઆઇનો અવાજ સંભળાય છે.]

મકીઆઇ—(અંદરથી) મારી ભાનેજ એમી અંદર છે કે બાવા?

એમી—ઓ માયરે, એ તો મારા માસીજી આવેચ. તેવન મને અંહી એખલી આવેલી જોસે તો મારીજ નાખસે, હવે મને કેથે છુપાવો.

ફરામ—તમે ના બીહવો. હવે તમે આય પરદા પછવાડે બેસો હું હમણા તેવનને વાતમાં ઉડાવી કાઢુંચ. (છુપાવે છે) ચાલો હવે બંદા બચ્યો, નહિ તો ફસ્યો હોતે.

કુંવર—(સુના સાથે દાખલ થઇ) મને એક વાત પુછવાની ઉતી. મારાં માયજીએ મને લગનપર પેહેરાવેલો નેકલેસ તમે કાંહ સાંતીગોચ?

ફ્રરામ—તે પેહેરીને કાંહ જાયછ? (મકીઆઇને જોઇ) પણ આય ડોસાં કોણ આવી રહ્યાંચ?

મકીઆઇ—બાવા માફ કરજો હં. પણ મારી ભાનેજ તમારા તાંહ આવીછ તે જાનીને તેડવા આવી.

ફ્રરામ—અરે તમે એ શું બોલોછ?

કુંવર—કેમજી? જોઇ તમારી આબરૂ દૂર વેર કેવી ફેલાઇછ તે?

મકીઆઇ—હું સું બોલુંચ તે તમુને સમજ નહિ પરતું હોય તો કંઇ નહિ બાપા. પણ આવી નાદાન છોકરીને ઘેરમાં સાંતીને ના કેહેવું ઘનુંજ ખરાબ.

ફ્રરામ—પણ તમુને કહ્યું કોણે કે મે ઘેરમાં સાંતીચ? ડોસાં ગમે તેના ગળે પડતાં જરા તો વિચાર કરો.

કુંવર—મારા ધણી બીચારા પડીઆ ભોલા. એવનના હાથે એવું કારસ્તાન થાય બી? માયજી ખરૂં માનતાં હોવ તો માનજો, જાહારે તમે ચાલી ચલાવી મારા ઘેર વેર આયાછ તો હું ખરૂંજ કેઉંચ, એવણને તમારી છોકરીએ ભમાવી મારૂં ધાન ભાંજીયુંછ.

મકીઆઇ—એ શું બોલેછ મા?

ફ્રરામ—બીલકુલ ગલત, અરે એમ બનેબી મમઇ?

કુંવર—હું તદન ખરેખરૂંજ કેઉંચ. તમારી ભાનેજને હુલકાવી ફુસલાવી મને રડાવી હવે ઘેરમાંથી બાહાર કાહ્વા બેઠાચ.

ફ્રરામ—તમે એ દેવાનીનું શું સાંભલોછ? હવે દનપર દન એનું ભેજું ચકાસી જાયછ તેથી ગમે તે બકેચ, તમે કંઇજ ના માનતા.

કુંવર—તમુને તો એમીનું ઘેલાપનું લાગુચ. મને કોણનું લાગે બોલો જોઉં?

ફ્રરામ—(સામેથી અરદેસરને ધસીને આવતાં જોઇ) જો આય સામેથી આવી રહ્યોચ, તેનું તો તુને ઘેલાપણું લાગુચ.

મકીઆઇ—સારૂં થયું. ખુદાયજીએજ વખતસર મોકલ્યા, હવે ખરૂંનરૂં થશે.

ફ્રરામ—જોયું કુંવર ખુદાયજીએજ તાહરે માટે એવનને મોકલ્યા, હવે સંધાસે.

અર્દા—મીં૦ ફ્રરામજી હું કંઇ ચોરીછુપીથી અંહી આયો નથી. સા માટે પુછસો તો આય બધાની સામે મારી આબરૂનો જવાબ માગવા છડેછોક આયોછ.

ફ્રામ—હવે છુપાછુપ ને છડેછોક મલવામાં ભેદ શું રહ્યો? પાસેજ ઓરડો ખાલી છે, ચાલો જાવો અંદર જઇ બેસી નચીંતે વાત કરો. બારણાને કલ કુંચી લગાડવા આય સુનાઇ તૈયાર ઉભી છે.

મકીઆઇ—મને તમારા કુદલા સાથે કામ નથી બા. મને તો મારી એમી કાંહ છે તે દેખારો.

અદી—મને પણ તમારા ઇરાની નોકરે કહ્યું કે એમી અહીંજ છે.

ફ્રામ—(મનસે) ચોર! દગલબાજ.

કુંવર—માય તમે શું જાનો? મેં મારી નજરોનજર તમારી ભાનેજ સાથે ભર રસ્તામાં એમને લાર કરતાં જોયાંતાં.

અદી—અરે અરે એમના બોલો. તે વાત મેં રૂસ્તમથી જાની, એથીજ તો ઘોંટાલો થયો.

ફ્રામ—અને હું પણ કસમ લઇ કેઉંચ કે એમાં કસીજ સચ્ચાઇ નથી.

કુંવર—હવે હું સીખી. ચોરને ચોર સાખસી પુરવા કેવા મલી જાયછ?

ફ્રામ—જુઓ ડોસાં માય. તમારી ભાનેજને ફીટ થઇ આવતાં તેવન પડી જતાંતાં ત્યાંથી મેં મદદ કીધી, ને ઘેરવેર પોંહચાડી તેમાં શું ખોટું કીધું?

મકીઆઇ—એવા આભારને અપરાધ કેમ કેવાય બા? કાલે સાંજે પણ એને એવુંજ ફીટ થઇ આયુંતું.

ફ્રામ—જોયું હવે ખાતરી થઇ? અને આય મારી દોઢડાહી બુરૂં ધારેચ?

અદી—તેની ચાલચલન માટે તો પુરાવા સાથે બોલવાની મારી છાતી ચાલતી નથી.

ફ્રામ—મારો બાપ કરૂં, કેવું સાચ્ચું બોલ્યો? હવે કેહેવો એમાં કંઇ મારી ભુલ છે?

કુંવર—પેલી વાત કાંય છુપાવોછ? એવનની સબી એમીએજ તમુને આપીતીની?

ફ્રામ—તે કયારે? એતો તુને આય અરદેસરે ભેટ કીધીતી.

કુંવર—સાંભલો અરદેસર, તમે મને ભેટ કીધીતી કે?

અદી—એ તદન જુઠું બોહોતાન છે. પેલો ફોટો મે એવનને કદી આપ્યોજ નથી, પણ એમીને આપ્યોતો.

ફ્રામ—હવે તો તમે બન્ને જના સરીયામ ગાબરાં મારવા જુઠું બોલોછ.

અદી—ત્યારે એમ થયું હસે, એમીને સખી ભેટ આપી તે દિવસે એને રસ્તામાં ફીટ થઇ આવતાં તે પડી ગઇ હોય, અને તે કુંવરબાઇને મલી હોસે.

કુંવર—એમબી થયું હોય, ખોટું શું કામ બોલું? મને પેલા ઝાડ તલેથી મલી.

અદી—સાંભલ્યું ફ્રામરોજ?

ફ્રામ—છબીની વાત હવે ભુસીવાલો. એ વાતમાં તમારૂં ખરૂં માનીને ચાલીએ, પણ મારી બૈરીના સુવાના ઓરડામાં તમે કેમ દાખલ થયાતા?

અદી—એ તમારા ધરાની નોકરે મને બેસવા કહ્યું તેથી બેઠો, પણ પછી કોણ જાને બહારથી કોણે કુચી ફેરવી.

સુના—બાઇ શેઠ અરદેસરને જોઇ ગુસ્સે થશે તેથી જાણીજોઇ બહારથી ટાલું મે માર્યું, એમાં વાંક મારો હુતો.

મકીઆઇ—દીકરાઓ, એ તો તમારા લોકની નાદાન અક્કલે વેહેમના ધકારામાં કાટાનું કટેસર થયેલું લાગેછ. પણ વચમાં મારી ભાનેજનું નામ તમારી બૈરીએ નાહક બદનામ કીધુંછ.

કુંવર—મેં કાય બદનામ કીધું? જાણે બધામાં હુંજ જુઠી! એ તો કાગડામાં બગલું બેઠું તો તેબી કાગડો થયો, જે કોઇ આવેછ તે એવનનેજ મલી જાયછ, અને મને બદનામી આપેછ. ચાલો ખસો, હુંજ જો બધાને નડુચ તો મારે મહીરે જઇ પડુંચ. (જવા કરે છે.)

ફ્રામ—(અટકાવે છે) એમ નહિ જવાસે, બંદા જવા દે તો જશે કે?

કુંવર—તો શું મને કલ કુચીમાં રાખસો કે?

ફ્રામ—અલબત્તાં.

કુંવર—મારા મનમાં આવે ત્યાં મારાથી નહિ જવાસે કે?

ફ્રામ—તેમાં શું શક?

કુંવર—(રડતાં) કોઇએ ખરૂંજ કહ્યુંછ "બાંધેલી ગાય ને ઘેરની બૈરી, બાંધો તાંહ બંધાય ને પડી પડી માર ખાય."

મકીઆઇ—ફ્રામ દીકરા મારી ભાનેજ કાંહ છે તે કેહેની?

ફ્રામ—તે હું શું જાનું? કંઇ રમકડું છે કે સાંતું?

[એમી હાંસે છે.]

અદી—એ આય કોણ હાંસ્યું? અવાજ ઓરખીતો છે.

ફરામ—(મનસે ધબરાઇ) બચ્ચા ફરયો ખરો. (મોટે) બીલાડી હાંસી હોશે.

અદી—કેમ ફરામરોજ ખરૂં બોલોની, ઘેરમાં શોધું કે?

ફરામ—કદાચ સુના હાંસી હોસે.

કુંવર—સુના તો અંહી ઉભીછ ત્યારે એ કોણ હાસ્યું.

ફરામ—અરે શેહેરીયાર હાંસ્યો હોશે.

કુંવર—આય અવાજ તો ઓરતનો ઉતો.

અદી—ઉભા રેહેવો હું જોઉં (અદી પરદો ખેંચતા ચોંકે છે, બધા તાજુબ બને છે, એમી શરમાઇ જાયછ) એ કોણ? એમી?

કુંવર—આયજ કે તમારી બીલાડી? આવ માય; બીલાડીને વેસે કાંય સંતાઇછ? આય મારા નેકનામ ધણીએ તમુને તેડી સાંત્યાતા કે?

એમી—હું ખરૂં કેઉંચ કે હું પોતેજ આવીતી. એમાં ફરામરોજનો કસોજ વાંક નથી.

કુંવર—શું કામ? એવણ બિચારા ઘણાજ ભોલા છે.

એમી—તમો બન્ને માટી બૈયરની મુરખઇ જોવા અને સાંભલવા સમજ્યાં?

કુંવર—મારી મુરૂખઇ નહિં પણ આય મારા વેહેમી ધણીની મુરખઇ. બીચારા અરદેસરપર એવનેજ જુઠું બોહોતાન મુકયું તું.

અદી—તે તો એમની મુરખઇ હરી, પણ એમી તું અંહી આવી કાંય સંતાઇ રેહી, જાહેરમાં કાંય નહિ આવી?

એમી—તમે હજુબી વેહેમના બારદાન ખાલી કરો તો સારૂં. હું અતરે આપરી વચ્ચે ફોટોગ્રાફે જગાડેલા મીનાકેસોનો ખુલાસો જાનવા આવી, પણ તેટલાં માસીજીનો સાધ સાંભલી ભરાઇ ઉભી, એ ભુલ થઇ ખરી.

અદી—ચાલો કંઇ ખરાબ નહિ થયું, દરેકની ગેરસમજ એ રીતે ખુલ્લી થઇ.

એમી—અને તમો માટીડાના વેહેમભર્યા મુરખાઇનાં પરીનામ તમે તમારી નજરે જોયાં, મનમાં પસતાયા, કાને સાંભલ્યા ને આખરે પશેમાન થયાં ખરૂં કે?

મકીઆઇ—આય બધો મુઇ છબીનો ઘોટાલો ઉતો. બન્યું, તે બન્યું હવે પછી ધનીજ સંભાલમાં રહી એકમેકપર વેહેમાતાં તપાસજો. સહુ સારૂં તેનું સેવટ સારૂં. [સર્વે જાય છે.]

અંક ૩ જો—પ્રવેશ ૩ જો.

"બેડ રૂમ"

[રાતનો સમો છે. એક પલંગ પાસેના કોચ ઉપર વીકો ઝુંપતો કાંસતો પડેલો છે. બાનું તેને પસવારતી પાસે બેઠી છે, ધીમી બત્તી બળતી જણાય છે.]

બાનુ—નિર્દોશ નીરાધાર બચ્ચું! વગર માવજતે ઉધરી આય હાલતે પુગુંછ. ખુદા જાણે આય બચ્ચાના કોણ કમનસીબ માવતર હોશે? જેહાંગીર દોલીનો પત્તો મેળવવા દોડી ગીયા, પણ ખુદાએ તેટલાં દોલીને ઘેર બેઠાં મોકલી દઈ મારી મેહેરાંના જીગરને સદાનું સુખ બખસ્યું. પણ દોલી મારા ખોવાયલા કાગળોની પાકીટ મેળવવા રાત પડી કહાં ગીયો હોશે?

વીકો—(ઉઠતાં) પુઈજી દોલી હજી નહિ આ.ગો? આવડી મોડી રાતના કોણ જાણે એ ત્યાં કેમ હાડમાર થતો હોશે? પેલા લોકો ઘણા ખરાબ છે, કદાચ તેને મારીમારીને અરધો કરશે.

બાનુ—બેટા વીકા, ખુદાપર ઇતબાર રાખ! જેઓ બીજાનાં ભલાં માટે જોખમ ખેડેછે તેઓપર ખુદા હમેશા રાજી રહેછ.

વીકો—તમારા જેવા ભલા મુરબ્બીઓના આશ્રામાં આવી રહ્યાથી હું ખુદાને કેટલો બધો પીછાનવા શિખ્યોછ? જો મંચી કાકાને ત્યાંજ પડી રેહેતે તો કદાચ ખુદાની હસ્તી પણ ભૂલી જતે.

બાનુ—દરેક માનવી જનમે આવતાં તેના અંતકરણમાં ખુદાઇ અંશ હોય છે; જેને આપણે આત્મા કહીયે છિયે. જો માણસ કોશેસ કરે તો તે પોતાના આત્માને સારી હાલતમાં લઇ જઇ શકે છે, ને પોતાનું ને પોતાની આસપાસનાનું હમેશાં ભલું કરી શકેછ.

વીકો—ઓ તમે કેવા ખુદાઇ પાઠ મને હમેશાં શિખવોછ? તમારા જેવાં કોઇ મારાં માવતર હોતે તો કેવું સારૂં?

બાનુ—બેટા તુને તારી બચપણની કંઇ યાદ હોય તો તેની હકીકત યાદ કરી મને નહિ કેહેશે?

વીકો—બીમારીથી મારી યાદદાસ્ત ઓછી થઇછ; પણ મને સેહેજ યાદ આવેછ, કે એક ગરીબ બાઇ મને રમાડતી હતી, પણ તેવણુ એક દિવસે સીક પડયાં તેથી મને ચાંદન ફુઇને સોંપ્યો. ચાંદન મને ઘડી ઘડી હાડમાર કરતી. તેથી હું રોજના મારફાડને લીધે બીમાર પડી ગીયો, ત્યારે મને સુરતની હોસ્પીટલમાં લઇ જઇ નાખ્યો. ત્યાંથી ઘણા લાંબા દિવસો પછી મને આય તરફ લઇ આવ્યા. ત્યાં થોડા વખતમાં દોલીને લાયા. ત્યારથી મને ઘણું સોહવાવા માંડયાથી કદીજ આગલી પાછલી યાદ કરવી પડી નથી.

બાનુ—ગરીબ નીરાધાર બચ્ચું! (ગાડીનો અવાજ આવે છે) એના માય બાપ કોણ જાણે કોણ હોશે?

વીકો—ફુઇજી જુઓની કંપાઉંડમાં ગાડી આવેછ, એ દોલી હોશે. હું જઇ તેડી લાઉંછ.

બાનુ—તું અંહીજ બેસી રહે. હું ઓય લેતી આઉંછ (જાય છે.)

વીકો—હવે અમે કદી છુટા નહિ પડશું, સહવારનાં પોહોરથી ધુમ રમશું, મજાહ કરશું.

[બારીએથી ત્રણ બદમાશો દાખલ થઇ બત્તી ધીમી કરે છે વીકો ડરી દુર નહાસે છે.]

વીકો—(સ્વગત. ડરી બાજુ હટતાં) એ આય કોણ છે? માયરે! તેઓએ બત્તી પણ બુજાવી?

મંચી—સંભાળજે જાગી નહિ ઉઠે.

તુરાબખાં—કયા મજાલ? કીસીકોભી સામને આને દો ફેર દેખા જાયગા.

જમસો—એ નાપાક દોલી એમ અંહી છટકી આવી આપરા પંદરસો રૂપીયાપર પાણી કેમ ફેરવેછ તે જોઇશું. (તપાસતાં લાગ જોય છે.)

મંચી—બરાબર ખુણા તપાસજો, એ દોલી નજરે પડે કે મોહું દાબી દઇ ઉઠાવવાજ માંડજો.

વીકો—(સ્વગત) આ એતો કાકા મંચી ખવીસ? ને એ બન્ને તેમના દોસ્તો છે, આ! એઓ દોલીને મારી નાખશે? હવે શું કરૂં? (વિચરી) હું મારો જીવ બચાવું ને દોલીને મરવા દેઉં? નહિ! નહિ! ભલે મને તેઓ મારે; પણ તે મરવા લાયકનો નથી. મારૂં કોઇ નથી, કોઇને ખોટ જનાર નથી; મારા જેવા

નિરાધારનું દુનિયામાં કામજ શું છે? હું ચંગ વજાડું તો એઓ પકડાશે.

[ચંગ વજાડવા જાય છે, સેહેજ અવાજ કરેછે તેટલાં તુરાબખાંની નજર પડતાં તે ગલચી દાબેછે તે ગુંગળાય છે.]

તુરાબખાં—અબે કમબખ્ત તું યહાં કહાંસે? અગર જરાભી ચીલ્લાયગા તો એ છુરી તેરે જીગરકે પાર ચલી જાયગી.

જમસો—અરે તું વીકો કે? ગુપચુપ મરી રહેજે, બુમ ના પાડતો, નહિ તો ઉસ્તાદજીનો મીજાજ ઘણો ખરાબ છે તે જાણેછની?

[મંચી ઘભરાય છે.]

મંચી—અરે કોઇના પગલા સંભળાયછ, સંભાળો નહિ તો પકડાઇશું.

(બધા ગોઠવાય છે. તુરાબ દૂરથી વીકાને છરી બતાવેછે.)

વીકો—(ધ્રુજતો મનસે) દોલીની બલાથી મરી જાઉં તો શું છે? તે તો બચી જશે?

[જોરથી ચંગ વજાડે છે, ને તુરાબ દોડી તેને પટકી ગળું દાબે છે. અંધારામાં બધા ધસી આવી સર્વેને પકડે છે. લાઇટ સળગે છે.]

વીકો—ઓ કોઇ આવો? મારેછરે, મરૂંછરે.

જેહાંગીર, શાપુર—પકડો ચોરોને છોડતાનાં.

મેહેરાં—લાઇટ સલગાવો. લાઇટ કરો.

બાનુ—ઓ વીકાને કોઇ જુઓ તે તહાં મુરદું થઇ પડ્યોછ; કોઇ ડોકટરને તેડોની.

દોલી—(દોડી વળગી પડી ઉઠાવે છે) મારા વીકા? મારા ભઇ! મારા વીકા બોલની તો?

વીકો—(ટંટોસતો ગળે બાઝી) મારો દોલી? મારો દોલી સલામત છેની? ઓ હવે મને કંઇ નથી, એઓ તુને મારી નાખવા તલપતા હતા, તુને બચાવવા જતા મને માર્યો, પણ ખુદા ખુદા!

[બધા વીકાને પાસામાં લઇ હોશીયાર કરવાનું કરે છે. ડોકટર નોશીર આવે છે તેને સાજો કરવામાં આવે છે.]

જેહાંગીર—નાચાર? પણ બહાદૂર જીગર ધરાવનાર વીકા, તુંને હમો જીવને ભોગે સાજો કરશું. (બદમાશોને જોઇ) લીયાનતી બદમાશો હવે તમો તમારે હાથે પાપના પંજામાં સપડાયાછ, તમો કદી છટકી શકવાના નથી.

મંચી—હેં હેં હેં અમુને કોણ પુછનાર છે? બાવા મારા એ તો અમારો પેશો છે; દરેક ધંધાદારીને દરેક ધંધો કરવાનું છુટાપણું છે.

શાપુર—બદમાસ તું હસીલે, તારો હવે ફેજ શું થાયછ તે જોજે. કોઇ પોલીસમાં ખબર આપો. (માણસ જવા કરે છે તેને બદમાશો થોભાવે છે.)

મંચી—બાવો મારો? ઉતાવળ કરી પોલીસને ના બોલાવો. નહિ તો એ શાપુરજી શેઠ તમો તમારૂં જીંદગીમાંનું એક મોટામાં મોટું સુખ ગુમાવી બેસશો સમજ્યા?

શાપુર—તું મને કયાંથી પીછાને?

મંચી—હું તમામ શેહેરના નામચીનોને પીછાનુંછ. યાદ છે કે મારો બાવો કરૂં? તમારી પેલી પાકીટ બુક ખોવાયલીની વાત?

દોલી—(પાકીટ બુક કાઢી) તે પાકીટ બુક મારી પાસે સલામત છે, શાપુરજી ફુવા એ તમારી મતા છે. (આપે છે.)

મંચી—લુચ્ચા એ તું કહાંથી લાયો?

દોલી—એજ પાકીટ બુક તફડાવવા હું આજે રાતે તમારા ઘેરમાં પાછો દાખલ થયો. ખુદાનીજ કરામતથી મારે હાથે મારા બાવા તમો નાપાકોના પંજામાંથી છટકયાછ. મેં એવણને છોડવ્યા, પોકીટ તફડાવી, ને ચાંદન ફુઇનો ગુણ કોથળો કરી અત્રે આયો. કેમ કાકાજી હું પણ તમારા જેવો ચાલાક છેઉંની?

મંચી—અરે બચ્ચા કવ્વાલીના ભઇ મવાલી, તારા બુઢા ઉસ્તાદને ઠગ્યો? ઠીક છે? ફીકર નહિ. વારૂં મી૦ શાપુરજી ઇરકવાયર હવે અમો ત્રણ ગ્રહસ્થોને સહી સલામત જવા દેશો ને સામા એક હજાર રૂપીયા આપશો તો તેના બદલામાં તમુને તમારી જુવાનીના ઘેલા ચેડાનું આવેલું પરીણામ તમારૂં બચ્ચું જે ખોવાયલું ધારોછ તે મેળવી આપશ.

બાનુ—મારૂં બચ્ચું! કહાં છે બોલ?

જેહાંગીર—આપરી અસીલ ખાનદાનની એક "સ્કેંડલ" એવા બદમાશોને હાથ રહે તે ઠીક નહિ, તે ખરીદવી જોઇએ. અમુને તારી શરત કબૂલ છે, પણ એક શરતે કે હવે પછી અમારા માટે કદી કોઇ વાત જાહેરમાં બોલવી નહિ.

જમસો—કબૂલ રે મારા બાપ. જેલની જાત્રા કરતાં ચુપકુદીની જાત્રા ભલી છે. (બાજુ મનસે) પછી તો વરસાનજ બંધાવશું, હમણા તો નહાસ.

મંચી—આજે ૧૨ વરશ ઉપર તમે નવાજ નોશાકરી બાઇને એક બચ્ચું સોપ્યું હતું, તે ખરી વાત? તે બાઇ મારી બેહેન હતી. તેણીએ તમારૂં બચ્ચું પૈસાની લાલચે ઉછેર્યું; પણ બેદરકારીને લીધે બીમાર પડયું, તેટલાં મારી તે બેહેને તાકો ઘડી કરવાથી મારી બાજી ચાંદન બેહેને તે બચ્ચાંને પોતાના બચ્ચાં જેવું ગણી પાલ્યું; પણ તેની ચાલુ બીમારીને લીધે લાંબો વખત સુરતની ઓસ્પીતલમાં તેને રાખ્યો. પાછળથી મેં જોયું કે મારા ધીકતા ધંધાની ખીલવણી થકી નવા નવા શાગરીદોની ઘણી જરૂર છે તે થકી આય બચ્ચાંને સુરતથી મારે ઘેર મંગાવ્યું ને મોટું કીધું.

બાનુ—તે મારૂં બચ્ચું કયાં છે?

મંચી—તે છોકરો તમારા પાસામાંનો વીકો છે.

શાપુર
બાનુ } —(પેટમાં દાબતાં) અમારૂં બચ્ચું અમારીજ માવજતમાં? ખુદા તારો આભાર કેમ માનું.

વીકો—ત્યારે તમે મારા ફુઇ ફુવા નહિ કે?

બાનુ—મારા દીકરા, હમે તારા જનેતાં માયબાપ છીયે.

મંચી—જેહાંગીરજી શેઠ, હવે બોલો મેં તમો ભઇ બેહેનનું ભલું કીધું કે બુરૂં? તમે બન્ને ભાઇ બેહેનના બચ્ચાઓને સાત આઠવર્ષો વેર પાળી લોહીનું પાણી કરી મોટા કીધા. રાતદહાડો કેળવણી આપી લાહેર બનાવ્યા, ત્યારે સામા તમો લોગ મને ઠગારો કેહવોછ એ શું ગ્રહસ્થાઇની રીત છે?

જેહાંગીર—તુને તારી લાયકી માટે પુરતુ મળશે, પણ તું અમારા મંડળમાં ઉભો રહેવા લાયકનો નથી. હું ગ્રહસ્થ તરીકે બોલ આપુંછ.

હવે તમો ત્રણે ચાલી જાઓ ! તમુને તમારા માગ્યા કરતાં વધારે પોંહચતું મળી જશે.

મંચી—થેંકસ, એ અમારી ભલાઇના ફળ છે. ગ્રહસ્થો ચાલો, એઓબી આપુને યાદ કરસે કે બદમાશ હતા, ઓગરીમ કલબના મેમબર હતા, પીટમદાસ કુંપનીના ડાયરેકટર હતા અને ક્રેડીટ બેંકના મેનેજર હતા પણ ભલા હતા! આય બચ્ચાંઓને રાત દહાડો કેળવણી આપવામાં પટકઇ ઝટકઇ જતાતા અને તેઓપર પ્યાર રાખતાતા! (ત્રણે અખડતા જાય છે.)

દોલી—હવે વીકા, આપરે સઘળા આપણા મુરબીઓ સાથે સદા જોડાઇનેજ રહીશું.

મેહેરાં—ખુદાએ આખરે મારી સબુરીને ફળ આપ્યાં તે ખુદાપરથી હું મરૂં ? (ઓવારણા લેછે.)

જેહાંગીર—ડીયર મેહેરાં, **ખુદાપર સબરના તારા બોલો** ખરા પડયાછ. તે ખુદાને હું તેમ સહુ સર નમાવી તેની દરગાહમાં હમેશાં દોઆ કરશું. [સર્વે નમે છે.]

સમાપ્ત

Published by Mr. Rattanjee Framjee Sethna, Kambala Hill Warhen Road

and

Printed by P. C. Appoo, at The New Art Printing Press, 12-14, Custom House Road, Fort, Bombay.

Sassoon Dock
PARSI DAIRY COMPANY
COLABA.

Pure Milk at the rate of Five Annas per Seer, delivered free at your Home daily.

Ghee for cooking and Butter Ghee always available fresh at Shop.

Til oil and Cocoanut oil sold fresh at all times.

Pure Milk, Butter, Curd, Cream and Butter Milk (Why) sold ready at shop and supplied at your Home according to ORDERS.

Satisfaction Guaranteed: Trial Solicited:

કોલાબા—સાસુન ડોક
પારસી ડેરી કુંપની.

ચોખું દુધ શેર એકનાં પાંચ આને શેર, ઘેર બેઠા પોંહચતું કરવામાં આવશે.

રાંધવાનું તથા માખણનું ઘી હમેશાં તાજું મળશે.

તલનું તેલ તથા કોપરેલ તેલ હરરોજ તાજું મળશે.

દહી દૂધ, માખણ, છાસ, મલાઇ વરદીથી પોંહચાડવામાં આવશે તથા તૈયાર દુકાને મળશે.